॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# જીવનરંગત

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં, જહાંગીરપુરા,
રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫, ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૭૩ | ૧૨૫૦ | ત્રીજી | ૨૦૦૭ | ૨૫૦ |
| બીજી | ૧૯૯૮ | ૧૦૦૦ | ચોથી | ૨૦૧૦ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૩૦ + ૩૩૦ = ૩૬૦

❑ કિંમત : **રૂ.** ૨૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

**(ચોથી આવૃત્તિ)**

પૂજ્ય શ્રીમોટાના સાહિત્યમાંથી જીવનના અત્યંત મહત્ત્વના
વિષયોનું વિષયવાર સંકલન કરીને સ્વજનોને
ઉપલબ્ધ કરાવનાર અને એ નિમિત્તે
પોતાની જાતને સમગ્રપણે પૂજ્ય શ્રીમોટાના
સાહિત્યમાં રંગાયેલી રાખનાર સ્વજન
**શ્રી બાબુલાલ જોઈતારામ રામી**ને
અને તેમનાં સદ્‌ગત ધર્મપત્ની
**શારદાબહેન બાબુલાલ રામી**ને
**'જીવનરંગત'**ની આ ચોથી આવૃત્તિ
સપ્રેમ સમર્પિત કરતાં અમો
આનંદ અનુભવીએ છીએ.

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ,
સુરત

ગુરુપૂર્ણિમા
તા. ૨૫-૭-૨૦૧૦

॥ હરિઃૐ ॥

# શ્રદ્ધાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

## સદ્‌ગત શ્રીમતી નર્મદાબહેન કાંતિલાલ કાંટાવાળાને

(અનુષ્ટુપ)

સદ્‌ભાગ્યે પૂર્વ સંસ્કારે **નર્મદા મા** મળી મને,
જેને સત્કારવા હૈયું તત્પર ભાવથી શું જે ! ૧

સ્ફુરાવવા અભિરુચિ હૈયે **હરિ**-પરત્વની,
સફળ કૈં થવાયું ના, ભાવિની ક્રૂર શી ગતિ ! ૨

સંસારે મોખરે સ્થાન મોભાનું શાં ધરાવતાં !
છતાં તેનું અભિમાન દિલમાં નવ રાખતાં. ૩

ગમે તે કરવા કામ જેને નાનમ ના હતી;
કરકસરથી કેવો સંસાર ચલવ્યો સહી ! ૪

સ્ત્રીસમાજની પ્રવૃત્તિ વિશે ભાગ લીધા કરી,
હળી, ભળી જતાં વાર જેને નહોતી લાગતી. ૫

બગડ્યાનો બળાપો શો એને દિલ થતો હતો !
ખોટા ખર્ચતણો એને અજંપો શો નર્યો થતો ! ૬

બને તેટલું પોતાથી ચાલ્યું સૌ જે કર્યા કરી,
ઘર ચલાવવા યોગ્ય સેવી તત્પરતા વળી. ૭

સિંધ જેવા પ્રદેશે જ્યાં ન્‌હોતી સોબત મુદ્દલે,
નર્યું એકલવાયું ત્યાં લાગતું હતું તે છતે
-ચીવટાઈથી ખંતે તે સાહચર્યની રીતથી,
સંભાળી સૌ લીધું ત્યારે યોગ્ય કુનેહ દાખવી. ૮-૯

કૈં છાવરવું ના જાણ્યું, સ્પષ્ટવક્તા ખરેખરાં,
ને અળખામણાં તેથી થતાં કેટલી વાર શાં ! ૧૦

છતાં નિભાવી લેવાની લાગણી ધારી ધારીને
-નભાવ્યાં કર્યું છે જેણે સંસારને દીપાવવા. ૧૧

છૂપા છૂપા ગુણો જેના કદી બ્હાર પડ્યા નથી,
કોઈએ તે ન જાણ્યા છે, ઘરકર્મે મહારથી. ૧૨

એવી તે **નર્મદા મા**ને હૈયાના ભાવથી કરી,
ભાવ નીતરતે અર્પું શ્રદ્ધાંજલિ સ્તવી સ્તવી. ૧૩

**– મોટા**

॥ હરિઃૐ ॥

# સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

## 'રંગતથી રાજીપો'

આ **'જીવનરંગત'** પ્રગટ થાય છે, એમાં મારે નિમિત્ત બનવાનું થયું એ મારું સદ્‌ભાગ્ય છે. પૂજ્ય શ્રીમોટાના આ પુસ્તકમાંની ગઝલો હરહંમેશ મને પોસ્ટકાર્ડ દ્વારા મળતી હતી. હું એ વાંચતો અને એથી રાજીપો થતો હતો. હવે એ ગઝલો-ભજનો પુસ્તકાકારે પ્રગટ થાય છે ત્યારે મારા દિલમાંની કેટલીક વાતો કહેવાનું મન થાય છે.

મનુષ્યનું જે **જીવ**દશાનું જીવન છે, એમાંથી **શિવ**દશામાં ઊંચે લઈ જવા માટે અનેક પ્રકારની વિચારણા છે. પણ પૂજ્ય શ્રીમોટા જીવનવિકાસ માટે એક નોંધપાત્ર વિચાર રજૂ કરે છે કે **આ** માર્ગમાં જરાય 'Short cut' નથી. પ્રભુનો ભાવ એમ કંઈ સહેલાઈથી પ્રાપ્ત થઈ શકતો નથી. વળી, એ આશીર્વાદ કે કૃપા યાચવાથી પણ મળતો નથી. એ માટે જેણે એ અનુભવવું હોય એણે જાતે જ મથવું રહ્યું. જાતે મથ્યા વિના, મહેનત વિના પ્રગતિ થઈ શકતી નથી. જીવનવિકાસ માટેની આ વાત મને ઘણી જ ઉત્સાહપ્રેરક લાગી છે. અને આ વાત ઘણી જ સરળ લાગતી હોવા છતાં કેટલાક ભ્રમોને ભાંગી પણ નાખે છે.

પૂજ્ય શ્રીમોટાએ જીવનવિકાસના **આ** માર્ગ માટે સ્મરણનો મહિમા ગાયો છે. ભગવાનના નામનું સ્મરણ પણ ભગવાનનો ભાવ અનુભવવાના હેતુ સાથે લેવાવું જોઈએ. અને એ હેતુની સભાનતાથી એ સ્મરણ અખંડ થવું જોઈએ. જો ભગવાનનો ભાવ અનુભવવા માટેની 'ધગધગતા જ્વાળામુખી જેવી તમન્ના' જાગે નહિ ત્યાં સુધી સ્મરણના સાધનમાં અખંડિતતા પ્રગટતી નથી. અને અખંડ સ્મરણ

વિના પ્રભુનો અનુભવ પણ થતો નથી. પૂજ્ય શ્રીમોટાનો આ વિચારભાવ મારા દિલમાં વજ્રલેપ જેવો થઈ ગયો છે. પૂજ્ય શ્રીમોટાની સાધનામાં સ્મરણ મોખરે હતું. અને આજે પણ કેવા સ્વરૂપે છે એનું દર્શન મને થયું એનો ઉલ્લેખ કરવો મને યથાર્થ લાગે છે.

તા. ૨૭મી જાન્યુઆરી, ૧૯૭૩ના રોજ પૂજ્ય શ્રીમોટાનાં આંતરડાંમાં ગંભીર અને અસહ્ય વેદના થવા લાગી. પરિસ્થિતિ એવી કક્ષાએ પહોંચી કે તેઓશ્રીને હૉસ્પિટલમાં ખસેડવામાં આવેલા. ડૉક્ટરો એમના પેટ ઉપર શસ્ત્રક્રિયા કરવાનો વિચાર કરી રહ્યા હતા, એ વેળાની શરીરની વિષમ અને અસહ્ય પીડાકારી સ્થિતિમાં પણ તેઓશ્રીના ચિત્તમાંથી 'શ્રીસદ્‌ગુરુ' વિશે શ્લોકો સ્ફુરતા હતા. એક શ્લોક દૃષ્ટાંત તરીકે નીચે જણાવવાની રજા લઉં છું.

(અનુષ્ટુપ)

**'શ્રીસદ્‌ગુરુતણા જેવી ના કોઈની બિરાદરી,**
**સાથ આપ્યો, દીધો કોલ, વજ્રલેપ બરાબરી !**
**છેડો તો ફાડી નાખીએ એનો તો આપણે કદી,**
**કિંતુ ફાડી ન નાખે છે છેડો તે આપણો કદી !'**

મને તેઓએ એ શ્લોકો પૂરી સ્વસ્થતા અને પ્રસન્નતાથી ઊતરાવેલા. હું આ દૃશ્ય જોઈ દિંગ થઈ ગયો. અખંડ સ્મરણના પ્રભાવથી અને સ્મરણસાધનાની એ અખંડિતતાથી પ્રભુભાવ જાગે છે, ત્યારે શરીર અને આત્મતત્ત્વની ભિન્નતાની સાક્ષીરૂપ સ્થિતિ પ્રાપ્ત થઈ શકે છે. આ પ્રત્યક્ષ દૃષ્ટાંત મારે માટે ખૂબ જ પ્રેરક બની રહ્યું.

પૂજ્ય શ્રીમોટા પોતાના શરીરની આવી વેદનાભરી સ્થિતિમાં જે સર્જન કરે છે, એ એમનાં સ્વજનો પરત્વેનો એમનો એક પ્રકારનો અનુગ્રહ છે, એમ મને લાગે છે. પૂજ્ય શ્રીમોટાના અનુગ્રહની વાત

આવતાં મને અંગત સ્મરણ થઈ આવે છે. સૌ. નર્મદાબહેનના અવસાનના સમાચાર પૂજ્ય શ્રીમોટાએ જાણ્યા કે તરત જ નડિયાદથી તેઓશ્રી મારે ત્યાં પધારેલા અને સ્વ. નર્મદાબહેનના મૃતદેહની નનામીને પોતાનો ખભો આપેલો અને સ્મશાનભૂમિ ઉપર અગ્નિસંસ્કાર વેળાએ પણ તેઓશ્રી ઉપસ્થિત રહેલા. આવે પ્રસંગે પૂજ્ય શ્રીમોટાના આગમનથી નામસ્મરણને એક જબ્બર વેગ પ્રગટેલો. એથી કરીને મૃત્યુના પ્રસંગે દિલમાં શોકનો જે ભાર હોય છે એ હળવો બનીને, સહ્ય બની શકેલો, એટલું જ નહિ પણ આખીય ઘટના જાણે એક પસાર થતી લાગણી હોય એવાં તટસ્થતા અને સાક્ષીપણું અનુભવાતાં હતાં. આ સ્થિતિનો અનુભવ એ પૂજ્ય શ્રીમોટાની કૃપાનું પ્રત્યક્ષ પરિણામ સમજાયું છે. ત્યાર બાદ ૧૩ દિવસ લગી નીચે મુજબની પ્રાર્થના કરવાનું તેઓશ્રીએ શ્રી નંદુભાઈને મારી પાસે મોકલીને જણાવેલું :-

**'ગયેલા આત્માને મનહૃદયથી, આપજે શાંતિ પૂરી,**
**બધી રીતે એનું પ્રભુ, કરવજે સર્વ કલ્યાણ શ્રીજી,**
**બધા જીવો સાથે ગત જીવનમાં જે થયેલો સંબંધ,**
**કરાવી દ્યો એને સહુ તરફથી સાવ નિશ્ચિંત મુક્ત.'**

પૂજ્ય શ્રીમોટાનો આ નિરપેક્ષ પ્રેમ અવિસ્મરણીય છે. તેમની સ્વજનો પ્રત્યેની ચાહના અને માર્ગદર્શનની રીત અનોખી છે.

આવા નિરપેક્ષ અકારણ કરુણાભાવ-સ્નેહભાવમાંથી આ 'ભજનો'-ગઝલો પ્રગટી રહી છે અને એ સ્વજનો માટે પૂજ્ય શ્રીમોટાની પ્રેમપ્રસાદીરૂપ છે.

(ગઝલ)

**'સ્મરણથી ભાવગંગા જે વહેતી શી થયેલી છે !**
**પવિત્ર જ સર્વ જીવનને કરી શી દેતી ગંગા તે !'**

પૂજ્યશ્રીએ સ્મરણ સાધનાથી જે ભાવગંગા વહાવી છે, એ સકળ જીવનને પવિત્ર કરી દે છે. એ સ્મરણ સાધનાનો અભ્યાસ કરતાં કરતાં પૂજ્યશ્રીએ પોતે જે જે અનુભવ્યું છે, એનાં ઘણાં જ સૂચનો આ પુસ્તકની ગઝલોમાં છે. એનો હેતુ એ છે કે જો કોઈ જિજ્ઞાસુ શ્રેયાર્થી આ સાધન કર્યા કરે તો ચડતીપડતી છતાં પ્રગતિ માટે પ્રેરણા અને હૂંફ મળ્યાં કરે. સ્મરણ આમ તો સાવ જ સામાન્ય સાધન જણાય છે, પરંતુ -

**'ભલે નાનકડું સાધન હો, સ્મરણ ને સ્તવન આદિ જે**
**-પરંતુ આચરાતાં તે, મહાશક્તિ બનેલાં છે.'**

સ્મરણ એ જ **મહાશક્તિ** બની રહે છે એટલું જ નહિ, પણ જીવન પણ શક્તિ અનુભવે છે.

**'હરિ ભજવાનું દિલ ઊગ્યું', સ્મરણના તે પ્રભાવેથી,**
**સ્મરણથી કેટલી મોટી, જીવનમાં તો મળી શક્તિ !'**

પણ એ શક્તિનો અનુભવ થતાં પહેલાં જોકે કેટલી મથામણો થતી હોય છે, એ તો જે કરે તે જ અનુભવે. પા પા પગલી કરતાં શરૂઆત થાય છે. છતાં -

**'કદીક ગબડી પડાયું છે, કદીક લથડાયું છે પંથે,**
**કદીક પડતાં જ વાગ્યું છે, છતાં ના યત્ન મૂક્યા છે.'**

ગમે તેવી સ્થિતિમાં પણ હેતુને પામવા કાજેની તમન્ના કેવી પ્રજ્વલતી રહેવી જોઈએ એનો ખ્યાલ આપણને આ ઉપરથી આવી શકશે. જીવનવિકાસની ઊંચી ભૂમિકામાં તો એથીય વધુ વિઘ્નો આવતાં હોય છે.

**'મથાયું જેમ નીકળવા, જવાયું તેમ ઊંડું જે,**
**કળણમાં શું જવાયું છે, મણા જેની ન બાકી છે.'**

**'છતાં હિંમત ન હાર્યો છું, પ્રયુક્તિ યુક્તિ સઘળીએ**
**-જીવન અજમાવી જોઈને લડ્યો કિસ્મતની સંગાથે.'**

પૂજ્ય શ્રીમોટાની સાધનાની આ વિશેષતા જીવનમાં બળ પ્રેરે એવી છે. પુરુષાર્થને મોખરે રાખીને સતત સંગ્રામ ખેલવો અને પ્રારબ્ધને પણ પલટવાનો દૃઢ નિર્ણય રાખવો એ સંકલ્પબળની પ્રતીતિ આમાં થાય છે.

પૂજ્ય શ્રીમોટાએ સ્મરણની આ સાધના દ્વારા સ્મરણભાવની તેમ જ એ પ્રભુભાવની નિરંતરતા સાધવા માટે ગુણ શક્તિની જે સાધના કરી છે, એમાં પણ એમણે કરેલી સમન્વયકલા તદ્દન મૌલિક અને વિલક્ષણ છે. સાધન કર્યા કરવાથી દિલમાં જે ભાવ ઊછળતો, એ જ ભાવને પાછો સાધનમાં ધાર્યા કરવો પછી :-

**'બઢંતાં ભાવ જીવનમાં, બઢ્યાં છે ગુણ ને શક્તિ,**
**નિરંતરનો થવા ભાવ, શું વપરાયાં જ ગુણ શક્તિ.'**

અને આવો ભાવ નિરંતર બને છે, ત્યારે એ પ્રભુભાવ બની રહે છે અને એ પ્રેમભાવે કરુણાભાવે નિકટમાં આવનારને સ્પર્શ કરે છે.

આ દૃષ્ટિએ પૂજ્યશ્રીની આ રચનાઓ એમની પ્રેમપ્રસાદીરૂપ જણાઈ છે. પૂજ્ય શ્રીમોટાનાં અક્ષરસ્વરૂપમાં જો આવો ભાવ ગૂઢ રહેલો પ્રતીત થાય છે, તો પછી એમનાં જાહેર સમાજોત્થાનનાં કાર્યો પાછળ પણ એવા જ પ્રેમભાવનો સંકેત વાંચી શકાય એવો છે.

જીવમાત્ર પ્રભુનો અંશ છે, એમ આપણે સ્વીકારીએ છીએ; એ અંશ જ્યારે પ્રભુનું કાર્ય કરવા તત્પર બને છે, ત્યારે એ પ્રભુના હાથરૂપે વ્યક્ત થાય છે. પૂજ્ય શ્રીમોટા કહે છે, 'મારો હજાર હાથવાળો ભગવાન આ રીતે દર્શન આપે છે.' પૂજ્ય શ્રીમોટા, જે જે કાર્યો માટેના સંકલ્પો કરે છે એ એક પછી એક પૂરા થાય છે. એ જ શ્રદ્ધાની ગતિશીલતા સૂચવે છે. આ રીતે શ્રદ્ધા સંકલ્પોની સક્રિયતાથી જ્ઞાનશીલ

બની રહે છે. પૂજ્ય શ્રીમોટાએ શ્રદ્ધાનાં લક્ષણો વર્ણવતાં કહ્યું છે કે 'શ્રદ્ધા ગતિશીલ, ક્રિયાશીલ અને જ્ઞાનશીલ છે.' સાચું જ્ઞાન તો અનુભવનું જ્ઞાન છે, પણ જો પૂજ્ય શ્રીમોટાની આ પ્રવૃત્તિ પાછળના સંકલ્પના બળને ઓળખી શકીએ તો શ્રદ્ધાની ગતિશીલતા સમજાશે. અને એ શ્રદ્ધાનો વેગ 'હજાર હાથ'માંનો કોક એકાદ હાથ આપણને બનાવીને જ્યારે સક્રિયતા પ્રેરે છે ત્યારે પૂજ્ય શ્રીમોટાની ભાવગંગાની ભીનાશ અનુભવાય છે. આવા અનુભવની સભાનતા જો રહ્યા કરે, તો એવી શ્રદ્ધા પરમ જ્ઞાનમાં પ્રવેશાવવા માટે **મહાશક્તિ**નું કાર્ય કરે. પૂજ્ય શ્રીમોટાની શ્રદ્ધાવિષયક આ પ્રકારની વિચારણા પણ એમના આ લૌકિક દેખાતા છતાં અલૌકિક કાર્યની પાછળ રહેલી છે.

પૂજ્યશ્રીનો આ પરમાર્થ જે રીતનો દેખાય છે, એ કરતાં એની ભીતરમાંની પ્રક્રિયા કેટલી ગૂઢ છે, એ નીચેની પંક્તિઓમાંથી પ્રતીત થશે :-

**'જીવનમાં યજ્ઞ, તપ, દાન સતત ચાલુ રહેલાં છે,**
**સમાયેલાં જ પરમાર્થો બધાં પ્રત્યક્ષ સંગાથે.**

**થયેલી એકઠી શક્તિ બધે વ્હેંચાયેલી રહેવા,**
**તહીં વિકસાવવા પ્રાણ ખરો તે યજ્ઞ જીવનમાં.**

**બધું તે જ્ઞાનપૂર્વક દિલ થતું રહેતાં, ખરું તપ છે,**
**જીવન વહેંચાતી જે શક્તિ, જીવનનું દાન સાચું તે.**

**કૃપાથી પ્રક્રિયા એવી જીવનની શી રહેલી છે !**
**હરિની તે કૃપા કેવી સતત વર્ષ્યા કરેલી છે !'**

આ આઠ પંક્તિની ગઝલમાં પ્રત્યેક શબ્દ ખૂબ જ મહત્ત્વનો અને સૂચક છે. 'જીવન', 'યજ્ઞ', 'તપ' અને 'દાન'ના તેઓશ્રીએ કરેલા અર્થો એમનાં આ બાહ્ય કાર્યો દ્વારા સૂક્ષ્મ રીતે સાર્થક થઈ રહ્યા છે. એ પરમાર્થનું મૂલ્ય કઈ રીતે આંકી શકાય ?

આ અંગેની મારી સમજ અધૂરી છે, એટલે ખોટી પણ હોવાનો સંભવ ખરો, પણ મને પૂજ્યશ્રીની આ 'રંગત'થી જે રાજીપો થયો એ એ જ ભાવે વ્યક્ત કરવો ઠીક લાગ્યો હોવાથી આટલું લખ્યું છે. આ લખવા પાછળનો હેતુ દરેક ભાવ, કે આમ જ સમજવું એવો નથી, પણ પૂજ્ય શ્રીમોટાના શબ્દો ખૂબ જ ઊંડી અર્થ છાયાઓ લઈને આવ્યા છે. એટલી જાગૃતિથી વંચાય અને એમાંથી જીવનનો ઉઠાવ આપવા મથાય તેવા હેતુથી આટલું લખ્યું છે.

મને આશા છે કે પૂજ્ય શ્રીમોટાની આ પ્રકારની ગઝલ રચનાઓનાં આ પુસ્તકો શ્રેયાર્થીઓ માટે ખરા અર્થમાં પ્રેમપ્રસાદી બની રહેશે.

પૂજ્ય શ્રીમોટાને આવા પ્રેમપ્રસાદ બદલ પ્રણામ કરી હું વિરમું છું.

**કાંતિભાઈ કાંટાવાળા**

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

જીવન જ્યારે અમુક ચોક્કસ નિર્ણયાત્મક રીતે અને મરણિયા દૃઢ મક્કમ નિર્ધારથી કોઈ નિશ્ચિત ધ્યેયના હેતુને સફળ કરવામાં જ્યારે સર્વ રીતે અને સર્વ ભાવે સંપૂર્ણ યાહોમ થઈ જઈને, ઝુકાવીને ઝઝૂમવાનું બને છે અને એમ થતાં થતાં ધ્યેયનો હેતુ ફલિત થતો જતો અનુભવાય, ત્યારે જે જીવવાનો આનંદ છે, એમાં જે ઉત્સાહ છે, એમાં જે દરિયાની ભારે ભરતીનાં મોજાંના જેવો ઊછળતો હર્ષનો જે ઉન્માદ પ્રગટે છે, તેમાંથી ફલિત થતી જતી જીવનની કોઈ અનોખા પ્રકારની મૌલિક નવપલ્લવિતતા અનુભવાય છે, ત્યારે આપણે પોતે દ્રષ્ટા હોઈને તે નીરખી પણ શકીએ. ત્યારે નિર્માતા, દ્રષ્ટા, ભોક્તા વગેરે વગેરેપણાનો જે કોઈ અવર્ણનીય, અકથ્ય, અગમ્ય એવો જે કોઈક રસીલો આનંદ પ્રગટે છે, તે આનંદથી જીવન સભર થઈ જાય છે. એવાં રસભરેલાં જીવનની રોનક કોઈ ઓર છે, અનુપમ છે. એવી કોઈ ભવ્ય, દિવ્ય રોનકનું નામ રંગત પણ કહી શકાય ખરું.

આદિમાનવથી તે આજ સુધીના કાળમાં માનવજીવનને સુખ અને આનંદનો વિચાર કાયમ રહ્યા જ કર્યો છે, કારણ કે તે જીવનની સાથે જ છે, જીવનથી અલગ આનંદ હોઈ શકતો નથી. સમાજના કેટલાક માણસોનો તેવો આનંદ અખંડ, એકધારો, સતત અને મૌલિક કેમ ટક્યા કરે અને જીવતો રહ્યા કરે અને તેની ધોધ જેવી મસ્તીમાં કેમ જિવાયાં જવાય તે વિશે ઘણું ઘણું વિચારાયું તો હશે જ. એવા અખંડ આનંદની પ્રાપ્તિ કેવાં કેવાં સાધનોથી થાય તેના એકધારા અખંડ અભ્યાસમાંથી જીવનની ઊર્ધ્વતમ કેવી કેવી ભાવનાઓ પ્રગટે અને તેથી હાલનું જીવદશાનું જીવન જે જિવાતું હોય છે તેમાંથી કેવા

પ્રકારનો જીવનનો પલટો થાય કે જેનો આનંદ એક પળવાર પણ વિચ્છિન્ન ન થઈ શકે. એવું જીવન વાસ્તવિકપણે શક્ય છે કે કેમ, અને જો હોય તો કેવી રીતે તે પ્રાપ્ત થાય તેનો પણ વિચાર દુનિયામાં પ્રચલિત એવા ઘણા ધર્મોએ કરેલો છે. એવું જીવન અનુભવવાને માટે હાલના જીવદશાવાળા જીવનનો પણ ત્યાં વિચાર થવો ઘટે. હાલનું જે જીવન પ્રકૃતિથી મહત્ત્વપણે પ્રેરાયેલું રહે છે અને તેમાંથી અનેક પ્રકારના રસો નિષ્પન્ન થતા હોય છે અને એવા રસનો પણ આનંદ છે, પરંતુ એ આનંદ એક તો અખંડ પણ હોતો નથી અને મૌલિક પણ હોતો નથી. એટલે એવા થોડીક ક્ષણો ટકતા એવા થતા આનંદના અનુભવમાંથી અખંડ આનંદ કેમ કરીને પ્રાપ્ત થઈ શકે અને એવો આનંદ અખંડ, સહજ, સતત અને મૌલિક અને છતાં પાછો એકધારો હોય અને જે ક્ષણવાર પણ વિચ્છિન્ન ન થતો હોય તેવા પ્રકારના આનંદને માટે માનવીનું મન તલસતું અને તડપતું થયું હશે. અને એ વિચારમંથનની કે ચક્રમણની પ્રક્રિયામાંથી એવો આનંદ મેળવવા માટે કે અનુભવવા માટે સાધનાઓના પ્રકારોની શોધખોળ થઈ હશે.

હાલના જીવદશાવાળા જીવનમાં જે પ્રકૃતિ છે અને તે પ્રકૃતિ એટલે **द्वंद्व** અને **गुण**. **द्वंद्व** એટલે એકબીજાથી વિરોધના સામસામી બાજુના ગુણનું ચોકઠું. જેમ કે સુખદુઃખ, પ્રકાશઅંધકાર, પાપપુણ્ય, નીતિઅનીતિ વગેરે વગેરે. અને **गुण** એટલે સત્ત્વ, રજસ અને તમસ. પ્રકૃતિની આવી રચનાને કારણે અનેક વાર સંઘર્ષણો થયા જ કરે છે, અને સંઘર્ષણો થયા કરે છે તેથી જ તેને સમજવાનું અને વિચારવાનું બને છે. સરળ, શાંત, કંઈક કશું ખટક્યા વિનાની સુખદ સ્થિતિ હોય ત્યારે માનવીને વિચારવાનું થતું હોતું નથી, પણ સુખદુઃખાદિ દ્વંદ્વને કારણે સંઘર્ષણ, અથડામણ, ક્લેશ, અશાંતિ, મૂંઝવણ, ગૂંચવણ, વિઘ્ન, કોયડા, પ્રશ્નો વગેરે વગેરે જીવનમાં અનેક વાર પ્રગટતાં જ

હોય છે. અને ત્યારે માનવીનું મન તેના ઉપાય પણ ખોળે છે. આવું બધું હોવા છતાં ત્યારે માનવીનું મન સંપૂર્ણ સ્વસ્થ, તટસ્થ, શાંતિવાળું, સમતા ધારણ કરવાવાળું અને પોતે પોતાનું સાક્ષી રહી શકે એવાં એનાં મનાદિકરણ હોય તો કેવું સારું ! એમ પણ માનવીને થયું હશે. અને એવા વિચારમાંથી પણ એવી સ્થિતિ અનુભવવાને માટે માનવીએ શું શું કરવું કે જેથી કરીને પોતે તેવો થઈ શકે. જીવનને શાંતિમાં નિરામયપણે જીવવાને માટે માનવીએ આદિકાળથી આજ સુધીમાં અનેક પ્રયોગો કર્યા છે. જુદા જુદા કાળના તબક્કાઓમાં એવા પ્રયત્નની અનંત હારમાળાઓ પ્રગટેલી છે, પરંતુ એના ઈતિહાસ નોંધાયા નથી.

ઉચ્ચતમ, ભવ્ય, દિવ્ય જીવનનો વાસ્તિવક હકીકતવાળો અનુભવદશાનો ખ્યાલ એ માત્ર ખ્યાલ નથી, પરંતુ પ્રત્યક્ષ એ પ્રકારનું જિવાતું જીવન છે અને તે કેવો હોઈ શકે તે વિશે દુનિયાની બધી સંસ્કૃતિઓમાં તેના વિશેનું વર્ણન લખાયેલું છે. જેમ કે વેદ, ઉપનિષદ વગેરેમાં. તેમાં રીતો પણ છે, સાધન પણ છે અને અભ્યાસની હકીકત પણ છે, પરંતુ ક્યાંય એવા જીવનને પ્રાપ્ત કરવાને માટેના પ્રત્યેકે લીધેલા જુદા જુદા ઉપાયો અને તેની રીતો અને તેનો અભ્યાસ અને તેમાંથી ફલિત થતાં જતાં પરિણામો એ બધાનો ઈતિહાસ કોઈક ઠેકાણે હશે તો જાણમાં આવ્યો નથી.

હાલનું જીવદશાનું જિવાતું જીવન અનેક પ્રકારનાં મંથનોવાળું તો છે જ. એમાં અનેક પ્રકારના ખંડિત, ખંડિત દર્શન, અનુભવ છે. સતત મથવું એ તો જાણે જીવદશાના જીવનમાં એકધારું વણાઈ જ ચૂકેલું છે. પ્રત્યેકના જિવાતા જીવનની તે એક ખાસ મુખ્ય હકીકત છે, અને એવું દરેકને જાણેઅજાણે મથવું જ પડે છે. તેમાંથી કોઈ મુક્ત નથી. તે મથવાનું પરિણામ અને મથવું જેમ યદ્વાતદ્વા છે તેમ પરિણામ પણ યદ્વાતદ્વા છે. કોઈક વાર કોઈક હેતુને માટે કોઈ નિર્ણિત પ્રકારનું મથવાનું બને છે ખરું. ત્યારે તેમાં સતત એકધારું તેમાં ને તેમાં જ

રહેવાયા જવાય એવું કોઈક નિશ્ચયાત્મક દિલદિલનું આકર્ષણ જન્મેલું હોતું નથી. જીવનમાં કોઈક મૌલિક અનોખા એવા જીવન જીવવાને માટે જ્યારે જ્વાળામુખીના જેવી ધગધગતી જિજ્ઞાસા મનાદિકરણમાં બળ્યા કરતી હોય છે ત્યારે તેવી જિજ્ઞાસાના પ્રવાહની ગતિમાંથી માનવીને એવા પ્રકારનું સતત એકધારું મથવાપણું બને છે. પોતે જે પ્રકારનું જીવન અનુભવવા માગે છે તેને માટે તેના મનાદિકરણમાં આગ જેવો તો તલસાટ હોય છે. અને એવો તલસાટ કદી બુઝાતો નથી. એવો એના હૃદયનો અખંડ તલસાટ તેને સતત એક જ દિશામાં મથાવ્યા કરે છે. એવું મથવાનું પણ કોઈ નિશ્ચિત ચોકઠાના પ્રકારનું હોતું નથી. એવું મથવું એ પણ મૌલિક છે. જીવદશાનું જીવન એટલે કે દ્વંદ્વ અને ગુણવાળું, અને આપણે તો અનુભવવું છે દ્વંદ્વાતીત અને ગુણાતીત જીવન. એવા જીવનનો મૌલિક અનુભવ થવાને માટે **દ્વંદ્વ** અને **ગુણ**થી ઊર્ધ્વ પ્રકારનું જે જીવન છે, તે જીવનનું તાદૃશ પ્રતીક તરીકેનું કોઈક એક દર્શન આપણી સન્મુખ સતત ને સતત જીવતુંજાગતું તરવર્યા કરે, અને એ પરત્વેની જ દિશામાં એનાં મનાદિકરણ પ્રવર્ત્યા જતાં હોય ત્યારે એને કોઈ અજાણ્યા, અગમ્ય અને અગોચર એવા પ્રદેશની ભૂમિકામાંથી જે અવલોકવાનું પ્રાપ્ત થાય છે, અને તેમાંથી તેનાં મનાદિકરણનો નવો પ્રદેશ પણ સાંપડતો જતો હોય છે. અને એમ એ અંધારામાંથી અજવાળા તરફ ધીરે ધીરે પગલાં માંડતો જતો હોય છે. એવા પ્રદેશમાં પણ તેની તેની મુશ્કેલીઓ, અથડામણો, સંઘર્ષણો વગેરે વગેરે તો છે જ. જે જીવને ધ્યેયને હાંસલ કરવાની ભડભડતા અગ્નિના જેવી લગની અને રસ પ્રગટ્યાં છે અને જે જીવન પ્રાપ્ત કરવાની જેને ગરજ અને સ્વાર્થ લાગ્યાં છે કે જે ગરજ કે સ્વાર્થને કોઈ સીમા નથી. એવો તે જીવનો તલસાટ ઘડીભર પણ રાહ ખમવાને તત્પરતાવાળો નથી. એવા પ્રકારના માનવીનાં મનાદિકરણો પોતાના અનુભવપ્રદેશની નવી ને નવી ભૂમિકાઓમાં

પ્રવેશવા જતાં જતાં એને જે અવરોધ નડે છે, તે અવરોધને તરી પાર થવાને માટે ઉપર જણાવી તેવા તેનાં મનાદિકરણની હકીકત તેમાંથી તેને તારવી લે છે. તેમાંથી તેને નવું નવું સૂઝ્યા કરે છે અને એમ એનો પંથ આગળ ધપ્યે જાય છે.

આ જે જીવદશાનું જીવન છે તેને તે જ પ્રકારનું જો માનવીનાં મનાદિકરણ વિચારવાનું કર્યા કરે તો તેવો માનવી તે જ પ્રકારના જીવનમાં રહ્યા કરે. પોતાને જે પ્રકારનું જીવન જીવવું છે, જે ઊર્ધ્વતમ, અનુપમ, ભવ્ય અને દિવ્ય ચેતનાના પ્રદેશની તેને જે ઉત્કટમાં ઉત્કટ લગની છે, તેને હાલ ને હાલ તો તે અનુભવી શકતો નથી. પરંતુ તે ઊર્ધ્વ પ્રકારના જીવનનો તાદશ ખ્યાલ આવી શકે તેવા પ્રકારનું પ્રતીક તે પોતાની સામે સતત એકધારું રાખી શકે છે. અને એમ થતું હોય તો જ અખંડ, સહજ અને મૌલિક આનંદની પ્રાપ્તિ થવા માટેની વાસ્તવિકતા સાંપડી શકે. આવા ઊર્ધ્વ, ભવ્ય અને દિવ્ય પ્રકારના જીવનને માટે આદિકાળથી માનવીએ શોધ કર્યા જ કરી છે અને આજે પણ એ શોધખોળ ચાલુ જ છે.

એવું જીવન જીવવાને માટે શ્રીહરિકૃપાથી **आ जीव**ને કોઈ અણધાર્યો, ઓચિંતો ધક્કો વાગ્યો. એ ધક્કાએ મને જીવદશાના જીવનમાંથી ચેતનાના પ્રદેશનું જીવન જીવવા માટે પ્રેરાવ્યા કર્યો તેની પણ રસિક કથની છે. તેથી તો મેં મારાં પુસ્તકોનાં નામ '**जीवन**'થી શરૂ કરેલાં છે.

મથતાં મથતાં જ્યારે મથવાની સ્થિતિમાંથી ફલિત થતા જવાની ભૂમિકા પ્રગટે છે અને એ ફલિત થયા જવાની સતત, અવિચલ એવી જે મૌલિક ગતિ જીવનમાં જે એકધારી ચાલી જ રહેલી છે તેમાંથી જીવનમાં જે ગૌરવ અનુભવાય છે, જીવનનું જે મહત્ત્વ સમજાય છે, જીવનની જે અલૌકિકતા અને જેમાં ને તેમાં જીવનની રહસ્યમય ઘટનાઓનું વારંવાર જે પુનરાવર્તન થતું હોય છે તેમાં તેવા પ્રકારના

જીવનની જે ગૂઢ લીલા છે, જે ગૂઢ રહસ્ય છે, તેના વડે કરીને પેલો શ્રેયાર્થી તો ઓર આકર્ષાતો હોય છે. આ ચેતનાના પ્રદેશને માર્ગે એવાં આકર્ષણ પમાડનારાં, ધક્કો દેનારાં, પ્રેરણા પાનારાં, અને તે અનુભવ પ્રદેશોમાં પ્રવેશ પામવાને માટેના નવા નવા પુરુષાર્થની પ્રત્યક્ષ વર્તનકળાનું દર્શન પણ કરાવે છે. કોઈ નિશ્ચિત ધ્યેયને માટે નિર્ણયાત્મક અને નિશ્ચયાત્મક એકરાગપણાથી સતત મથ્યા કરવાનું જે બને છે, તેમાંથી તેને નવા નવા ઉપાયો પણ મળ્યા કરે છે, તેવો ઘણાનો અનુભવ છે.

પ્રકૃતિના એક જ પ્રકારના વલણમાં અને વર્તનમાં જડસુ બની ગયેલાં મનાદિકરણોને આવા ઊર્ધ્વતમ પ્રદેશમાં મથાવવાને કારણે એને ત્યાં કોઈ નવી દિશા મળે છે. મનાદિકરણનું સ્થગિત થઈ ગયેલું વલણ બદલાવા માંડે છે, તે પણ કોઈ નવાં પ્રકારનાં બનતાં જતાં હોય છે. જેમ તેમનો પ્રદેશ નવો છે, જેમ તેમને અનુભવવાની ભૂમિકા નવી ને નવી પ્રાપ્ત થતી જાય છે અને તે તે બધું ભગવાનની કૃપાથી સતત થતું જતું હોય છે, તે તે વેળા અનેક એવા અણકલ્પ્યા એવા પ્રદેશોની ભૂમિકા પ્રત્યક્ષ વર્તમાન થતી જતી હોય છે ત્યારે મનાદિ-કરણની સ્થિતિ પણ બદલાયા કરવાની સ્થિતિમાં જ પ્રગટતી રહે છે. આવી એક પ્રકારની સતત પલટાયા જવાની પ્રક્રિયામાં શ્રેયાર્થીનાં મનાદિકરણો પ્રવર્ત્યા કરતાં હોય છે. એમ થતાં થતાં એને નવા જીવનની ઝલક થવા લાગે છે. અને એવી શરૂ શરૂમાં તો આછીપાતળી ઝલકનો અનુભવ થાય છે ત્યારે પેલા શ્રેયાર્થીનાં મનાદિકરણ તો આખું અનુભવવાને માટે કેટલાં બધાં તલસાટવાળાં થતાં જતાં હશે તે સામાન્ય માનવીની બુદ્ધિને પણ ખ્યાલમાં આવી શકે તેવું છે. આમ, શ્રેયાર્થી નવા નવા અનુભવોના પ્રેરણાના ધક્કેલાથી આગળ ને આગળ ખસેડાતો જતો જ હોય છે. એક સ્થિતિમાં તે સલામત પડી રહી શકતો નથી. એવી અનેક સલામત સ્થિતિઓ ભલેને અનેક વાર આવે

પરંતુ તેનો ઉત્કટમાં ઉત્કટ તીવ્ર ઉચાટ તો તે તે સલામત સ્થિતિથી કોઈ પરના પ્રદેશનો છે અને એને લીધે જ તે તેવી તેવી સ્થિતિમાં પડી રહી શકતો નથી. એવા કારણથી જ હાલના જીવદશાવાળાથી જે હાલના જીવદશાવાળા જીવનને ચેતનાના પ્રદેશનો અનુભવ થવા માટે જે અગ્નિના જેવી ઉત્કટ જિજ્ઞાસા પ્રગટે છે, તેવા પ્રકારની જિજ્ઞાસા જ પેલા જીવને પેલી સ્થિતિસ્થાપકતાની સ્થિતિમાં ને સ્થિતિમાં પડી રહેવા દેતી નથી. મતલબ કે તેને તેનાથી ઉચ્ચ પ્રકારની સ્થિતિ માટે પ્રેરાવ્યા કરે છે. આમ, શ્રેયાર્થી મથતાં મથતાં અનેક જુદા જુદા અનુભવ પ્રદેશોમાં પ્રવેશ પામે છે અને તે તે પ્રદેશની રોનક અને ભભકથી તે ઓર આકર્ષાય છે, પરંતુ તેની જિજ્ઞાસા તો કોઈ એવા થતા જતા અનુભવોથી કોઈ ઉત્તરોત્તર ચડતાં જતાં એવાં શિખરોની ઉપર એની દૃષ્ટિ તો કોઈ વેધક અને સક્રિયપણે મંડાયે રહ્યા જ કરતી હોય છે. તેથી, તે સતત વર્તમાનકાળમાં જ જીવે છે અને તેથી તે સતત ગતિશીલ છે અને ગતિનું વલણ પણ હંમેશાં જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાંથી કોઈ ઊર્ધ્વતમ ભૂમિકાઓમાં પ્રવેશાયા જતો હોય છે. આમ, એની ગતિ કદી અટકતી નથી. એનું કારણ પણ એની એવા પ્રકારની જિજ્ઞાસા જ છે. તેથી, હાલના જીવદશાવાળા જીવનને પલટાવવાને કાજે અગ્નિના જેવી ભડભડતી અને બળબળતી જિજ્ઞાસા જ એક હકીકતરૂપ છે. એવી જિજ્ઞાસા જીવતીજાગતી ચેતનાત્મકપણે સક્રિય થયેલી જ્યાં છે ત્યાં જ આગળ ને આગળ વિકાસ છે. આ હકીકતનું પ્રત્યક્ષ અનુભવદર્શન ભગવાનની કૃપાથી મને સજ્જડ ચોંટી ગયેલું છે. તેથી તો **હરિ**કૃપાથી **'જિજ્ઞાસા'** ઉપર જિજ્ઞાસાનું શાસ્ત્ર મારાથી લખાયું છે.

આવા સહજ મૌલિક અનુભવ પ્રદેશના પ્રદેશોમાં પ્રવેશાતાં જતાં જે અનુભવાયું તેની તાદૃશ અનુભવાત્મક જે હકીકતો છે, તે પરત્વેનાં આ બધાં ભજનો છે. **શ્રીહરિ**કૃપાથી આ જીવનમાં રંગત જાગેલી છે તેવા કારણથી જ આ પુસ્તકનું નામ **'જીવનરંગત'** આપ્યું છે.

આ કોઈ કાવ્ય નથી. એને તો હું જોડકણાં ગણું છું. સરળમાં સરળ જે તે બધું હોય અને જે સામાન્ય માણસને પણ સમજણ પડે તેવા પ્રકારનું હોય, અને જીવદશાવાળા સામાન્ય માણસની બુદ્ધિને પણ તે સ્પર્શે અને તેનાથી તે સમજાય તેવું હોય તેવું સહેલામાં સહેલું લખવું એને હું ધર્મ સમજ્યો છું. વિષય ભલે ગહન હોય છતાં જિજ્ઞાસા જ્યારે તેનાં પલટાતાં જતાં સ્વરૂપમાં ઊર્ધ્વ ભૂમિકામાં પ્રગટ્યા જતી હોય ત્યારે તેવી જિજ્ઞાસા બુદ્ધિને સ્પર્શીને તેવા તેવા અનુભવ પ્રદેશની સમજણને વ્યક્ત કરવાને સમર્થ બને છે, તેવા પ્રકારનો મારો આ જેવો તેવો પ્રયત્ન છે. સદ્‌ભાવી સજ્જનો અને શ્રેયાર્થી એને સત્કારશે એવી શ્રદ્ધા રાખી વિરમું છું. બાકી, વ્યક્તત્વની દૃષ્ટિએ, સાહિત્યનાં લખાણોની દૃષ્ટિએ ઘણી ઘણી અધૂરપ છે. કુશકા કુશકા ફેંકી દે અને સારતત્ત્વ ગ્રહણ કરી લે એવી શ્રેયાર્થીઓને મારી પ્રાર્થના છે.

આટલાં બધાં ભજનો માત્ર થોડા જ દિવસોમાં લખાઈ ગયાં છે. સતત એકધારાં તે સ્ફુર્યાં કરતાં. ક્યાંય લખતાં ચેકો પડ્યો નથી કે તેવી રીતે તેને સુધારવા કે મઠારવાનું બન્યું નથી. જેમ જેમ સ્ફુરાયા ગયું, તેમ તેમ લખાયા ગયું છે.

આ સાથે નીચે આ **'જીવનરંગત'**ના પ્રસાદરૂપ તેનાં ભજનોમાંની થોડીક કડીઓ શ્રેયાર્થીઓના આસ્વાદ માટે મૂકું છું :-

(ગઝલ)

બધું જે રેડિયો બોલે બધું તે તે અવરનું છે,
ન સમજણ નિજની કોઈ કશી તે રેડિયોમાં છે.

જીવન **આ** માનવી વિના બીજી યોનિ વિશે **હરિ**ને
-અનુભવવા ન લાયક તે હકીકત સત્ય પ્રીછી છે.

રસાનંદ જ જીવનકેરો શું વાચાથી અકથનીય છે !
વિના મહાલ્યા જીવનમાં તે ન તેનો ખ્યાલ આવે છે.

કલમ હું ખાલી માત્ર જ છું, કશું ડહાપણ ન મુજમાં છે,
કશુંક નીતરતું લાગે જો બધું તે તે **હરિ**નું છે.

જીવનનાં નૂર ને શક્તિ સ્મરણથી શાં મળેલાં છે !
સ્મરણનો મેં પ્રયોગાત્મક અનુભવ તો કરેલો છે.

કટાક્ષે શા કૃપાકેરા ઉપાધિ, આધિ, વ્યાધિ તે
-જીવનની શી ઊડી ગઈ છે ! બલિહારી સ્મરણની તે.

અનંતાનંત જીવન છે અનુભવથી પિછાણીને
-કળા જીવનની શી જુદી જુદી પરખાતી આવે છે !

જીવન જે શક્તિથી ચાલે, ગતિ જે શક્તિથી જન્મે,
જીવન તે શક્તિ અનુભવવા જીવનનો માત્ર હેતુ છે.

દિવસ કે રાત ના નીરખે ગરજ ઊંધું જ ઘાલીને
-સતત મથાવવાકેરો જીવનનો યજ્ઞ ચલવે છે.

ગરજ સંપૂર્ણ સાવધ છે, ગરજ ના લક્ષ ભૂલે છે,
ગરજ નિજનું ન ચૂકે છે, ચકોર સહુ દિશાથી છે.

મુસીબત, વિઘ્ન, મુશ્કેલી, જીવનના કોયડા વચ્ચે
-જીવન જીવવાની શી ખૂબી કળા અનુપમ અનોખાં છે !

જીવન ઉત્પાતની વચ્ચે હૃદય મર્દાનગી ઊછળે,
જીવન જીવવાની તે મસ્તી ઊછળતા ધોધ જેવી છે.

પ્રકૃતિ દ્વંદ્વગુણથી જે રચાયેલી ખરેખર છે,
થતાં સંઘર્ષણો જેથી સમજ નૂતન ઉગાડે છે.

અનંત જ કાળથી કેવો **પુરુષ**ને પ્રકૃતિ સાથે
-જીવનસંબંધ નૈસર્ગિક પરસ્પરથી ઉભયને છે.
થયેલું પ્રકૃતિથી જે **પુરુષ**ને તેનું બંધન ના,
પ્રકૃતિથી નિરાળો છે મુલક **પુરુષ**નો રચનામાં.

ત્રિગુણાત્મક પ્રકૃતિ છે, પ્રકૃતિ દ્વંદ્વગુણની છે,
**પુરુષ** ગુણ દ્વંદ્વથી પર છે, **પુરુષ** ચેતન સ્વરૂપે છે.

હૃદયમાં ભાવ, આનંદ સભર રસથી છલોછલ છે,
જીવન તે મહાલવાકેરી કૃપાની કેવી બક્ષિસ છે !

હરિઃૐ આશ્રમ, **- મોટા**
નડિયાદ.
તા. ૨૨-૧-૧૯૭૩

॥ હરિ:ૐ ॥

# નિવેદન

(પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ તેમના સાધનામાર્ગનાં દર્શન કરાવતી અનેક ગઝલો આલેખી છે. જેમણે તેમના સાધના માર્ગની આ ગઝલો વાંચી હશે તેઓ જોઈ શકશે કે તેમણે તેમની સાધના સંસારવહેવારમાં રહીને કરેલી છે. સંસારવહેવારની તેમની ફરજો તેમણે પૂરેપૂરી અદા કરી છે અને તેમ છતાં તેનાથી અલિપ્ત રહીને તેમની સાધનાધારાને કદી મંદ પડવા દીધી નથી, બલકે જ્યારે એવી વેળા આવી છે ત્યારે તેનાથી જાગૃત થઈને શી રીતે વર્તવાનું બને તો સાધનામાં જોશ આવે અને તે વેગીલી થાય તે પ્રમાણે વર્તવાનું કર્યું છે. તેથી જ તેમની સાધનામાર્ગની ગઝલોમાં તેમનાં જોશ અને જોમ સચેતન થયાં છે. અને શ્રેયાર્થીને તે પ્રેરણાદાયક અને પથપ્રેરક બને છે.

આધ્યાત્મિક માર્ગના ઉચ્ચ પ્રદેશોએ પહોંચવા માટે તેમણે ભજન, કીર્તન, પ્રાર્થના, સ્મરણ આદિ જે સાધન કર્યાં અને તેમાં ગરજ, હુકમ, કૃપા, ચરણ વગેરેના ભાવથી તેમની સાધના કઈ રીતે જીવંત થઈ તે આ અગાઉનાં પુસ્તકોમાં પ્રસિદ્ધ થયેલી ગઝલો ઉપરથી શ્રેયાર્થીને જાણવા મળશે.

જો **જીવ**થી ખરેખરી સાધના થઈ હોય તો તેમાં કેવી કેવી રંગતો આવે છે, તેની ગઝલો પૂજ્ય શ્રીમોટાએ આ **'જીવનરંગત'** પુસ્તકમાં લખી છે. **જીવ** સાધનાનિષ્ઠ થયો એટલે તેનું કામ પૂરું થઈ ગયું એવું નથી. ચેતન ગતિશીલ છે અને તે કશી પણ રુકાવટ વિના તેની ગતિ અવિરત ચાલુ રાખે છે તેમ ચેતનાનિષ્ઠ થયા પછી **જીવ** પણ એ જ દશામાં મુકાઈ જાય છે અને નિમિત્તસંજોગે તેને જે કંઈ કરવાનું હોય તે કરતો જ રહે છે. તેનો ઈશારો પણ આ 'જીવનરંગત'ની ગઝલોમાંથી શ્રેયાર્થીને જોવા મળશે. એ રીતે આ 'જીવનરંગત' પુસ્તકમાંથી જો શ્રેયાર્થીને તેના

સાધનામાર્ગમાં યત્કિંચિત્ પણ માર્ગદર્શન અને પ્રેરણા મળશે તો પૂજ્ય શ્રીમોટાએ લીધેલો લેખનશ્રમ અને તેનું પ્રસિદ્ધિકાર્ય સાર્થક થશે.

આ પુસ્તકની ગઝલોને સુવાચ્ય અક્ષરોમાં નકલ ઉતારવાનું કામ વડોદરાવાળા ભાઈશ્રી નાગજીભાઈ પટેલે પૂરા ઉત્સાહથી કર્યું છે અને તેની ખંડવાર ગોઠવણી પણ તેમણે કાળજીપૂર્વક કરી છે. પ્રેસની હસ્તપ્રત તૈયાર કરવાનું કામ ભાઈશ્રી સોમાભાઈ ભાવસારે કર્યું છે. તેઓ બંને પૂજ્યશ્રીના એટલા નજીકનાં સ્વજનો છે કે તેમનો શાબ્દિક આભાર માનવો અસ્થાને ગણાશે. તેમણે સ્વેચ્છાએ સ્વીકારેલા આ કાર્ય અને તે પરત્વે દર્શાવેલા ભાવની અમે કદર કરીએ છીએ.

પૂજ્યશ્રીનાં પુસ્તકોમાંથી થતી આવક જનકલ્યાણનાં કાર્યોમાં જ વપરાય છે, તેનાથી હવે સૌ સુપરિચિત છે. એટલે જનકલ્યાણનાં કાર્યો પરત્વે જેમને રસ હોય તેઓ સૌ આ પુસ્તકોનાં વેચાણમાં સહાયરૂપ બનીને જનકલ્યાણનાં કાર્યોમાં મદદરૂપ થશે એવી અપેક્ષા રાખીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાએ જ્યારે **'જીવનઅનુભવગીત'**થી તેમની સ્વાનુભવવાણીની ગઝલો શરૂ કરી ત્યારે એકવાર શ્રી કાંટાવાળા સાહેબે તેમને કહ્યું, 'મોટા, તમારી સ્વાનુભવવાણીની ગઝલો લખવાનું બંધ કરશો નહિ. તેની પ્રસિદ્ધિનું કાર્ય તો થઈ જશે.' અને ત્યારે તેમણે 'જીવનસ્મરણ' પુસ્તક પ્રસિદ્ધ કરવાનું અને તેના વેચાણની વ્યવસ્થા પણ તેમણે સ્વીકારેલી છે. આ 'જીવનરંગત' પુસ્તકની જવાબદારી પણ તેમણે તે રીતે સ્વીકારી છે. આ રીતે જાણેઅજાણે પણ પૂજ્યશ્રીની સ્વાનુભવવાણીની ગઝલોના લેખનમાં શ્રી કાંટાવાળા સાહેબ નિમિત્ત બન્યા છે, તે અમારા માટે આનંદની બિના છે.

દર વખતની જેમ આ વખતે પણ મે. લાઈટ પબ્લિકેશન્સ લિ. વડોદરાએ ત્વરાએ આ પુસ્તક છાપી આપ્યું છે, તે માટે અમે તેમના ખાસ આભારી છીએ.

હરિઃૐ આશ્રમ, **નંદુભાઈ**
નડિયાદ. મૅનેજિંગ ટ્રસ્ટી
તા. ૧૨-૧-૧૯૭૩

॥ હરિઃૐ ॥

# નિવેદન

(બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ એમના આધ્યાત્મિક અનુભવોને જે રૂપમાં વ્યક્ત કર્યા છે તથા જેમાં એમની સાધનાનો ઈતિહાસ છુપાયેલો છે એવી ગઝલોના ૧૯ સંગ્રહો પૈકીનો ‘જીવનરંગત’ સંગ્રહ પચીસ વર્ષ પછી પુનર્મુદ્રણ કરતાં આનંદ થાય છે. આ પ્રકારનાં પુસ્તકો શ્રેયાર્થીને પોતાના જીવનવિકાસમાં અત્યંત સહાયરૂપ બને એવાં છે. એ તો જે એ માર્ગે ચાલતો હશે તેઓને સમજાયા વિના રહેશે નહિ.

પૂજ્ય શ્રીમોટાએ તેમના સાધના કાળના જીવનમાં **‘જીવનઅનુભવગીત’**થી ગઝલો લખવાની શરૂ કરી અને પછી તો એક પછી એક એવા ૧૯ સંગ્રહો ગઝલોમાં લખાયા. ‘જીવનરંગત’ પણ આ સંગ્રહોમાંનો એક સંગ્રહ છે. શ્રીમોટાએ ‘જીવનરંગત’માં **જીવ**થી ખરેખરી અને શ્રદ્ધાપૂર્વક જો સાધના થઈ હોય અને તે સાધના દરમિયાન **જીવ**માં કેવા પ્રકારની જુદી જુદી રંગતો આવે છે તેની ગઝલો દ્વારા છણાવટ કરેલી છે.

આ પુસ્તક છપાવવા માટે આર્થિક સહયોગ આપનાર શ્રી અતુલભાઈ ઇંદ્રવદનભાઈ લેખડિયાના અમો આભારી છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય અત્યંત ચીવટથી અને ભાવપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. તેમના સહકારની અમે કદર કરીએ છીએ.

આ પુસ્તકની ટાઇટલ ડિઝાઇન આકર્ષક રીતે કરી આપવા બદલ શ્રી મયૂરભાઈ જાનીનો પણ અમે આભાર માનીએ છીએ.

આ પુસ્તકના ટાઈટલને ચાર કલરમાં છાપી આપવા બદલ સાહિત્ય મુદ્રણાલયના નિયામકો શ્રી શ્રેયસભાઈ પંડ્યા તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાનો અમે ખૂબ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં આ પ્રકારનાં પુસ્તકોને આવકારવા બદલ અધ્યાત્મરસિક ગુજરાતી પ્રજાને ધન્યવાદ પાઠવીએ છીએ.

હરિઃૐ આશ્રમ, **સી. ડી. શાહ**

નડિયાદ. મૅનેજિંગ ટ્રસ્ટી

તા. ૯-૯-૧૯૯૮

॥ હરિઃૐ ॥

# નિવેદન

(ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ સંસારવહેવારની પોતાની ફરજો પૂરેપૂરી અદા કરવાની સાથોસાથ જે સાધનો દ્વારા સાધના કરી તેનું **'આત્મકથન'** ગઝલો દ્વારા વ્યક્ત કર્યું છે. **'જીવનઅનુભવગીત'**થી આ સાધના કથાનો આરંભ થયેલો છે, તે શ્રેણીમાં **'જીવનરંગત'**નું સને ૧૯૭૩માં પ્રથમ પ્રકાશન થયું હતું.

પ્રથમ વાંચને સમજી શકાય તેવી સરળ ભાષામાં આ ગઝલો છે. પૂજ્ય શ્રીમોટાની સાધનાના પાયામાં **'સ્મરણ'**નું સાધન હોવાથી તે અંગેની ગઝલોનું પ્રમાણ સ્વાભાવિક રીતે વિશેષ રહ્યું છે. તે સાથે ગરજ, ગુણસમૃદ્ધિ, ભક્તિ, પ્રેમ વગેરે અંગે પણ ગઝલો આ પ્રકાશનમાં છે.

સને ૧૯૯૮માં તેની બીજી આવૃત્તિ થયા પછી હાલમાં આ **જીવનરંગત**ની પ્રતો અપ્રાપ્ય છે. શ્રેયાર્થી-જિજ્ઞાસુને આ ગઝલોમાંથી જીવનભાથું સારા પ્રમાણમાં મળી રહેતું હોઈ તેની ત્રીજી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમે આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઈટલ ડિઝાઈનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનો આ આવૃત્તિને આવકારશે અને તેમાંની ગઝલોનું પઠન, મનન કરી પોતાના જીવનવિકાસમાં તેનો સહારો મેળવશે એવી આશા અને શ્રદ્ધા છે.

તા. ૪-૯-૨૦૦૭ — ટ્રસ્ટીમંડળ,

જન્માષ્ટમી — **હરિઃૐ આશ્રમ, સુરત**

હરિઃૐ

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | **आ** જીવનની કથની | ૧-૪૦ |
| ૨. | **हरि**ની ભક્તિનો આશ્રય | ૪૧-૬૦ |
| ૩. | સ્મરણ દિલથી થતાં | ૧૦૭-૧૫૬ |
| ૪. | સ્મરણ એ જ ‘સદ્‌ગુરુ’ | ૧૫૭-૧૯૦ |
| ૫. | જીવનની પ્રેમની શક્તિ | ૧૯૧-૨૨૦ |
| ૬. | ગરજ | ૨૨૧-૨૫૬ |
| ૭. | જીવનનું માંગલ્ય | ૨૫૭-૨૮૦ |
| ૮. | જીવનમાં ગુણસમૃદ્ધિ | ૨૮૧-૩૦૬ |
| ૯. | **पुरुष**ને પ્રકૃતિ સાથે | ૩૦૭-૩૨૪ |


❑

# જીવનરંગત

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

હરિઃૐ

# ખંડ - ૧

# આ જીવનની કથની



મને 'મોટો' ન માની લે વિનંતી છે જગતજનને,
હું તો ખાલી જ માધ્યમ છું, થવાવા વ્યક્ત જીવનને.

હરિઃૐ

# જીવનનું આંતરિક બળ તે

જીવનમાં ગડમથલ ભારે ભયંકરમાં ભયંકર તે
-શી ઊપસી આવી દિલ કેવું સતાવ્યા ખૂબ કરેલું છે !

હૃદય ત્યારેય જીવતી જે તટસ્થતા હતી હૃદયે,
-જીવનને નોખું સંપૂર્ણ મથી તારવવા કેવું તે !

તહીં સંગ્રામ જે જામ્યો, પડી તેનાથી સમજણ કે
'જીવનનું આતંરિક બળ તે ખરું કેટલું જ જામ્યું છે.'

પ્રયોગાત્મક અનુભવ દિલ થયા તેવાથી જીવનમાં
-જીવંતો આત્મવિશ્વાસ પરિપક્વ થયો દિલમાં.

હરિઃૐ

# જીવન તેજસ્વી બનવે છે

જુદી જુદી જ રીતના શા જીવનસંગ્રામ આવ્યા છે !
થવા ત્યાં સામનો પાછી જુદી જુદી રીત તેની છે.

બધી એવી રીતોકેરો અનુભવ દિલ થયેલો જે,
સમગ્રે તેથી ઊંડો શો હૃદય વિશ્વાસ મોર્યો છે !

ઊંડી વિશ્વાસ એવાની જીવન પર છાપ ઊઠી છે,
હિમાલય જેવી મક્કમતા જીવનમાં તેથી જીવતી છે.

જીવન એવા જ વિશ્વાસે સધાતું જે રહેલું છે,
શી નક્કર વાસ્તવિકતા દિલ જીવન તેજસ્વી બનવે છે.

હરિઃૐ

# જુદાં જુદાં જીવન પાસાં

જુદાં જુદાં જીવન પાસાં ઉકેલાતાં ગયેલાં છે,
નજર પ્રત્યક્ષ તે સામે ઊભાં કેવાં થયેલાં છે !

બધું તે તે રીતે જેવું થયા ત્યારે કરેલું છે,
બધું તે રીતનું મુજથી લખાયા તો ગયેલું છે.

ન ઓછુંવત્તું પણ ત્યાં કશું પણ મેં કરેલું છે,
યથાવત્ સર્વ રાખીને બધું તે વર્ણવેલું છે.

જીવન પાસાંતણો એવો બધો ઇતિહાસ લખવાને,
કૃપાએ મસ્ત સમૃદ્ધ મને કેવો કરાવ્યો છે !

હરિઃૐ

## જીવનનું ઊર્ધ્વનું જ્ઞાન

જીવનનું ઊર્ધ્વનું જ્ઞાન, બધું દર્શાવવાને તે
-હું યંત્ર માત્ર માધ્યમ છું, કશું તેમાં ન મારું છે.

બધું જે રેડિયો બોલે, બધું તે તે અવરનું છે,
ન સમજણ નિજની કોઈ કશી તે રેડિયોમાં છે.

હૃદય તેવી રીતે માત્ર, જીવનની ઊર્ધ્વ કક્ષાને
-બતવવા ખાલી સાધન હું, જીવનમાં એવી રીતે તે.

મને 'મોટો' ન માની લે વિનંતી છે જગતજનને,
હું તો ખાલી જ માધ્યમ છું, થવાવા વ્યક્ત જીવનને.

હરિ:ૐ

## મને સગવડ જીવન દેવા

મને સગવડ દેવા બધી સંભાળ લીધી છે,
જીવન સંભાળી લીધો, તે પ્રસાદી તુજ મળી શી તે !

મદદગાર જીવનમાં **તેં** મને બક્ષી, સરળતા શી
-જીવનમાં સંપડાવી છે ! કૃપાની કેવી બલિહારી.

પડ્યું છે કામ જેવું જ્યાં તહીં સંપર્ક, સંબંધ
-જીવનમાં બક્ષીને મુજને કીધો છે સાવ નિશ્ચિંત.

થયા સંકલ્પ જે સિદ્ધ કૃપાનો સિદ્ધ ત્યાં હસ્ત
-**હરિ** તારો નિહાળીને જીવનમાં રાચતો મસ્ત.

હરિ:ૐ

# મથેલો છું જીવનમાં તો

પરિસ્થિતિ શી ગૂંચવણિયાતણો ઉકેલ ટૂંકો તે
-સરળ કોઈ નથી હોતો ! છતાં ઉપાય ત્યાંયે છે.

સતત તે ખોજવા પ્રત્યે હૃદય નિશાન તાકીને
-કરેલી શોધખોળ જ શી ! જતી મહેનત ન મિથ્યા તે.

બહુ વેળા જીવનમાં તે મથંતાંમાં અનુભવ્યું છે,
જીવન પ્રત્યક્ષ તે બોધ વણાઈ દિલ ગયેલો છે.

જીવનમાં તેથી ઉત્પાત થતાં, ઉકેલ પ્રત્યેનો
-હૃદય સેવી જ અભિગમ તે મથેલો છું જીવનમાં તો.

હરિઃૐ

## જીવનના માર્ગનું નિશ્ચિત

કંઈક કરી છૂટવાકેરો હૃદય નિશ્ચય થયેલો જે,
શું તેથી મારવાં ફાંફાં થકી ઊગરી જવાયું છે !

જીવનના માર્ગનું નિશ્ચિત થઈ ધોરણ ગયેલું છે,
પથે તે ચાલવાકેરું હૃદયમાં ભાન મોર્યું છે.

પીછેહઠ જ્યાં થતી પથમાં, હૃદયમાં શૂળની પેઠે
-શું તીવ્રતમ વેદના ઊંડી થતી ત્યારે રહેલી છે !

પથે એ વેદનાએ શો મને સાવધ કરાવ્યો છે,
કદી પણ ભાન પથનું તે ચુકાયું ના, કૃપા તુજ તે.

હરિઃૐ

# જીવનસાધન થયેલાં છે

સ્મરી સ્મરી દિલ ઊંડું ઊંડું **હરિ**ને યાદ કીધો છે,
હૃદયની ભાવનામાં શો થતો જીવતો ઉમેરો છે !

પ્રકૃતિનું જ જીવનમાંનું બધું તે જોશ ટળવાને
-સમર્થ એકલી માત્ર જ હૃદયની ભાવના શી છે !

'હૃદયની ભાવના તેથી નિરંતર ચેતતી રહે તે,'
-પ્રવર્ત્યો તે રીતે જીવન વિશે એની કૃપાથી જે.

મનન ચિંતવનનું જીવનમાં હૃદય સાતત્ય જીવંતું
-ટકી રહેવા, બધાં એવાં જીવનસાધન થયેલાં છે.

હરિઃૐ

## જીવન તુજ પદ વળાવ્યું છે

**हरि तें** કેટલી મોટી કૃપા મુજ પર કરેલી છે !
હૃદય ચેતાવી દઈ મુજને, જીવન તુજ પદ વળાવ્યું છે.

સમજતો જે હતો કંઈ ના, હતો સંપૂર્ણ અંધ જ જે,
નયન ખોલાવી તેનાં **તેં** હૃદય અજવાળું પાડ્યું છે.

જીવન તે પ્રકાશને લીધે થયું દેખીતું સૌ જે તે,
ઊંડાં સંશોધને તેથી પડ્યો અન્વેષણે શો જે !

ઊંડે ગોતો લગાવાતાં અમૂલખ મોતી કર લાધે,
જડ્યાં અણમોલ મોતીથી જીવન દળદર ફીટેલું છે.

હરિઃૐ

## જીવનના માત્ર રળતરની

કમાવાનો જીવનને તો અમે ધંધો સ્વીકાર્યો છે,
કમાવાઈ શકાયે તે બધાં સાધન થયેલાં છે.

કદીક શી ખોટ આવી છે ! ઊઠ્યો ચોંકી હું ત્યારે શો !
બધું સરભર કરી દેવા મરી મથી ખૂબ મંડેલો.

કંઈક કંઈક પેંતરા-દાવ જીવન લેવા પડેલા છે,
ઊંધી બાજી થતાં, દિલમાં સમજ તેની પડેલી છે.

જીવનના માત્ર રળતરની શી રઢ લાગેલ અતિશય જે
-ઠરીઠામ જ કદી એણે દીધો ના બેસવા સહેજે.

હરિઃૐ

# જીવન બાકીનું તો **હરિ**ને

જીવનમાં તો સ્તવન કરવા હૃદય લાગી પડેલું છે,
જીવન બાકીનું તો **હરિ**ને હવે ગાવા ચહેલું છે.

હવે કોઈ જ કર્તવ્ય **હરિ** ભજવા વિનાનું તે
-જીવનમાં ના રહેલું છે, ભજન બસ માત્ર **હરિ**નું છે.

**હરિ** ભજવા, **હરિ** ભજવાતણો શો રંગ લાગ્યો છે !
હૃદય તે રંગની મસ્તી ખરેખર મહાલવા ઊછળે.

ઊછળી, ઊછળી કિનારાને બધા સંસારના, સ્પર્શે
અનોખો ત્યાં જ આનંદ **હરિ**નો શો પ્રગટતો છે !
ઊભળતો છે !

હરિઃૐ

# જીવનના ધ્યેયમાં પૂરા

ઘડાવાને, ઘડાવાને જીવન, ઘેલા થયેલા જે,
જીવનમાં દિલ તત્પરતા અમારી કેવી ઊછળી છે !

દઉં ઉપમા હું થનગનતા તહીં જે મોર નર્તતા,
હૃદયની ઘેલછા એવી ઘડાવાને હતી દિલમાં.

ન કૈં તે આગળ પાછળ અમે જોયા કરેલું છે,
જીવનના ધ્યેયમાં પૂરા અમે એકાગ્ર, કેંદ્રિત તે.

**हरि**નેયે હૃદય સઘળું અનોખું વહાલ ઘડવાને
-ઊછળતું ત્યાં શું જીવનને ! **हरि**નો ભક્ત પ્રીછે છે.

હરિઃૐ

## ચરણકમળે જીવન સઘળું

બધું જડબેસલાક શું જીવન જે **जीवदशा**નું છે,
સતત **हरि**ના સ્મરણ ઝલકે જીવન ખુલ્લું થતું તે છે.

જીવનમાં મોકળાશ જ શી અનુભવવા મળેલી જે,
જીવનમાં ખેલવાને ત્યાં **हरि**ના ભાવને તક છે.

જીવન ખુલ્લું જ સંપૂર્ણ થતાં શી વાર લાગી છે !
ધીરજનીયે કસોટી ત્યાં પૂરેપૂરી થયેલી છે.

જીવન ઉત્કટ તમન્નાની ધગશ પ્રગટી'તી દિલ ભારે,
બધી તે સાધનાભ્યાસે પૂરી કામે લગાડી છે.

કૃપા એને **हरि** તારી હૃદય સમજી, હૃદય ઊગતાં,
ચરણકમળે જીવન સઘળું સમર્પાવાયું શું પદમાં !

હરિ:ૐ

# જીવનના તે પ્રયત્નોમાં

જીવનમાં હોશિયારીની બડાશો કૈં ન ઠોકી છે,
બધી અક્કલની શક્તિને પદે ઠાલવવા ચાહ્યું છે.

જીવનમાં તોય બુદ્ધિએ કરેલા ધમપછાડા છે,
છતાં **हरि**ના સ્મરણમાં દિલ પરોવાવા મથાયું છે.

જીવનના તે પ્રયત્નોમાં કદીક તો ના ફવાયું છે,
પરંતુ તે છતાં યત્નો કદી ના છોડી દીધા છે.

નિરંતર ગડમથલ એવી જીવન ચાલી રહેલી જે,
જીવન તેવા થતા રહેતા પ્રયત્ને, મસ્ત ફૉર્યું છે.

હરિઃૐ

# જીવન આ માનવી વિના

**હરિ**નું વહાલ અનુભવવા જીવન પ્યારું મળેલું છે,
જીવન **આ** માનવીકેરું થવા **હરિ** વ્યક્ત, પાત્ર જ છે !

જીવન **આ** માનવી વિના બીજી યોનિ વિશે **હરિ**ને
-અનુભવવા ન લાયક તે, હકીકત સત્ય પ્રીછી છે.

પ્રકૃતિ દ્વંદ્વ ગુણથી જે રચાયેલી ખરેખર છે,
થતાં સંઘર્ષણો, જેથી સમજ નૂતન ઉગાડે જે.

હૃદય સમજણ નૂતનથી તો, બધું પરખાતું લાગે છે,
ઊંડે તે રીત ઊતરાતાં, બધી બાજી છતી શી તે !

હરિઃૐ

# જીવનકર્તવ્ય પ્રીછ્યું છે

થતો પુરુષાર્થ રહેતાંયે કશો દમ જ્યાં વળ્યો ના છે,
વળી વંટોળિયે પાછું જીવન ત્યારે ચઢેલું છે.

તહીં ઝોબા વળેલા છે બહુ વેળા જીવનમાં તે,
મને ઝોબાએ તો ઊંડો કર્યો વિચારતો શો તે !

ઊંડું ઊંડું વિચારાતાં કંઈક દિલ ભાન ઊગ્યું છે,
કૃપા શી તારી એવીથી જીવનકર્તવ્ય પ્રીછ્યું છે.

પછીથી વેગ તીવ્ર જ શો જીવન પ્રગટી ચૂકેલો છે !
અને તેથી જીવન સઘળું ઘડાવા મસ્ત લાગ્યું છે.

હરિઃૐ

# જીવનઉદ્દેશ પ્રિછાયો

કૃપાની કેવી બલિહારી ! જીવન ચેતાવ્યું જેણે છે,
કશો ક્રમ સ્પષ્ટ, ચોક્કસ ત્યાં કૃપા ગતિનો જીવન ના છે.

કદી પણ મુજ મેળે તો જગાયું ના હતે મુજથી,
અપ્રીછી પદ્ધતિથી જે વળાયું પાછું જીવનથી.

કૃપા એને જ માની મેં, જીવનઉદ્દેશ પ્રિછાયો,
પછીથી હેતુનું પૂર્ણ હૃદય શું ભાન ઊગ્યું સૌ !

જીવનનું મૂળ સમજાતાં, જીવનના હેતુને વિશે
-ઊંડું ઊંડું વિચારાતાં, **હરિ**ગમ માર્ગ મળિયો છે.

હરિઃૐ

## જીવનનું ધ્યેય લાગ્યું છે

જીવનમાં ભાવ પ્રીછ્યો ના, જીવનસૌંદર્ય માણ્યું ના,
કળા શી પ્રીછવા એવું જીવનમાં તો ઊગેલી ના.

સમગ્ર જ્યાં જીવન એવું વિતાયા તો જવાયું છે,
બહુ જ ખચકા જીવનમાં શા નર્યા વચ્ચે નડેલા છે !

જીવનમાં ગડમથલ ત્યારે 'થતું છે આમ તેમ જ શેં ?'
-તહીં વિચારવાકેરો ઊંડો સંગ્રામ જાગ્યો છે.

જીવનસંગ્રામમાં તેવા જીવનનું ધ્યેય લાગ્યું છે,
હૃદય તેથી ઊંડું ઊંડું કૃપાથી ઊતરાયું છે.

હરિઃૐ

## જીવનબક્ષિસ મળેલી છે

નર્યું ભોગવવા તે માત્ર જીવન **આ** ના મળેલું છે,
કંઈક ઉપયોગને માટે, જીવનબક્ષિસ મળેલી છે.

કયો ઉપયોગ ? તે વિશે વિચારાયા જવાયું છે,
ઊંડે ઊંડે જ ઊતરાતાં શું સમજાવા જ લાગ્યું છે.

હૃદય સમજણ થકી તેવી, જીવનના તત્ત્વને વિશે
-વલોવાયાથી તો જીવન ખરું સમજાઈ ગયેલું છે.

પછીથી તો મજા કેવી જીવન જીવવા જ લાગી છે !
નડ્યાં નડતર જીવન વચ્ચે શહૂરથી તોડી નાખ્યાં છે.

હરિઃૐ

# જીવન જીવવાની રંગત છે

જીવન જાણ્યામહીં ઊગતાં, પ્રિછાવા તેજ લાગ્યું છે,
ખરેખરું દિલ પ્રિછાવાથી, જીવન જીવવાની રંગત છે.

જીવનરંગતની શી મોજ અનોખી કોઈ ન્યારી છે !
જીવન તોફાનનેયે ત્યાં વિખેરી શાં નખાયાં છે !

ભલે વિઘ્નો જીવન આવ્યાં હિમાલય જેટલાં છોને,
છતાં જીવનની રંગતમાં ગણાયાં છે ન ભારે તે.

ઘણાં નડતર જીવન પ્રગટ્યાં, છતાં જીવનની રંગતમાં
-હઠી કેવાં ગયેલાં તે ! જીવનની મોજ મસ્તીમાં.

હરિ:ૐ

## જીવનનું મૂળ સમજાતાં

જહીં લાગ્યું જ સમજાવા, જીવન સાચું કૃપાથી તે,
જીવનનો મર્મ સમજાવા કંઈક લાગી ગયો હૃદયે.

હૃદયમાં લાગવાથી શો થયો પુરુષાર્થ તે વિશે !
ગતાગમ કંઈક જીવનની શી પડવા લાગી દિલ ત્યારે !

જીવનનું ભાન તેમાંથી હૃદયમાં કેવું સળગ્યું છે !
મને સમજાવવા તેને પડે ભાષા શી ટૂંકી તે !

જીવનનું મૂળ સમજાતાં પછી ના વાર લાગી છે,
કર્યું દોડ્યા પછીથી તો નદીના પૂરની પેઠે.

હરિઃૐ

# જીવનનું સર્વ પલટાતાં

વહેવા જ્યાં જીવન લાગ્યું પ્રચંડે વેગ ધસમસતા,
તણાવા આડુંઅવળું સૌ તહીં લાગ્યું ઝપાટામાં.

કિનારાની ઉપર પણ તે વહેવા લાગ્યું શું ઝડપે !
કિનારાનોય કચરો તો તણાઈ શો ગયેલો છે !

પ્રચંડ જ પૂર આવ્યાથી ઊથલપાથલ થયું સૌ છે,
જીવનનું સર્વ પલટાતાં ઝડપ ત્યાં વેગીલી શી છે !

કૃપાનો તે ચમત્કાર અનુભવિયો જીવનમાં છે,
ઢળાયું તેથી સંપૂર્ણ શરણ **हरि**નાં ચરણકમળે.

હરિઃૐ

# જીવન તે અવતરી છૂપો

જીવનમાં **जीवदशा**કેરી અખંડિત ના મજા કંઈ છે,
કંઈક આનંદ થતાંમાં શો ! ત્યહીં વાંધા બહુવિધ છે.

પ્રચંડ જ પૂરની પેરે કશો આનંદ ત્યાં ના છે,
થતો આનંદ, તેયે શો જતો ઊડી જરામાં તે !

શું 'અસ્ખલિત રહે પૂર્ણ બધો આનંદ શી રીતે ?'
થતાં વિચારવાનું તે *'ઊંડું' ઊતરાયું અંતર તે.

ઊંડું ઊંડું હજી ઊંડું વળી તેથીય ઊંડે તે,
અને તેનાથીયે ઊંડે શું અંતરમાં જવાયું છે !

બધો ત્યાં ભેદ ખૂલ્યો છે, **हरि**ની શી કરામત તે !
'જીવન **તે** અવતરી છૂપો, થવા શું વ્યક્ત', જીવન છે !

---

* 'ઊંડું' - વિચારવાને તથા ઊતરાયાને પણ લાગુ પડે છે.

હરિઃૐ

# જીવનગતિ ઊર્ધ્વ ચઢતી છે

કશો ના ભેદ ક્યાંયે છે, બધુંએ સાવ ખુલ્લું છે,
છતાં અજ્ઞાન અંધારપિછોડાથી ન પરખાયે.

'બધું અજ્ઞાન અંધાર જીવનથી રહે જતું શેં તે?'
મનન ચિંતવન થતાં તેનું, કંઈક સમજણ પડેલી છે.

અભીપ્સા ધ્યેયની પૂર્ણ હૃદયમાં તેથી સળગી છે,
પછી જ્વાળા વિશે કેવું સળગવા સર્વ લાગ્યું છે !

શી ધગધગતી તમન્નામાં જીવનવિકાસનો અગ્નિ
-રહ્યો સળગેલ, તેનાથી જીવનગતિ ઊર્ધ્વ ચઢતી છે.

હરિઃૐ

# જીવનમાં છે જ ચઢવાનું

જીવનમાં છે જ ચઢવાનું પગથિયે એકથી બીજે,
પગથિયાં તે બધાં કેવાં જુદાં જુદાં સ્વરૂપે છે !

અનેકે શી ભૂમિકા છે જીવનવિકાસ ગતિમાં જે
-બધી તે **जीवदशा**કેરા જીવનથી ના જ સમજાયે.

ન સમજાવું જહીં શક્ય, પછી પરખાવું શક્ય જ ના,
છતાં અજ્ઞાની ત્યાં કેવા સમજવા તે કરે ચાળા !

બધુંએ તેનું મિથ્યા તે જવાનું છે પૂરેપૂરું,
કશું તેથી ન વળવાનું, ઊગ્યા વિણ તે પરત્વેનું.

હરિઃૐ

# જીવનની સૂક્ષ્મ ભૂમિકા

જીવનની સૂક્ષ્મ ભૂમિકા વિશે શું શું લપસણું છે !
-અનુભવ તે થયા વિના ન જાગે ખ્યાલ તે વિશે.

અહા ! શું રૂપ સૌંદર્ય ન જોટો ક્યાંય જેનો છે,
પૂરું મોહાઈ જવાની જ્યાં શી વાસ્તવિકતા નરી ત્યાં છે !

મૃદુ મૃદુ, સ્પર્શ કોમળ શો વધુ કોમળ શું ફૂલથી છે !
અહાહા ! સ્પર્શ કોમળથી થતો આનંદ જુદો છે.

શરીરના સ્થૂળ તે રૂપનું બધું સૌંદર્ય તુચ્છ જ છે,
ભૂમિકા સૂક્ષ્મના રૂપના બધા સૌંદર્ય આગળ તે.

વિના ઓળંગ્યા તે તે સૌ **હરિ**ના મૂળ પ્રદેશે તે
-ન કોઈથી પ્રવેશાશે, હકીકત કેવી સાચી તે !

હરિઃૐ

## જીવનમાં વર્તવાનું છે

ઝીણી, ઝીણી હકીકતમાં જીવનવિકાસની જે જે,
-ધરીને કાળજી, સમજી તહીં શું વર્તવાનું છે !

હૃદયમાં સ્વસ્થતાપૂર્ણ, વ્યવસ્થિતિ બધી રીતે
-હૃદયથી જાળવી સઘળી જીવનમાં વર્તવાનું છે.

કરણમાં શાંતિ પ્રસરાવી, ઇંદ્રિયોને ઠરીઠામે
-કરાવી એકરાગે સૌ, જીવનમાં વર્તવાનું છે.

ઉધામા આમ કે તેમ બધા કરવા, ત્યજી દઈને,
**હરિ**માં ખેલવા માટે જીવનમાં વર્તવાનું છે.

હરિઃૐ

# જીવન આ યજ્ઞવેદી છે

**हरि** તારા વિશે દિલને સ્મરણ ભાવે પરોવીને,
સતત તુજ યાદમાં જીવવા હૃદયમાં યજ્ઞ ચાલે છે.

પ્રભુપ્રીત્યર્થે જે કર્મ થતાં, આહુતિ તે તે છે,
હૃદયનો ભાવ પ્રગટંતો, શી જ્વાળા યજ્ઞની તે છે !

જીવન **आ** યજ્ઞવેદી છે, પ્રકાશિત યજ્ઞ અગ્નિએ,
નર્યું કેવું જ તેજસ્વિત પ્રકાશેથી થયેલું છે !

યજ્ઞના ભવ્ય જીવનની શી તે જાહોજલાલી છે !
**हरि**ના પાદ પદ્મોમાં સમર્પિત તે થયેલી છે.

હરિ:ૐ

# વિના કોઈ માનવીજીવન

ધીમે ધીમે શું ચેતન તે નીચે નીચે જ અવતરીને
-શું પ્રત્યક્ષ જ સ્થૂળરૂપે ! અનુભવવા શું મૂળરૂપે !

સતત તે અવતરણ, પાછું શું આરોહણ ! ઉભય સાથે,
સતત બે પ્રક્રિયા ચાલુ રહ્યા કરતી જ લાગે શું !

**हरि** અવતરતાં, અવતરતાં, અનેકે રૂપ ધરતો છે,
સ્થૂળ જ સૂક્ષ્મ અને કારણસ્વરૂપ શાં ભિન્ન ભિન્ન જ તે.

છુપાયેલો બધાંમાં છે, અનુભવવા છતાં તેને
-વિના કોઈ માનવીજીવન ન સમજી દિલ અનુભવશે.

હરિ:ૐ

# જીવન જીવવાતણો યજ્ઞ

સ્મરણના ભાવથી હૃદયે મનન ચિંતવન થયેલું છે,
મળેલાં કર્મમાં પ્રાણ ખરે ! તેથી જ ઊતર્યા છે.

હૃદયનો ભાવ પ્રગટંતાં વિચારી, તોળી તોળીને
-થતાં સૌ પ્રેરણાયુક્ત, તહીં બુદ્ધિ ખીલેલી છે.

સ્મરણથી ભાવ ખીલ્યો છે, સ્મરણથી ભક્તિ લાગી છે,
ભક્તિના ભાવથી બુદ્ધિ શી રંગાઈ કૃપાથી છે !

**हरि**રસથી જીવન જીવતાં ઉદધિ આનંદ ઊછળે છે,
જીવન જીવવાતણો યજ્ઞ સહજ ભાવે શું જલતો છે !

હરિઃૐ

# અપાવી આહુતિ જીવન

ગમે તેવા જ સંજોગો ભલે હો, તોય રસ શો છે !
હવે બસ એકલું માત્ર જીવનમાં જીવવાનું છે.

જીવન જે **जीवदशा** વિશે શું મરવું જાણી સંપૂર્ણ
-કૃપાથી તેમ વર્તાવા **हरि तें** બુદ્ધિ પ્રેરી છે.

પ્રકૃતિ દ્વંદ્વને ગુણે પ્રવેશે કર્મને વિશે,
હવે ત્યાં ભાવ મુખ્ય જ છે, જીવનલહાવો ખરેખર તે.

જીવનને મહાલવાકેરો **हरि**એ યજ્ઞ મંડાવી
-અપાવી આહુતિ જીવન, ફળાવ્યો રંક જીવનથી.

હરિઃૐ

## તને યોગ્ય જીવનઘડતર

પતિતને શી રીતે **हरि तें** પદે આકર્ષી લીધો છે ?
અવળચંડાઈ શી સર્વ હરી શી રીત લીધી છે ?

સ્મરણ લેતો કરાવીને, ભજન જીભે ઝલાવ્યું છે,
હૃદય કીર્તન કરાવ્યું છે, ચરણ તુજ પખાળવાને તે.

થતાં કંઈક પ્રાર્થના તુજને હૃદયથી શી કરાવી છે !
થતું જે જે નિવેદન **तें** મને પદમાં કરાવ્યું છે.

થયું જે જે સમર્પણ તે ચરણમાં **तें** કરાવ્યું છે,
તને યોગ્ય જીવનઘડતર **हरि तें** યોગ્ય ઘડિયું છે.

હરિ:ૐ

# જીવનમાં દિલ હરિરસનું

**હરિ** તારી લીલાકેરો હવે દિલ મર્મ સમજાયે,
હૃદય સમજાય ના માત્ર, પરંતુ શો જ પરખાયે !

શું પરખાતાં જહીં દિલ તે ! નયન ને દિલ બંનેએ
-જઈ પલટાઈ, જીવનમાં **હરિ**રસ રંગ રેલાયે.

જીવનમાં દિલ **હરિ**રસનું થયેલું છાંટણું જ્યાં છે,
શું સંક્રાંતિતણો ગાળો બધો ઊડી ગયેલો છે !

હવે ના બસ રહેલી છે કશીયે રોકટોક જ તે,
**હરિ** **હરિ**માં **હરિ**ને બસ **હરિ**થી રેલવાયે છે.

હરિ:ૐ

# हरिरस લહાણમાં જીવન

हरिरस લહાણમાં જીવન હવે બસ મહાલવાનું છે,
અનુભવવું રહ્યું ના છે, શી રેલંછેલ રસની છે !

ઉપર નીચે જ આગળ ને વળી પાછળ બધે જ્યાં ત્યાં
-પડે વરસાદ ભૂમિમાં લીલુંછમ શું બધું ત્યાં ત્યાં !

ભૂમિનું દશ્ય સઘળુંયે નૂતન સર્જનથી બદલાયે,
નૂતન તે ફાલનું કેવું ફળેલું ત્યાં અનાજ જ છે !

નભે, ટકતાં, સકળ જન શો વળી પોષાય તેનાથી,
જીવનવ્યવહાર પણ કેવો બધો ચાલ્યા કરે તેથી !

હરિઃૐ

# શું મૌલિક જ જીવન એવું !

હવે તે પસંદગી કોઈ કશી રીત ના જીવનમાં છે,
સ્વીકાર, નકારનીયે તે જીવનમાં ના રહેલી છે.

બધું જે તે **હરિ**કેરી કૃપામૃતની પ્રસાદી છે,
ન ત્યાં કોઈ સારું, નરસું છે, ન દ્વંદ્વ કે ન ગુણ ત્યાં છે.

હવે જીવન **હરિ**માંનું જુદા અદ્‌ભુત પ્રકારે છે,
બધું સંસારીનું જીવન કશું ના ત્યાં હવે કંઈ છે.

તરી આવેલ જે જુદું જીવન હાવાં **હરિ**માંનું
–ન સરખાવાય કંઈ સાથે, શું મૌલિક જ જીવન એવું !

હરિઃૐ

# જીવનની કથની આ જે છે

ખરા મથનાર જેઓ છે, જીવનની કથની **आ** જે છે,
બધી સમજણ હૃદય પડશે, હૃદય એવો ભરોંસો છે.

જીવનની સાધનાનાં જે બહુવિધ અંગ ન્યારાં તે
-કૃપાથી વર્ણવેલાં છે, થયેલાં વ્યક્ત મુજથી તે.

ન એકે શબ્દની ક્યાંયે અતિ ઉક્તિ થયેલી છે,
થયું છે વાસ્તવિક જેમ કૃપાથી સૌ લખાયું તે.

ભૂમિકા કંઈકનું સ્પષ્ટ જ શું નોધારું લખાયું જે !
બધું મથનાર, સમજી તે ખુલાસો દિલ થશે તેને.

હરિઃૐ

# જીવનનો રંગ જામેલો

જીવનના ઊર્ધ્વના પંથે ઉપર ચઢતાં, ઉપર ચઢતાં,
જીવનનો રંગ જામેલો ઊતરશે તે કશાથી ના.

ભભકદાર ભર્યા રંગે કળાત્મક ભવ્ય સૌંદર્ય
-પડે જે ભાત જીવનમાં, અનુભવતાં હરખ શો તે !

પ્રદેશે ઊર્ધ્વના કોઈક અમુક શિખર પહોંચાતાં
-સ્ફુરેલો રસ, પછીથી તે ઊડી ક્યાંયે જતો છે ના.

રસે શી ગાઢતા ઓર રસિકત્વ ખીલેલું છે,
બધું ખુલ્લું વધારે ને વધારે શું થતું રહે છે !

હરિ:ૐ

# જીવન રચવાની રંગતની

**हरि**ની ભક્તિમાં જ્યારે પૂરું રંગાઈ જવાયું છે,
નિરાગ્રહ ત્યાં નિરહંકાર, નીરવતાની ભૂમિકા તે.

વળી નિષ્કામની પૂર્ણ ભૂમિકા શી સજાઈ છે !
નરી નિ:સ્પૃહતા વચ્ચે શી પ્રવૃત્તિ સ્પૃહાની છે !

જીવન રચવાની રંગતની ખરેખરી દિલ મજા શી છે !
છતાં પાછી મજા તે તે ઊડી ક્યાંયે જતી રહે છે.

કશામાં દિલ ત્યાં ના છે નર્યું સંપૂર્ણ **हरि**માં છે,
છતાં તેનાય અસ્તિત્વતણું ના ભાન ત્યાંયે છે.

તહીં અજ્ઞાનમાં જ્ઞાને રમત રમતાં, રમત રમતાં,
હૃદય પૂર્ણ સ્વતંત્ર જ શો ! અનુભવ તે થતો રહે ત્યાં.

હરિઃૐ

# જીવનવિકાસને અર્થે

થયો જે ત્યાગ જીવનમાં થવા વિકાસ નિજ અર્થે,
સહજમેળે કૃપાથી તે થયા કેવો ગયેલો છે !

બલિદાન, સમર્પણ શાં થતાં રહેતાં જ મેળે જે !
હૃદયના ભાવને કારણ ગતિ તે તે વિશે શી છે !


જીવનવિકાસને અર્થે થવું તે તે જ આવશ્યક,
સ્વાભાવિક,
થતાં વિકાસનું લક્ષણ ખરેખર તે બધું સર્વ.

ભૂમિકા સર્વનાં લક્ષણ બધાં પરખાઈ આવે છે
-કૃપાથી તે બધી સમજણ હવે જીવનમાં ઊગી છે.

હરિઃૐ

# ખંડ - ૨

# હરિની ભક્તિનો આશ્રય



'પરમ જ્ઞાન, પરમ શક્તિ, પરમ શી ચેતના **હરિ** છે !'
ખરું સાકાર દર્શન **આ**, **હરિ**નું તે જ સાચું છે.

હરિઃૐ

## છતાં શો માંહ્યલો સાબૂત !

સ્મરણના ભાવથી બેઠો થયેલો જે જીવન વિશે,
હવે બેઠો થવા એને પડે લેવો જ આશ્રય તે.

શરીરથી ના ચલાતું છે, ઉઠાતું ના શરીરથી છે,
ટટારીથી ઊભું રહેવાતણું બળ ના શરીરથી છે.

શરીરની સર્વ હિલચાલ બધી અટકી પડેલી છે,
શરીર સંપૂર્ણ બેહાલ નર્યું મુડદાલ જેવું છે.

શરીર હાલત શી બિસ્માર ! કશું તેથી ન ઊપજે છે,
છતાં શો માંહ્યલો સાબૂત ટકોરાબંધ અકબંધ છે !

હરિઃૐ

## અમે હરિયજ્ઞ માંડ્યો છે

અનુભવવા શું પ્રગટેલું જીવનનું નિર્મમત્વ જ તે,
અમે **હરિ**યજ્ઞ માંડ્યો છે, **હરિ** ત્યાં **પ્રાણ** તું પૂરજે.

થયું સર્જન **હરિ**ની તે અભિમુખતા જગવવાને,
ઉછેરાવા, પુરુષાર્થ કૃપાથી શો થયેલો છે !

શરીરનું બાકીનું જીવન ભજન લલકારવાને તે
-ગુજરવાનું કરી નિશ્ચય, ભજનમાં ચિત્ત જોડ્યું છે.

ભજન વ્યાપાર તે માત્ર જીવનધંધો સ્વીકારીને
-જીવનમાં ખેડવા અર્થે હવે કમ્મર કસેલી છે.

હરિ:ૐ

# હરિની શી કરામતથી !

નિરંતરનું થતું રહેતાં જીવન અભ્યાસનું કર્મ
-તહીં ફળવા જ લાગેલો જીવનનો ભવ્ય આદર્શ.

શું ઉલ્લાસિત પૂર્ણ ઉત્સાહિત હું તે વેળા થયેલો શો !
જીવનના સાધનાકર્મે બઢેલો બેવડો કેવો !

જીવનની અટપટી ગૂઢ ભૂમિકા સૂક્ષ્મ કોઈ વિશે,
હું ગૂંચવાતાં જ બુદ્ધિમાં કંઈક ભ્રમ ત્યાં થયેલો છે.

થતી પ્રવૃત્તિથી મનની શી છેતરપિંડી સમજણની
-હૃદય પડતાં, જગાયું છે **હરિ**ની શી કરામતથી !

હરિઃૐ

# હરિની સાથ સંબંધ

**હરિ**ની સાથ સંબંધ હૃદયથી ને હૃદયમાં તે
-થવા અર્થે, બધાં સાધન જુદાં જુદાં થયેલાં છે.

થતાં સાધન બધાં વિશે જીવનના ધ્યેયનો હેતુ
-હૃદયમાં એકધારો શો જીવંતો ધારવા મથિયો !

પ્રક્રિયા એવી દિલમાંની મથામણની થતી જે જે,
**હરિ**ની ભાવના દિલમાં મથેલો હું દઢવવાને.

પ્રક્રિયા એવીમાંથી દિલ **હરિ**ની સાથ સંબંધ
-થતાં જીવતો, ઝપાટાથી પછી વધતો જ વિકાસ.

હરિઃૐ

# હરિની તે કૃપા કેવી

જીવનમાં યજ્ઞ, તપ, દાન સતત ચાલુ રહેલાં છે,
સમાયેલાં જ પરમાર્થે બધાં પ્રત્યક્ષ સંગાથે.

થયેલી એકઠી શક્તિ બધે વહેંચાયેલી રહેવા
-તહીં વિકસાવવા **પ્રાણ**, ખરો તે યજ્ઞ જીવનમાં.

બધું તે જ્ઞાનપૂર્વક દિલ થતું રહેતાં, ખરું તપ છે,
જીવન જે સિંચતી શક્તિ, જીવનનું દાન સાચું તે.

કૃપાથી પ્રક્રિયા એવી જીવનની શી રહેલી છે !
**હરિ**ની તે કૃપા કેવી સતત વર્ષ્યા કરેલી છે !

હરિઃૐ

## કૃપા એ તો હરિની કે

સપ્રમાણ જ જીવનનાં જ્યાં બધાં પાસાં રહેતાં છે,
બધુંએ સુતરું ત્યારે જીવન કેવું વહેતું છે !

વ્યવસ્થા કિંતુ એવી જે ટકે છે ના જીવનની તે,
શી સમતોલ થવા ત્યારે જહેમત તો થયેલી છે !

બધી બાજુથી જીવનમાં થવું સમતોલ મુશ્કેલ,
છતાં પુરુષાર્થ તે અર્થે થતો મુજથી થયો તોય.

કૃપા એ તો **હરિ**ની કે કંઈક ફાવટ થયેલી છે,
હૃદયના આત્મવિશ્વાસે બધો ખચકાટ વામ્યો છે.

હરિઃૐ

# हरि તુજ હાથની શી છે !

હજારો હાથવાળો તું જીવનમાં વાસ્તવિક મુજને
-કરી પ્રત્યક્ષ દર્શાવી મદદ શી શી અપાવી છે !

બધા તુજ હાથનો કેવો જીવનસહકાર લાધ્યો છે !
જીવનમાં સાવ સંપૂર્ણ હૃદય હળવો કરેલો છે.

જીવનમાં મુજને **आजे,** પ્રતિષ્ઠા જે મળેલી છે
-બધી બલિહારી તે માત્ર **हरि** તુજ હાથની શી છે !

નકામો સાવ ખાલી હું, બધો બકવાટ મિથ્યા છે,
કશું બળ મુજ વિશે જો છે, ધણીના જોરથી તે છે.

હરિઃૐ

# **હરિ–સાકાર તે દર્શન**

જીવનવિકાસ ઉત્ક્રાંતિ શી સાહજિક ગતિવાળી !
નવી સર્વોપરીતાની શી વાસ્તવિકતાની પદવાળી !

પદેપદમાં જ અનુભવના પ્રદેશો શા જીવંતા છે !
-પથે એમાંથી તો આગળ જવાને દિલ પ્રેરે છે.

**હરિ** સર્વોપરી, શાશ્વત, વળી શો સર્વવ્યાપી છે !
જીવનને તેવું અનુભવતાં, અનુભવ તે રસીલો છે.

'પરમ જ્ઞાન, પરમ શક્તિ, પરમ શી ચેતના **હરિ** છે !'
ખરું સાકાર દર્શન **આ, હરિ**નું તે જ સાચું છે.

વિપુલતા, ભવ્ય ઐશ્વર્ય, અનંત જ દિવ્ય સામર્થ્ય
-ગુણો એવાતણો અનુભવ **હરિ**–સાકાર તે દર્શન.

હરિ:ૐ

## हरि અર્થે જ જીવવાની

ઊંચે ચઢતાં જતાં કેવું ફલક દૃષ્ટિનું વધતું છે !
ક્ષિતિજો ત્યાં શી વિકસે છે ! વળી પલટાતું દર્શન છે.

બધાં પ્રત્યક્ષ અનુભવનાં પ્રમાણો પ્રીછી પ્રીછીને
-જીવનવિકાસને પંથે અમે પગલાં જ પાડ્યાં છે.

કશું કંઈ એમનું એમ જ અમે દિલ ના સ્વીકાર્યું છે,
બધાં લક્ષણ પિછાણીને હૃદય જીરવવું ધાર્યું જે.

**हरि** અર્થે જ જીવવાની હૃદયની નેમ પાકી તે,
ઉતારી તે જીવન વિશે બધું ગાળી જ પરખ્યું છે.

હરિઃૐ

# રજેરજનો **हरि**ચરણે

અમારા સર્વ જીવનનો **हरि** સાથે હવાલો છે,
જમા ઉધારનાં પાસાં **हरि**ના ચોપડામાં છે.

નફો કે ખોટ એની ના ગણતરી દિલ અમારે છે,
બધાં તે તોળવાંકેરાં **हरि** કર ત્રાજવાં અમ છે.

બધો હિસાબ જીવનનો રજેરજનો **हरि**ચરણે
–અમે સોંપી દઈ પૂરા થયેલા સાવ નિશ્ચિંતે.

કશું દેણું ન લેણું છે બધું સરભર થયેલું છે,
બધી સંભાળ રાખીને હવે દરમાયો દેતો છે.

હરિ:ૐ

# हरि પ્રત્યેની અભિમુખતા

**हरि** પ્રત્યેની અભિમુખતાતણો દિલ ચેપ ફેલાવા,
ઊંડી ઊંડી અસર તેની થવા, સાધન થયાં શાં શાં !

હૃદય ચેતન અનુભવવા જીવનમાં જે મથાયું છે,
કૃપાની મહેરબાનીએ હૃદય રંગાયું તે વિશે.

સતત અભ્યાસને લીધે જીવનમાં નાદ લાગ્યો છે,
અને તે નાદને કારણ હૃદય આસ્વાદ ઝંખે છે.

શી ઉન્મત્ત ઝંખનાથી તે હૃદય ઉન્માદ ફાલ્યો છે !
જીવનનાં સર્વ પાસાંમાં ઊંડે ઊંડે શું ફોર્યો છે !

હરિઃૐ

# हरि તું આપતો રહે છે

સરળતા, સુવિધા સૌ જે મળ્યા જીવન કરેલી છે,
કમીના કોઈ પણ બાબત વિશે ના કાંઈ આવી છે.

**हरि** મારું જીવનમાંનું બધું સંભાળી તું લે છે,
જરૂર જેની પડે તે તે **हरि** તું આપતો રહે છે.

શરીર રોગીલું સંપૂર્ણ, શરીરની સર્વ સંભાળ
-બધી લેનાર પણ કેવાં મને તું મેળવી દે છે !

અડ્યું કશું ના રહેવા દે, બરાબર યોગ્ય ચલવે છે,
અતુલ શી વેદના તનની સહેવા શક્તિ પણ દે છે.

હરિઃૐ

# हरि તે કાજ હથિયાર

મુનીમ મુજને ઠરાવીને બધો વેપાર સોંપ્યો છે,
કદીક ઊંધા પડે સોદા નિભાવી તેય તું લે છે.

ખબર તુજને હૃદય છે કે 'વફાદાર જ પ્રમાણિક શો
-પૂરેપૂરો તને છું હું !' ચલાવી તેથી મુજ લે સૌ.

પ્રતિષ્ઠા, કીર્તિ તુજ, મુજથી ન ફેલાવી શકાયે છે,
**हरि** તે કાજ હથિયાર બરાબર યોગ્ય **આ** ના છે.

શકે દીપી તું મારાથી કશું એવું ન ઐશ્વર્ય,
વળી એવો ન વૈભવ છે, નમાલું સાવ **આ** પાત્ર.

હરિઃૐ

## હરિએ ભેટ દીધી છે

ઘણીએ વાર જીવનમાં લડવું મારે પડેલું છે,
જીવનમાં સામનો ભારે કર્યા કરવો પડેલો છે.

હૃદય મર્દાનગીની શી **હરિ**એ ભેટ દીધી છે,
રણાંગણમાં ટટારીથી ઊભો **એણે** રખાવ્યો છે.

કદીક હારી જવાતાંમાં છતાં ના નાક આપ્યું છે,
ધરી મસ્તક પૂરું ઉન્નત લડત જારી જ રાખી છે.

ભયંકર કંઈક સંગ્રામો જીવન લડવા પડેલા છે,
કૃપાથી બાવડાં સાબૂત **હરિ**એ શાં રખાવ્યાં છે !

હરિ:ૐ

# હરિને ત્યાં પુકાર્યો છે

દળી દળીને કદીક તો મેં બધું કુલડીમાં વાળ્યું છે,
થઈ મહેનત પરે પાણી ફરી કેવું વળેલું છે !

બહુ વેળા જીવનમાં તો શી એવી વારાફેરી જે
-કદીક આવી પડેલી ત્યાં શું ગૂંચવાઈ જવાયું છે !

તહીં દોડાવવા અક્કલ બહુ પુરુષાર્થ કીધો છે,
કશી હિકમત ન ફાવી છે, **હરિ**ને ત્યાં પુકાર્યો છે.

**હરિ** દરિયાવ દિલનો છે, કરુણાનો જ સાગર છે,
**હરિ** એવાતણાં ચરણે ગ્રહી આશ્રય, શરણ છું જે.

હરિઃૐ

# કળાલીલા હરિની શી

રસાનંદ જ જીવનકેરો શું વાચાથી અકથનીય છે !
વિના મહાલ્યા જીવનમાં તે ન તેનો ખ્યાલ આવે છે.

થયા અવતરણ કરે રસ જે શી વડવાઈ પ્રમાણે તે
-જમીનમાં શો નીચે નીચે ઊંડા સ્તરમાં પ્રવેશે છે !

જહીં જહીં સ્પર્શ જીવંતો થતો રહે ચેતનાત્મક તે
-કરે છે ભવ્ય રૂપાંતર, કળા કેવી અનોખી જે.

થવાપણું ના કશું **એને**, છતાં **પોતે** થતો રહે છે,
ચઢી જ આરોહણે ઊર્ધ્વે, પછી અવતરતો શો નીચે !

કળાલીલા **હરિ**ની શી અદ્વિતીય જ અકળ રીત છે !
અનંતાનંત ફાલીને અનોખાં રૂપ શો લે છે !

હરિઃૐ

## **हरि**ના મસ્ત જીવનની

હાવાં **हरि**નાં ચરણમાં તો અમારે જીવવાનું છે
વિના તેના અવર બીજું અમારે કોઈ જીવન ના છે.

**हरि**માં રાચવાકેરો હવે ધંધો અમારો છે,
નફા કે ખોટની કોઈ ગણતરી ના જીવનમાં છે.

**हरि**ના મસ્ત જીવનની મજા જે મહાલવાની છે,
અમારા તે જીવનની તો ઝીણી ઝીણી શી વાતો છે !

જીવનમાં રસતણા ઘૂંટડા પીવા કેવા મળેલા છે !
મદિરા રસતણી પી પી શું ગાંડાતૂર થયેલા જે !

હરિ:ૐ

# હરિ સરદારી તારી મેં

**હરિ** સ્મરતાં, **હરિ** સ્મરતાં, જીવનમાં જે મળેલું છે,
પ્રભુપ્રીત્યર્થ તે તે સૌ થયું, પદ તે સમર્પ્યું છે.

પૂરું ખુલ્લું થઈ થઈને બધું જે તે નિવેદ્યું છે,
**હરિ** તુજથી કશું પણ મેં જરી છાનું ન રાખ્યું છે.

જીવનની ગડમથલ વિશે **હરિ**ને સાથ રાખીને
-ઊતરવા પાર ત્યાં કેવું કૃપાથી તો મથાયું છે.

**હરિ** સરદારી તારી મેં જીવનમાં તો સ્વીકારી છે,
મળંતાં પ્રેરણાહુકમ હૃદય પ્રેમે બજાવ્યા છે.

હરિ:ૐ

# હરિમાં ચિત્ત ચોંટ્યું છે

નહીં માનું હતો એવો **હરિ** તેને કરામતથી,
-શરીરનો રોગ પ્રગટાવી સ્મરણ લેતો કરાવ્યો છે.

સ્મરણગાળો વધારે જ્યાં થવા લાગ્યો જીવન મારે
-હૃદય અભ્યાસથી એવા ગૂંથાયો તુજથી જીવને.

પછીથી તો હૃદયમાં રઢ ખરી શી લાગી ! લાગીને,
સતત કેવું જ મંડાયા કરાયું આપમેળેયે.

હૃદય આસક્તિ પદ લાગી, **હરિ**માં ચિત્ત ચોંટ્યું છે,
જીવનમાં ભક્તિ તુજ આગળ દુન્યવી શ્રેષ્ઠ તુચ્છ જ છે.

હરિઃૐ

# **હરિ** શો દિલ ત્રૂઠ્યો છે

તીરછી નજરે નીરખવાને છૂપી છૂપી રીતે તુજને
-શું ગલગલિયાં થતાં હૃદયે ! હૃદય તે માત્ર જાણે છે.

શું વારંવાર નીરખવા હૃદય ઊમટી પડેલું છે,
હૃદય એકવાર નીરખતાં, પછી શી ટેવ જામી છે !

**હરિ** ઢાંક્યો ઢબૂડેલો, લપેટાયેલ પડ શાં છે !
બધાં ખુલ્લાં થવા કાજે અડપલાં સર્વ મારાં છે.

નજીક તુજ આવતાં હૃદયે છતાં **તેં** પડ ન ખોલ્યાં છે,
જહાં અવધિ થયેલી છે, **હરિ** શો દિલ ત્રૂઠ્યો છે !

હરિઃૐ

# हरिની સાથ દિલ દિલથી

**हरि**ને રાજી કરવાને અમે શું બીડું ઝડપ્યું છે !
કળા વાપરતાં, વાપરતાં, કંઈક ફાવટ થયેલી છે.

છતાં શો દૂરનો દૂર **हरि** ક્યાંયે રહેલો છે !
ન ઢૂંકડે આવતો લાગે, તલસતું દિલ બઢેલું છે.
તડપતું

કઈ રીત ભેટી પડી દિલથી, **हरि**ને બાથમાં લઈને
-**हरि**ની સાથ આનંદ રહ્યો છે મહાલવો દિલ તે.

**हरि**ની સાથ દિલ દિલથી કળા માંડી જ દીધી છે,
હૃદય વિશ્વાસ 'હૃદય લઈને મને **हरि** ચાંપવાનો છે.'

હરિઃૐ

# हरि તુષ્યમાન જ્યાં થાતાં

**हरि**ની ધારણામાં દિલ રમ્યા કરતું નિરંતર જે
-શો તેને એટલાથી તો ટૂંકો આનંદ પડતો છે !

સતત આનંદની છોળો પરે છોળો ઊછળતી છે,
હૃદય આનંદ એવો તે હૃદય લેવા તડપતું છે.

**हरि**ની ગૂઢ ને દિવ્ય અકળ લીલા અનેરી જે,
હૃદય હજી ના થયેલી છે પ્રગટ પૂરેપૂરી શી તે !

વખા આનંદના તેથી હૃદય અમને પડેલા છે,
**हरि** તુષ્યમાન જ્યાં થાતાં હૃદય ફળતું થતું તે તે.

હરિઃૐ

# હરિનો દિવ્ય સંસાર

**હરિ**નો દિવ્ય સંસાર જીવનમાં પ્રયોગશાળા છે,
પરખવા નિજનું ત્યાં તો મળ્યા કરતું જ લાગે છે.

અનાસક્ત, નિરાગ્રહ ને નિરહંકાર ગતિ શી છે !
-અનુભવવાનું પ્રત્યક્ષ મળે સંસારમાં શું તે !

તપાસી નાણી લેવાનું બધું પોતાનું કેવું છે !
પ્રસંગો કેટલા કેવા મળે સંસારમાં નિત્યે.

થયેલા પક્વ કે કાચા પડ્યા કરતી સમજ તે તે,
પરીક્ષા તો થવા દિલની અમે સંસાર ઝીલ્યો છે.

હરિઃૐ

# **हरि**નું લાગ્યું અસ્તિત્વ

હૃદયથી ગેલ કરવાની રમત માંડેલ **हरि** સાથે,
અનેકે વાર શી યાદ હૃદય પ્રગટ્યા કરે અમને !

હૃદય સાંકળવા **हरि**ને ત્યાં બધી ઉપયોગ આવી છે,
જીવનમાં તેથી નક્કરતા **हरि** સાથેની લાગી છે.

**हरि** જેવું બીજું કોઈ ન નક્કર કે ન પ્રત્યક્ષ,
અનુભવ તે પ્રગટવાથી, **हरि**નું લાગ્યું અસ્તિત્વ.

પછીથી શો **हरि** વહાલો રસીલો ખૂબ લાગ્યો છે !
હૃદય ચટકાં **हरि** સાથે શું કરવાને જીવન **આ** છે !

હરિ:ૐ

## વ્યસનને કારણે હરિમાં

સતત બસ ગેલ કરવાનું વ્યસન લાગેલું દિલમાં છે,
વ્યસનને કારણે **હરિ**માં હૃદય લાગી ગયેલું છે.

વ્યસન તો ઉત્તમોત્તમ જે શું શ્રેષ્ઠ ભક્તિનું પદ છે !
હૃદય જેને વ્યસન **હરિ**નું જીવન ચોંટી જતું તે છે.

**હરિ** સ્મરતાં, **હરિ** સ્મરતાં, ચરણ **આસક્તિ** પ્રગટી છે,
વ્યસન આસક્તિના રંગે જીવનમાં ઊપસેલું છે.

પછીથી તો **હરિ**લીલા નીરખવા દિલ લાગ્યું છે,
વ્યસનને કારણે હૃદયે **હરિ** ચોંટી રહેલો છે.

હરિઃૐ

## हरिનાં ઉભય પાસાંનો

**हरि** છૂપો, ઘણો છૂપો સદા સંતાયેલો રહે છે,
છતાં પાછો થતો રહેતો જીવનમાં વ્યક્ત પોતે તે.

**हरि**નાં ઉભય પાસાંનો અનુભવ શો જરૂરી છે !
અધૂરું તે વિના જીવન બધુંએ ભક્તનું તો છે.

**हरि**ને નયન ખુલ્લાથી નીરખી, નીરખી હૃદય ભરવા
-તણો આનંદ મસ્તીનો વિરલ મહાલે કંઈક વીરલા.

સમસ્ત ભક્તનું જીવન ખરેખર એ જ માટે છે,
જીવનઆનંદ તે વિના જીવન મિથ્યા વીતેલું છે.

હરિઃૐ

# हरि કેવો રમે હૃદયે

જીવનમાં ભક્તિનો રંગ **हरि**નો જ્યાં મોરે છે,
હૃદય આનંદનો લહાવો અનેરો મસ્તીનો શો તે !

શી સંતાકૂકડી ત્યારે **हरि** કેવો રમે હૃદયે !
હૃદય વિયોગનોયે શો અલખ આનંદ ન્યારો તે !

**हरि**ના ભક્તને દિલથી અતૃપ્તિથી તડપતો જે,
**हरि**ને એ નીરખવાનો હૃદય લહાવો અનેરો છે !

**हरि**નેયે **हरि**ભક્ત દઈ દે ગાળ ત્યારે તે,
**हरि**ને કેટલું પ્યારું શું લાગે ભક્તનું બધુંએ !

હરિઃૐ

## જીવન સંતાયેલા **हरि**ને

**हरि**નું છૂપું જે જે છે **हरि**નું સૂક્ષ્મ, ગૂઢ જે તે,
જીવન સંતાયેલા **हरि**ને, અમારે શોધી લેવું છે.

જીવનમાં ભેખ લીધો છે બધું તે શોધી લેવાને,
જીવનમાં યજ્ઞ માંડ્યો છે ફળીભૂત તે થવા કાજે.

હૃદય માંડેલ તે યજ્ઞે જીવન સર્વસ્વ હોમી જે
સતત દેવાતણી લગની અમારે દિલ લાગી છે.

બધુંએ હોમી ત્યાં દેતાં, બધો ઓથાર ભાગ્યો છે,
નર્યો હળવો જ શો નરદમ જીવનમાં ત્યાં થયેલો જે.

હરિઃૐ

# **हरि**ની ભક્તિનો આશ્રય

**हरि**ને દિલ સ્મરી સ્મરીને **हरि**માં દિલ પલળવાને,
**हरि**ની ભક્તિનો આશ્રય હૃદયથી શો લીધેલો છે !

સ્મરણસાધન પ્રથમ પહેલું કૃપાથી તો મળેલું છે,
હૃદયનાં પ્રાર્થના સાધન નિવેદન ને સમર્પણ છે.

સ્મરી સ્મરીને **हरि** દિલમાં ભજન, કીર્તન થયેલાં છે,
ભજન, કીર્તન પ્રસાદીથી હૃદયમાં ભાવ ઊછળ્યો છે.

હૃદય સન્મુખતા નિત્યે, બધાં સાધન લળી લળીને
-**हरि**નાં ચરણમાં ભાવે થયાં મસ્તીથી તે તે છે.

થયેલાં સાધનોથી તે **हरि**નો ભાવ ઊભર્યો છે,
**हरि**ભાવે કરણ તે તે કૃપાથી મસ્ત પલળ્યાં છે.

હરિઃૐ

## હરિ શો દિલથી પ્યારો છે !

જીવનમાં એકલો માત્ર **હરિ** શો દિલથી પ્યારો છે !
**હરિ**ને દિલ રીઝવવાને બધું ઓવારી નાખ્યું છે.

અમારું જે હતું તે તે દઈ દીધું બધું જે જે,
અમારે હાથ પણ દિલ તો હવે તે ના રહેલું છે.

હૃદય તો માત્ર **હરિ**સ્મરણે ખરું ઘેલું થયેલું છે,
બધો સંસાર **હરિ**સ્મરણે નર્યો પીગળી ગયેલો છે.

**હરિ, હરિ** દિલ નિરંતર શું સતત પોકાર પાડે છે !
**હરિ** વિના હવે દિલને કશામાં રસ રહ્યો ના છે.

હરિઃૐ

## હરિમાં દિલ ગળેલું છે

વ્યવસ્થા, સર્વ ચોકસાઈ બધાં **હરિ**માં વળેલાં છે,
બધાં સાધન ઉમળકાથી થયાં તેથી કરેલાં છે.

**હરિ**નો ભાવ બઢવાને જીવનમાં એકધારો તે
-જીવંતો ચેતનાત્મક જ્યાં, શું સાધન દિલ ઊગ્યાં છે !

થયાં તે તે જતાં ભાવે, ભૂમિકા ભવ્ય જીવનમાં
-શી પ્રગટંતી, જીવંતી તે રમ્યા કરતી રહે છે ત્યાં !

બધાં **ગુણ, ભાવ** ને શક્તિ અનુભવ ઉગાડવા કાજે
-લીધાં ઉપયોગ, જેથી તો **હરિ**માં દિલ ગળેલું છે.

હરિઃૐ

# હરિમાં પ્રાણ મોર્યો છે

**હરિ**, **હરિ** દિલ સ્મરંતાંમાં હૃદયથી એકધારું જે,
**હરિ**નો ભાવ ફોરીને **હરિ**માં **પ્રાણ** મોર્યો છે.

જીવન જૂની દિશાનું જે, જીવનની જ્ઞાનઉષામાં
-જતું પ્રગટંતું ભાળંતાં, શી ચેતનની જીવનઉષ્મા !

પછીથી તો શિખર પર તે શિખરની પહોંચવાની જે
-સળગી લગની શી ઉત્કટ જે ! ભરાવી ફાળ એણે છે.

હતો જે પાંગળો, લૂલો ચઢાવી પહાડની ટોચે,
જીવનમાં તો હવે તેને મહાલાવ્યો સુખાનંદે !

હરિઃૐ

# બધું તે તે हरिનું છે

કલમ હું ખાલી માત્ર જ છું, કશું ડહાપણ ન મુજમાં છે,
કશુંક નીતરતું લાગે જો, બધું તે તે **हरि**નું છે.

કલમ મારી ચલાવે તે, કલમથી તે લખાવે છે
-કંઈક શી જ્ઞાનભક્તિથી ભરી વાતો સ્ફુરાવે છે !

ભૂમિકા જુદી જુદીનું કશું ના જ્ઞાન મુજમાં છે,
**हरि**નું સર્વ ડહાપણ તે, કળા એવી **हरि**ની છે.

મને બુડથલને તો **एणे** કલમ કેવી બનાવીને
-જીવનવિકાસની સૂક્ષ્મ ભૂમિકાઓ લખાવી છે !

હરિ:ૐ

## કળાલીલા હરિની શી !

જીવનમાં સાધના જેવી રીતે જે જે થયેલી છે,
હાવાં તે સ્પષ્ટ પ્રેરાવી મને **તેં** તે લખાવ્યું છે.

વિતાવ્યું જે રીતે જીવન, બધો ઈતિહાસ ખુલ્લો તે
-કરાવીને હવે તેને પ્રકાશનમાં ફળાવ્યો છે.

લખાશે એવું એવું જે નહોતું જાણ્યું કંઈ મેં તે,
થવાતાં વ્યક્ત તે રીતે, પ્રણામો શા થયા **હરિ**ને !

કળાલીલા **હરિ**ની શી ! જીવનમાં તે પ્રગટ થઈને,
જીવનમાં ઉત્તરોત્તર **તેં** મને કેવો બનાવ્યો છે !

હરિઃૐ

## हरि સંભાળનારો છે

કમીના ના કશી પણ છે, જીવનસગવડ મળી જે જે
-કૃપાબક્ષિસ **हरि**ની તે, હૃદયથી વહાલી લાગી છે.

મળે જે જે જીવનમાં તે પ્રદાન જ સૌ **हरि**નું છે,
પ્રતીતિ દિલ જ્ઞાનાત્મક કૃપાથી શી થયેલી છે !

જીવંતો આત્મવિશ્વાસ '**हरि** સંભાળનારો છે,
વળી માથે જ ગર્જંતો હજારો હાથવાળો છે !'

**हरि**માં નાહી ધોઈને થયાં વંદન **हरि**ને છે,
પ્રણામો ને પ્રણિપાત હૃદયભાવે થયેલા છે.

હરિઃૐ

## હરિનું વ્યક્ત દર્શન છે

સકળ બ્રહ્માંડ **આ** કેવું **હરિ**નું વ્યક્ત દર્શન છે !
જુદે જુદે જુદું જુદું બધે દર્શન તે ન્યારું છે.

બધાંની એકબીજાથી અલૌકિક શી હકીકત જે
-અનોખી જુદી જુદી છે ! બધે ના એકસરખું છે.

બધે વાતાવરણ જુદું, હકીકત સ્થૂળ જુદી છે,
હવા ને તેજ પણ જુદાં, જમીન પણ જુદી જુદી છે.

છતાં તે **એક હરિ**નાથી થયેલાં સર્વ સર્જન છે,
કળાલીલા **હરિ**ની શી જુદી જુદી લહેરે છે !

હરિઃૐ

# हरिनी સાથ આત્મીયતા

**हरि**ની સાથ આત્મીયતા જીવનમાં કેળવાઈ છે,
કૃપાથી યુક્ત મોરીને, જીવન તે શી લહેરી છે !

હૃદયસંબંધ **हरि** સાથે થયેલો જે જીવનમાં છે,
જીવંતો સંકળાયેલો **हरि**ના ભાવના તારે.

થયેલાં પ્રાર્થનાદિ જે હૃદયના ભાવથી સાધન,
ફળંતાંમાં કૃપાથી સૌ, ફળ્યું તેથી જીવનભાગ્ય.

**हरि**થી નોતરાયેલો હું મૂર્ખ જેવો તેવો જે
-કૃપાથી સંઘરાયેલો, હવે શરણે ચરણમાં છે.

હરિઃૐ

# **હરિ**ની સહાય પ્રત્યક્ષ

**હરિ**માં લક્ષ ધરવાને હૃદયના ભાવથી કરીને
-મથ્યો શો આવડ્યું તેવું, કૃપા ત્યાં શી **હરિ**ની છે !

વફાદારી હૃદયમાં જ્યાં, પ્રમાણિકતા શી સંપૂર્ણ
-તહીં પ્રગટેલ જીવન જો, **હરિ**ની સહાય પ્રત્યક્ષ.

સફાચટ સ્વચ્છ જે કાચ હૃદય તેવું જ ખુલ્લું છે,
હૃદયની ધા **હરિ**ચરણે થતાં, શી સહાય પ્રત્યક્ષે !

અનેકે વાર જીવનમાં પ્રયોગે તે અનુભવીને
-હૃદયના મસ્ત ભાવેથી હૃદયથી વ્યક્ત કીધું તે.

**હરિ**માં જો ભરોંસો છે જીવંતો એકધારો તે,
ઘડાવાને પૂરા પાત્ર જ ખરેખર મર્દ એવા જે.

હરિઃૐ

# हरिમાં હેત ધરવાનો

**हरि**માં હેત ધરવાનો જીવનનો ટેક પાકો છે,
કશું સંસારની સામે ન જોવાયું જ તેથી તે.

જીવનના ધ્યેયની સાથે ધગશ ઉન્મત્ત પ્રગટી છે,
ફુવારા પેર ઊછળતી ઊંચે ઊંચે શી આકાશે !

હૃદયના ભાવનો એવો નશો અલમસ્ત ઑર જ જે,
જીવનમાં તેથી **एक** જ વિશે એણે દૃઢાવ્યો છે.

કળા તેવી બધી **हरि**ની, શહૂર તેવું ન મારું છે,
**हरि**ની તે કૃપાનું શું હું તો હથિયાર માત્ર જ તે.

હરિઃૐ

# હરિ તુજ હેતુ પ્રીછવાને

અનેકે રીત **હરિ તેં** શો નર્યો ગદડી જ ગદડીને,
બધાં છાલાં ઉખાડીને, તને લાયક કરાવ્યો છે.

જીવનમાં એમ ગદડાતાં, કૃપા કર્તવ્ય તે તારું
-ન પૂરું ખ્યાલ ઊતરેલું, ખરેખર યોગ્ય રીતિનું.

પરંતુ એમ બહુ વેળા થતું જ્યાં જીવને લાગ્યું,
**હરિ** તુજ હેતુ પ્રીછવાને ઊંડી મતિ ઊતરી ત્યાં શું !

કૃપા અદ્‌ભુત ચમત્કારિક **હરિ** તારી થતાં, પળ તે,
**હરિ**લીલા બધી સ્પષ્ટ જ મતિમાં ઊતરેલી છે.

હરિઃૐ

# **हरि વિના હવે આરો**

જીવનમાં કારમી વેળા ભયંકર કેવી ઊગી છે !
કશી કારી ન ફાવે ત્યાં, ઊંધા પાસા પડે ત્યાં તે.

જીવનમાં ગણતરી સર્વ ઊથલી પડતી જ્યહીં લાગે,
શું ડામાડોળ જીવનમાં થતું જ્યાં સર્વ તે લાગે !

**हरि** વિના હવે આરો બીજો કોઈ રહ્યો ના છે,
મદદ **हरि**ની થવા કાજે હૃદય બાંગ જ પુકારી છે.

ઘણો કેવો તપાવ્યો છે ! વળી અગ્નિથી બાળ્યો છે,
બનાવી રાખ મૂક્યો છે લીલા ત્યારે નિહાળી છે.

હરિઃૐ

# હરિ તારી નજીક ઢૂંકવા

**હરિ** તારી નજીક ઢૂંકવા ધીમે ધીમે ખસી ખસીને
-લપાવા સોડમાં તારી, ઉધામા શા થયેલા છે !

ઘડીક શો પાસમાં તારી નજીકમાં જ્યાં ઊભો છું જે !
કહીંક શો દૂરનો દૂર **હરિ** ભાગી જતો તું છે.

રહી રહી દૂર દૂર કેવાં કર્યાં લટકાં કરે છે તું !
હૃદય આકર્ષી આકર્ષી હૃદયમાં ખેંચતો તું શું !

થતાં પાસે, વળી પાછો **હરિ** તું વેગળો ભાસે,
રમત એવી રમાડીને હવે પદમાં ઠરાવ્યો છે.

હરિઃૐ

# પહોંચાશે જ હરિચરણે

અવળચંડી જીવનની શી ગતિ જ્યાં તે થતી લાગ્યે !
સફાળું કેવું ઓચિંતું કૃપાથી તો જગાયું છે !

ફડાકો મારી મારીને ઊડે કેટલુંક ચકલી તે !
ગતિ એવી **હરિ** મારી, છતાં ઊડવાનું રાખ્યું છે.

પહોંચાશે, ન પહોંચાશે, કશું દિલ ના વિચાર્યું છે,
જવા ઢૂંકડે બધા યત્ન જ થયા નિત્યે કરેલા છે.

હૃદયમાં ‘એક દિન ધામે પહોંચાશે જ **હરિ**ચરણે
-રણકતો આત્મવિશ્વાસ’, ઢળાયું તેથી તો શરણે.

હરિઃૐ

## **હરિ તેં તુજ સહકાર**

‘જીવનમાં રસનું ચરણામૃત પીતાં રહીને, પીતાં રહીને,
જીવનનું ભાગ્ય ફળવાને ચરણમાં હું ઢળેલો જે.’

ધીરે ધીરે ખસી ખસીને, હૃદય હિંમત લગાવીને,
સરકતો પાસમાં નજદીક અવાવાને મથાયું છે.

જરીક પડખે અવાતાંમાં હૃદય જ્યાં રસ પડેલો છે,
વધારે ને વધારે શું સરકતું ત્યાં જવાયું છે !

**હરિ** સહકાર **તેં** તારો છૂપો, ગૂઢ બક્ષતો રહીને
-હૃદય શો પ્રેરણાત્મક **તેં** નજીક ઢૂંકડો ધપાવ્યો છે !

હરિઃૐ

# હરિની સાથ જીવવું છે

અમારે દિલ જીરવવો **હરિ** અઘરો પડેલો છે,
છતાં **હરિ**ને પચવવાને હૃદય જહેમત લગાવી છે.

કદીક શો પેટમાં ખૂંચે ! હૃદય શી શૂળ પ્રગટાવે !
કદી ના જંપ વળવા દે, **હરિ** પર ખીજ દિલ આવે.

**હરિ** ના હાથમાં આવે, ખબર પાડી નહિતર દઉં,
પછી હિસાબ **હરિ**નો લઉં, કહીં કહીં મસ્ત ભટકે છે !

હૃદય હોવા છતાં, ક્યાં ક્યાં રમ્યા કરતો જ ભાગે છે !
ન છેડો ક્યાંય આવે છે, **હરિ** એવો રખડતો જે.

છતાં પાછળ પડી પડીને **હરિ**ની સાથ જીવવું છે,
હૃદયની મસ્તીથી ચાંપી હૃદય તે ઝબોળવાનો છે !

હરિઃૐ

# હરિમાં એક રમવું છે

**હરિ**માં દિલ ધારીને, **હરિ**માં લક્ષ વીંધીને,
**હરિ**માં **પ્રાણ** પ્રેરીને હૃદય પરણેલ **હરિ**ને છે.

હૃદયથી સંગ કરવાને હૃદય તલપી રહેલું છે,
સજીને સોળ શણગારે હૃદય શી રાહ નીરખી છે !

**હરિ**થી તે રતિ વિશે હૃદય રસથી શું ઝંખ્યા છે !
થતાં રસથી જ નિષ્પન્ન હૃદયમાં ભાવ ઊછળ્યો છે.

છતાં **હરિ**સુખ અધૂરું છે, હૃદયથી પ્રાપ્ત કરી કરીને
-થઈ થઈ દિલ ન્યોછાવર **હરિ**માં **એક** રમવું છે.

હરિઃૐ

## हरि કેવો ઠગારો છે !

કહીં, કહીં શો **हरि** પોતે જઈ, જઈ અવતરે છે તે !
રમત કેવી રમ્યા કરતો ! ઠરે જ્યાં, ત્યાં જ શો રહે તે !

ભળે જેમાં, **हरि** તેમાં થતો શો એક તદ્રૂપે !
ભળી સંપૂર્ણ, **हरि** પોતે થતો છે તે જ રૂપે તે.

**हरि** શો ત્યાં છુપાઈને **हरि** પોતે જ ભૂલે છે
-બીજાં રૂપો ધરી ધરીને કરે આત્મસમર્પણ તે.

ભળી જઈને છૂપો, છૂપો કરે નખરાં ભલી ભાતે,
અનંતાનંત રૂપવાળો, **हरि** કેવો ઠગારો છે !

હરિઃૐ

## હરિ, હરિ દિલ ઝંખે છે

**હરિ** તલસાવી મારે છે, ન ઢૂંકડો પાસ આવે છે,
**હરિ**, **હરિ** દિલ ઝંખે છે, છતાં **હરિ**ને કશું ના છે.

હૃદયની ઝંખના ઉત્કટ **હરિ** કાજે શી ઊભરે છે !
હૃદય શું ઝંખી ઝંખીને **હરિ**, **હરિ** બૂમ પાડે છે.

જીવન સર્વસ્વ હોમાઈ **હરિ**ચરણે ગયેલું છે,
હૃદયના ભાવ ઉમળકે અમારાથી થયું તે છે.

હૃદયનો હર્ષ ઉન્માદ અમારે દિલ **હરિ** અર્થે
-જીવંતો મસ્ત પ્રસ્થાપિત થવા, શું દિલ ફૉર્યું છે !

અમારે ને **હરિ** વચ્ચે ખરી પળ શી ઊગેલી છે !
**હરિ**નાતો, હૃદયનુંયે ઊંડું સગપણ થયેલું છે.

હરિઃૐ

## हरि તોયે બધાંમાં છે

જરા પણ કંઈ **हरि** સાથે અમારે ના ઝઘડવું છે,
છતાં પણ શો હૃદય અમને **हरि** તતડાવી મારે છે !

ન ઓળખતું **हरि** કોઈ, ન પહેચાન **हरि**ની છે,
**हरि**નાં રીતરસમકેરી કશી કોઈને ન જાણ જ છે.

**हरि**ને તોય શા લોકો નકામો ચગદી મારે છે !
**हरि** કેવો છતો સહુના હૃદયમાં ગૂઢ પોતે છે !

**हरि**ને કોઈ ન જાણે છે, **हरि**ને કોઈ ન પૂછે છે,
ગણતરીમાં ન કંઈ **हरि** છે, **हरि** તોયે બધાંમાં છે.

હરિઃૐ

# हरि સાકારનું દર્શન

**हरि** વિના હવે કોઈ જીવનઆધાર ના મુજને,
જીવન સર્વસ્વ **हरि** મારો, હકીકતમાં **हरि** જ મુજને.

**हरि** વહાલો જીવનમાં તો હૃદય શો સર્વશ્રેષ્ઠ જ છે !
વણાયેલો જીવન તાણા અને વાણા વિશે **हरि** છે.

**हरि** વિના હવે કોઈનું કશું અસ્તિત્વ પણ ના છે,
**हरि** જેમાં અને તેમાં ખરેખર ગૂઢ શો પોતે !

બધા ગુણધર્મ આત્માના જીવનમાં જ્યાં પ્રગટતા છે,
**हरि** સાકારનું દર્શન ખરેખરું તેજ પ્રત્યક્ષે.

હરિઃૐ

## हरिनां તે ચરણકમળો

**हरि**નાં તે ચરણકમળો પખાળીને, પખાળીને
-હૃદયમાં, ભાવ ચરણામૃત ધરાઈને પીધેલું છે.

જીવનમાં તેથી તો ભક્તિ હવે **हरि**ની શી લાગી છે !
**हरि** વિના જીવનમાં તો બીજું કોઈ ન વહાલું છે.

**हरि**માં દિલ પરોવાઈ ગયેલું મસ્ત દિલ ભાવે,
અનુભવવા **हरि**પાસાં જીવન **આ** મહાલવાનું છે.

ઊછળતો મસ્ત આનંદ જીવનમાં જે પ્રવર્ત્યો છે,
બધાં લક્ષણ ફૂટેલાં છે જીવનમાં તે પરત્વે જે.

હરિ:ૐ

# हरिने દિલ પ્રત્યક્ષ

**हरि**ની છેક નજદીકમાં જવાવાને, જવાવાને,
મહત્ત્વાકાંક્ષાથી દિલમાં ઉમળકો ઑર સેવ્યો છે.

હૃદયનો જ્યાં પરિચય તે પરસ્પરનો થયેલો છે,
પરસ્પરથી ભળાવાનું મળાવાનું થયેલું છે.

**हरि**માં તે પછીથી તો ખરેખર દિલ વળેલું છે,
**हरि**માં માત્ર ભક્તિથી હૃદયમાં રંગ મોર્યો છે.

**हरि**ને દિલ પ્રત્યક્ષ અનુભવીને, અનુભવીને,
જીવનરસથી નીતરતું **आ**, અહા ! સદ્ભાગ્ય કેવું છે !

હરિઃૐ

## સ્વરૂપ હરિનાં શું ત્યાં ન્યારાં !

બધું જે જે શું અસ્તિત્વ જીવનને મહાલવા કાજે !
જીવનઆનંદની મસ્તી છલકવાને મળેલું છે.

**હરિ**નો વ્યક્ત જીવનમાં થતો આનંદ **હરિ**થી જે,
જીવન અસ્તિત્વને લીધે અનુભવ દિલ પ્રકાશે છે.

છૂપો **હરિ** જે રહેલો છે, મજા જે શોધવામાં છે,
મળ્યા પછીનો હૃદય પડતો નર્યો આનંદ જુદો તે.

અનોખા બેઉ આનંદતણી સરખામણી કરતાં,
ઉભય આનંદમાંયે તે સ્વરૂપ **હરિ**નાં શું ત્યાં ન્યારાં !

હરિઃૐ

# हरिमां દિલ લગાવ્યું છે

હૃદયમાં દમ લગાવીને **हरि** પાછળ પડી પડીને,
**हरि**ને શોધી શોધીને **हरि**માં દિલ લગાવ્યું છે.

પ્રણામો ને નમસ્કારો હૃદયભક્તિથી કરી કરીને,
હૃદયનો ભાવ પ્રગટાવા જીવનમાં સૌ થયેલું છે.

હૃદયના ભાવ વિનાનું જીવન જીવવું ગમેલું ના,
હૃદયમાં ચેન ત્યાં પડવા સ્મરણ, કીર્તન થયું દિલમાં.

ભજન, કીર્તન, સ્મરણની ને નિવેદનની, સમર્પણની
–ચરણમાં અંજલિ દઈ દઈ સતત અર્ઘ્ય જ સમર્પ્યો છે.

હરિઃૐ

## हरिજીવન અનુભવવા

**हरि** મુજ જિંદગાની **આ** કૃપાની ભવ્ય બક્ષિસ છે,
**हरि**જીવન અનુભવવા મને તે અર્થ લાધી છે.

શું પાત્ર જ માનવીજીવન અનુભવવા **हरि**ને તે
-મહામોંઘામૂલું કેવું જીવન **हरि**એ જ બક્ષ્યું છે !

ખરેખર માનવીજીવન વિના કો બીજી યોનિમાં
-અનુભવવાની કૈં શક્તિ **हरि**ને છે જ ક્યાંયે ના.

મળ્યું જીવન શું તે અર્થે ! કૃપાથી દિલ પ્રતીતિ તે,
મથાવીને, મથાવીને હૃદય પ્રેરાવિયું ચરણે.

હરિઃૐ

## નયનમાં તેં હરિરસનું

સરકવા દિલ તુજ પાસ હૃદય શી રીત **તેં** મુજને
-શું આકર્ષણ જમાવીને કળા અદ્‌ભુતથી ખેંચ્યો છે !

જીવનના ચેનચાળાને બધા ભુલાવી દીધા છે,
-હવે બસ શો **हरि**ચરણે વહેવા મુગ્ધ કરિયો છે !

સતત પાસે, વધુ પાસે **हरि** તુજ આવવાને તે
-ચમત્કારિક આકર્ષણ **हरि तें** શું લગાડ્યું છે !

અને ભૂરકી લગાડીને ચરણ સ્પર્શાવીને તારે,
નયનમાં **तें हरि**રસનું મને અંજન લગાડ્યું છે.

હરિઃૐ

# હરિ કેવો વસેલો છે !

જરીક પાસે, વધુ પાસે ચરણ આકર્ષીને તારે
-મને સંપૂર્ણ જીવનમાં કર્યો શો મુગ્ધ તુજ વિશે !

જીવનમાં ગાંડપણ મસ્ત ચરણમાં **તેં** લગાડીને
-હવે બસ તુજ વિના કોઈ બીજું જીવન રહ્યું ના છે.

સતત બસ તુજ ઝાંખીની હૃદયમાં ઝંખના શી છે !
**હરિ, હરિ** મસ્ત રટવાની હવે તો ના જરૂર રહી છે.

**હરિ**ને યાદ કરવાની હવે મહેનત ના રહી છે,
નિરંતરનો જીવન મારે **હરિ** કેવો વસેલો છે !

હરિઃૐ

# हरिनां નિત્ય ને નિત્ય જ

**हरि, हरि** કેવું જીવનમાં સહજમેળે રટણ જે છે,
રટણ પણ તે હૃદય હાવાં સ્વરૂપે ભાવ પ્રગટ્યું છે.

નિરંતરના હૃદયભાવે જીવન જે **जीवदशा**નું જે,
બધી રસની જ માત્રાથી જીવન તે ફેરવાયું છે.

જૂના જીવનના ચીલાઓ હતા જે પ્રકૃતિના તે,
**हरि**રસના નર્યા સ્પર્શે નૂતન અવતાર પામ્યા છે.

**हरि**નાં નિત્ય ને નિત્ય જ નૂતન દર્શન શું નૌતમ જે,
બધાં મૌલિક સ્વરૂપે તે થયા કરતાં જ લાગે છે.

હરિઃૐ

# हरि પ્રત્યેની નિસરણી

**हरि** પ્રત્યેની નિસરણી મળી જે ઊર્ધ્વ ચઢવાને,
બધાં અજ્ઞાનનાં સૂચન ટળી ત્યારે ગયેલાં છે.

હવે તે **જીવદશા**ની સૌ ઊગંતી પ્રેરણા જે તે
-બધાં અદૃશ્ય શાં મેળે થતાં તે તે ગયેલાં છે !

**हरि**માં જ્યાં મનાદિ સૌ પલળવા મસ્ત લાગ્યાં છે,
તહીંની ભૂમિકાઓની જુદી શી પ્રેરણાઓ છે !

જૂના જીવનના સૌ ચીલા ભુસાતા શા ગયેલા છે !
હવે એનાં ઊંચાં માથાં ન એ રીતે થતાં રહે છે.

હરિઃૐ

# **हरि**ના દિલની સોબત

**हरि**માં ને **हरि**માં દિલ **हरि**થી રાચવાનું છે,
હૃદયથી ગેલ કરી કરીને શું રમવાનું જ સાથે છે.

કદીક શા એકલા માત્ર શું દેખાતા અમે હઈએ !
**हरि** વિના છતાં ક્યાંયે રખડતા ના અમે છીએ.

**हरि**ના દિલની સોબતતણો ચસકો પડેલો જે,
**हरि**માં ખેલવા કેવો નશો દિલમાં ચઢાવે તે !

નશામાં મસ્ત ચકચૂર હૃદય ગુલતાન મદમસ્ત
-બધુંએ ભાન પણ ભૂલીએ, છતાં **हरि** દિલ પ્રત્યક્ષ.

હરિઃૐ

# हरिમાં જીવવા પૂર્ણ

**हरि**માં જીવવા પૂર્ણ જીવનનો ભેખ ધાર્યો છે,
હવે પૂરી ભજવવાની ખરી તક સાંપડેલી છે.

કદીક નાપાસ સંપૂર્ણ જીવનમાં હું થયેલો છું,
છતાં હિંમત ન છોડી છે, ઊભો થઈ શો મથેલો છું !

તને વરવા ઉમળકો જે હતો સંપૂર્ણ તો દિલથી,
કૃપા એવી હતી તારી મથાવાનું થયું તેથી.

કદીક છૂટી ગયો લાગું, છતાં શો પકડી રાખ્યો છે
-મને તુજ જાળમાં કેવો ! હૃદયમાં કેમ ભૂલું તે ?

હરિઃૐ

## અમે હરિના નર્યા માત્ર જ

અમારું ને **હરિ** તારું હૃદય સગપણ થયેલું જે,
અમારો તોર જીવનનો કૃપાબળથી જ ન્યારો છે !

હૃદયસગપણ **હરિ**નું તે અમે તો એકલાનું તે
-હૃદયમાં ના કદી માન્યું, **હરિ** તો શો બધાંનો છે !

**હરિ**ની પર અમે માની ન માલિકી અમારી તે,
છતાં માલિક જીવનકેરો અમારો શો **હરિ** તે છે !

**હરિ** પર ચાલવાકેરો અમારો કોઈ ન દાવો છે,
'અમે **હરિ**ના નર્યા માત્ર જ,' અમારે એટલું બસ છે.

હરિઃૐ

## हरि તુજ સૂક્ષ્મ અણસારે

**हरि**માં ખેલવાનો શો જીવનનો જંગ માંડ્યો છે !
બધે જેમાં જ તેમાંથી નીકળવું સોંસરું ચહ્યું છે.

ચહ્યું ના માત્ર, શું કેવું કૃપાથી તો મથાવીને
-પ્રવેશવા **हरि**માંહી જહેમત લેવરાવી છે !

હૃદય તુજ પાસ ખેંચીને, અદીઠ આકર્ષણે હૃદયે
-**हरि** તુજ સૂક્ષ્મ અણસારે, ઈશારે ખેંચી લીધો છે.

નયનનાં ઈશ્ક લટકાંથી હૃદય વારી ગયેલું છે,
હવે તો પાશમાં તારા હૃદય આવી ચૂકેલા જે.

હરિઃૐ

## જીવનનો શો हरि વહાલો !

જીવનનો શો **हरि** વહાલો ! જીવનમાં તે પ્રવર્ત્યો છે,
જીવનમાં તે પ્રવર્તીને શું બંધાયો સંબંધ જ તે !

બધે આગળ ને પાછળમાં **हरि** સાથે જ ગોઠડી છે,
**हरि**માં ભાવમસ્તીની જીવન વાગેલ છાલક છે.

શરીરથી જીવવું, મરવું જીવનમાં છો રહેલું જે,
પરંતુ દિલ દિલનું જે હૃદયસગપણ નિરંતર છે.

છૂટાછેડા હવે કોના થકી, જીવનમાં કરવાના ?
હવે માથે લખ્યા લેખ જ કદી પણ ના જ ફીટવાના.

હરિઃૐ

# હરિનું સર્વ બ્રહ્માંડ

બધુંએ વાસ્તવિક જ છે શું સ્વાભાવિક બધુંએ છે !
**હરિ** જેમાં અને તેમાં ભરેલો મસ્ત ભરપૂર છે.

**હરિ**નું સર્વ બ્રહ્માંડ **હરિ**માં ને **હરિ**થી છે,
**હરિ**માં ઓતપ્રોત જ તે જુદાં જુદાં સ્વરૂપે છે.


ભલે દેખાય ના **તે** તો, ભર્યો કેવો છતાં શો **તે** !
જીવનમાં ફેરફારો તે થતાં **તેનાથી** લાગે છે.

નયન ખૂલતાં, હૃદય ખૂલતાં જીવન ખુલ્લું થતાંમાં **તે**
-નર્યો શો સાવ પ્રત્યક્ષ રસીલો **તે** જીવનમાં છે !

હરિઃૐ

# ખંડ - ૩

# સ્મરણ દિલથી થતાં



જીવનનાં નૂર ને શક્તિ સ્મરણથી શાં મળેલાં છે !
સ્મરણનો મેં પ્રયોગાત્મક અનુભવ તો કરેલો છે.

હરિઃૐ

# સ્મરણ દિલથી થતાં ભાવે

સ્મરણ **હરિ**નું હૃદય સ્મરતાં, સ્મરણને ચાલુ રાખ્યું છે,
સ્મરણ દિલથી થતાં ભાવે સ્મરણમાં જોશ મોર્યું છે.

સ્મરણમાં દિલ ભેળાતાં, સ્મરણમાં રંગ મસ્તીનો
–ચમત્કારિક નશો દિલમાં જીવન મારે ચઢેલો શો !

સ્મરણનું તાન જોશીલું શું વેગીલું પ્રચંડ જ તે !
બધા અવરોધને ફેંકી દઈ, ધસમસતું વહેતું છે.

સ્મરણની સાધના ઉગ્ર કૃપાથી થઈ શકેલી છે,
સ્મરણને તેથી મેં દિલની ભરી મસ્તીથી ગાયું છે !

હરિઃૐ

## સ્મરણનો મેં પ્રયોગાત્મક

સ્મરણથી જીવતું રહેવા શી આકાંક્ષા હૃદયની છે !
સ્મરણ વાગોળી વાગોળી સ્મરણને મેં વલોવ્યું છે.

જુદી જુદી રીતે કેવું સ્મરણને મેં ભજેલું છે,
જીવનદાતા ખરું તેથી સ્મરણ મુજને બનેલું છે.

સ્મરણનો ભાવ હૃદયમાં ઊગી કેવાં નયનપટને
-દઈ પલટાવી સંપૂર્ણ, નવો સૂરજ ઉગાડ્યો છે.

જીવનનાં નૂર ને શક્તિ સ્મરણથી શાં મળેલાં છે !
સ્મરણનો મેં પ્રયોગાત્મક અનુભવ તો કરેલો છે.

હરિઃૐ

## સ્મરણનો દિલ અનુભવ છે

સ્મરણને ખાલી ખાલી મેં કદી અમથું ન ગાયું છે,
સ્મરણને નાણી જોઈને રહસ્ય પ્રીછી ગાયું છે.

સ્મરણથી માતબર શક્તિ જીવન પ્રગટેલ કેવી તે !
વિના અનુભવ ન કોઈએ જીવનમાં પ્રીછી શકશે તે.

સ્મરણથી કેવું જીવનનું ફરી મોઢું ગયેલું છે !
અભિમુખતા **હરિ** પ્રત્યે પૂરેપૂરી વળેલી છે.

સ્મરણ કેવું પ્રબળ સાધન પ્રયોગે જે મચેલો છે,
સ્મરણનો દિલ અનુભવ છે, સ્મરણની શક્તિ પ્રીછે તે.

હરિઃૐ

## સ્મરણમાંથી જીવનઅમૃત

સ્મરણમાંથી હૃદયભાવ શું અલમસ્ત વહેતો છે !
સ્મરણમાંથી જીવનઅમૃત હૃદય પીવા મળેલું છે.

સ્મરણને દિલ ભજેલું છે, સ્મરણથી મન વળેલું છે,
સ્મરણ તો કામધેનુ શું જીવન મુજને મળેલું છે !

સ્મરણથી ભક્તિ લાગંતાં જીવનની આડીઅવળી તે
-બધી દૃષ્ટિ ફરી જઈને, નવી આંખો ઉઘાડી છે.

સ્મરણ જીવનમાં પહેલો તે શ્રીસદ્‌ગુરુ શો મળેલો છે !
સ્મરણથી શિખવાયું જે, જીવન તેણે સુધાર્યું છે.

હરિઃૐ

## સ્મરણથી ઊઘડી આંખો

સ્મરણ **હરિ**નું હૃદય ભજતાં સ્મરણને હું વરેલો છું,
સ્મરણથી ભાવનું કેવું પ્રદાન જ તે થયેલું છે !

સ્મરણથી ઊઘડી આંખો જીવનતત્ત્વ નિહાળીને
-સ્મરણની શક્તિને કેવી અનુભવથી પિછાણી છે !

સ્મરણની શક્તિ કેવી તે શકે પ્રીછી જ કોઈક તે
-સ્મરણને માત્ર તે હેતુ થકી મેં વ્યક્ત ગાયું છે !

સ્મરણની સાધના જેવી જીવનમાં જે થયેલી છે,
હવે શી ખુલ્લેખુલ્લી તે જગતચરણે નિવેદી છે !

હરિ:ૐ

# સ્મરણમાંથી જીવન શક્તિ

સ્મરણમાંથી જીવન શક્તિતણો અનુભવ થયેલો છે,
બધાં કામાદિ વલણો શાં થતાં મોળાં જણાયાં છે !

સ્મરણથી ભક્તિનો મહિમા અનુભવથી પિછાણ્યો છે,
સ્મરણ એકાગ્રતા કેવી જીવન પ્રગટાવતું રહે છે !

જીવન એકાગ્રતાથી તે હૃદયનું ભાવ સાતત્ય
-જીવંતું કેવું પ્રગટે છે ! અનુભવ સત્ય શો શિક્ષક !

મનાદિ સૌ રહે કેવાં ખરું તે વ્યક્ત લક્ષણ છે !
ખરું તે માપ ધારીને બધું જે તે પરીક્ષ્યું છે.

હરિ:ૐ

## સ્મરણમાં દિલથી શ્રદ્ધા

સ્મરણની જાદુ માયાની કળા જીવનમાં પ્રીછીને,
થઈ કાયાપલટ કેવી સ્મરણથી દિલ નાણી છે.

ભલે ના માનતા હો તે, છતાં એમાં પડી જોઈ
-ઝઝૂમીને ઝુકાવાતાં, સ્મરણ આવે જ પરખાઈ.

સ્મરણ જ્યારે શરૂ શરૂમાં લીધેલું તે હતું ત્યારે,
સ્મરણમાં દિલથી શ્રદ્ધા નહોતી મુજમાં સહેજે.

પરંતુ જ્યાં સ્મરણ મુજથી શું લેવાયા કરાયું છે !
સ્મરણની દિલમાં શ્રદ્ધા શી પાંગરતી જણાઈ છે !

હરિઃૐ

# સ્મરણથી ભાવગંગા જે

પ્રયોગાત્મક રીતે ભાવે સ્મરણ મસ્તીથી ગાયું છે,
સ્મરણ ગાથાતણો ગૂઢ બધો ઈતિહાસ ન્યારો છે.

સ્મરણથી ભાવગંગા જે વહેતી શી થયેલી છે !
પવિત્ર જ સર્વ જીવનને કરી શી દેતી ગંગા તે !

સ્મરણની શક્તિ જીવનને અભિનિવેશ અભ્યંતર
-પહેરાવી, જુદાં જુદાં રૂપે અનુભવનું તે જીવન.

સ્મરણતાકાત કેવી તે સ્મરણ અભ્યાસથી મુજને
-હૃદય નક્કર પ્રમાણીને પ્રયોગોથી પિછાણી છે.

હરિઃૐ

## સ્મરણના શા પ્રતાપે તે

જીવનધંધો સ્મરણકેરો અમે દિલથી સ્વીકાર્યો છે,
સતત તે ખેડવાનો શો અજંપો દિલ સેવ્યો છે !

વધારે ને વધારે તે થવા તેમાં નફો પૂરતો,
હૃદયથી લક્ષ રાખી તે અમે વેપાર છે ખેડ્યો.

સમૂળું લક્ષ વ્યાપારે સતત દીધા કરેલું છે,
સ્મરણથી કેટકેટલુંયે કમાવા તો મળેલું છે.

જીવનનું સર્વ દેવાળું નીકળી ચૂક્યું હતું, તેને
-બધું ભરપાઈ કીધું છે, સ્મરણના શા પ્રતાપે તે !

હરિઃૐ

# સ્મરણની મસ્ત દુનિયામાં

સ્મરણની મસ્ત દુનિયામાં અમે જીવ્યા કરેલું છે,
જહેમત શી જબરજસ્ત હૃદય તે અર્થ લીધી છે !

સ્મરણ અર્થે જહેમત જે હૃદય લેવાઈ રહેલી તે
-મજા આનંદ ઉત્સાહ મળ્યાં તેમાં કરેલાં છે.

હૃદય ઉત્સાહને લીધે સ્મરણ અખંડતા જીવને
-ફૂટી, વહેતી થયેલી છે, જીવનઆનંદ તેનો છે.

જીવનને જીવવા લહાવો હવે કેવો મળેલો છે !
જીવન તે ના જીવન હાવાં, વ્યસન મસ્ત ચરણનું છે.

હરિ:ૐ

## રતન, એવું સ્મરણ મુજને

વ્યસનનો મસ્ત આનંદ જીવનમાં શો જ મલકે છે !
વ્યસનના તે અનુભવી મન વ્યસનનું દર્દ મહાલે છે !

સ્મરણથી ભક્તિ પ્રગટીને વ્યસન દિલ તેથી લાગ્યું છે,
વ્યસન તે ભક્તિનું સાચું જીવંતું કેવું લક્ષણ તે !

હૃદયભક્તિનું આત્યંતિક વ્યસન આખરનું પગલું છે,
સ્મરણની ભક્તિની કેવી ઝલક જીવનમાં ઝળકી છે !

પ્રસાદી પુણ્યસલિલા જે કૃપાથી તો મળેલી છે,
ગરીબનું ચીંથરે બાંધ્યું રતન, એવું સ્મરણ મુજને.

હરિ:ૐ

# સ્મરણઆનંદની માત્રા

સ્મરણ દિલથી જ લેવાતાં સ્મરણભરતી ચઢેલી છે,
ચડસ કેવો સ્મરણકેરો જીવન મુજને ચઢેલો છે !

ચડસમાં ને ચડસમાં તો સ્મરણમાં રસ બઢેલો છે,
સ્મરણરસની જ સંગાથે હૃદય ઊછળતું સ્મરણે છે.

સ્મરણઆનંદની માત્રા શી બઢતી ઉત્તરોત્તર તે !
હૃદયઆનંદ રસ હેલે જીવન રસવંત કીધું છે.

હિમાલય જેવડાં મોજાંતણી ભરતી ચઢેલી છે,
જીવનને આવરી લઈને જીવનમસ્તીની હેલી છે.

હરિ:ૐ

## સ્મરણની મહાપ્રસાદી શી !

જીવનના ક્લેશ કંકાસો બધા વામી ગયેલા છે,
હવે ગઈ કાલનાં સ્વપ્નાં જીવનનાં તે બનેલાં છે.

જીવન સૌ ગૂંચવાડાથી થઈ જ મુક્ત ગયેલું છે,
સ્મરણની મહાપ્રસાદી શી ! સ્મરણનો તે પ્રભાવ જ છે.

સ્મરણની ભક્તિથી જીવવું જીવનની મોજ કેવી તે !
ન કોઈની કલ્પનામાં તો કદી પણ આવી શકશે તે.

જીવનની ઊર્ધ્વકક્ષાની શી અતિ ઉચ્ચ જ ઉન્મત્તતા !
બહેલાવે જીવનની તે શી સમગ્રતા વિશે દિલમાં !

હરિ:ૐ

## સ્મરણ કેવું ચઢાવે છે !

બધી સંસારની માયા **હરિ**ચરણે સમાઈ છે,
**હરિ**ના પાદના સ્પર્શે જીવનલહાવો જ મોર્યો છે.

બધી અડચણતણા પ્રશ્નો, ગૂંચો, વિઘ્નો, જીવનમાંનાં
-બધાં અદશ્ય સંપૂર્ણ કૃપાથી તે થયેલાં શાં !

હવે બસ રસ અને રસ છે, રસોર્મિ મસ્ત ઊછળે છે,
રસાનંદ ઉદધિનો શો જીવનભરતીનો ઠેલો છે !

જીવનને કેટલે ઊર્ધ્વે સ્મરણ કેવું ચઢાવે છે !
સ્મરણનો પાસ લાગંતાં, જીવન હેલે ચઢેલું છે.

હરિઃૐ

## બલિહારી સ્મરણની તે

સ્મરણથી ભક્તિની માત્રા ચગી શી ઉત્તરોત્તર છે !
બીજા કોઈ ધમપછાડાને હવે સ્થાન રહ્યું ના છે.

જુદા જુદા ઉછાળા શા જીવનને છેડતા, તે તે
-બધા સંપૂર્ણ કેવા દિલ હવે વામી ગયેલા છે !

કૃપા પ્રત્યક્ષ વર્ષતી જીવન મુજ પર રહેલી છે,
ભીનું ભીનું થવાયું ને સમગ્રતાય પલળી છે.

કટાક્ષે શા કૃપાકેરા ઉપાધિ, આધિ, વ્યાધિ તે
-જીવનની શી ઊડી ગઈ છે ! બલિહારી સ્મરણની તે.

હરિઃૐ

# સ્મરણથી દિલનો ભાવ

સ્મરણથી ચાલતાં શીખી ઊભું કેવું થવાયું છે !
જીવનમાં દિલ સંપૂર્ણ હવે બેઠું થવાયું છે.

સ્મરણથી દિલનો ભાવ હૃદય અલમસ્ત ઊભર્યો છે
-વહેતો તે થઈ, રેલો બધે જ્યાં ત્યાં જ પ્રસર્યો છે.

અસર તેની જીવનમાં તો નરી પ્રત્યક્ષ વર્તાતી,
ખબરદારી, ટટારીની પૂરી સાબિતી ત્યાં કેવી !

ખુમારીની હૃદયમસ્તી **હરિ**રસની શી રેલી છે !
ખુમારીના નશે મુગ્ધ જીવન સઘળું જ રેલ્યું છે.

હરિઃૐ

## સ્મરણના યજ્ઞની ભસ્મ

સ્મરણથી જીવતાં શીખી જીવન સમૃદ્ધ કરવાને,
લડત સમરાંગણે કેવી સતત ચાલી રહેલી તે !

સ્મરણ ભજતાં, **हरि** ભજતાં જીવનનો યજ્ઞ ચાલ્યો તે,
બધી **જીવ**વૃત્તિની ત્યાં શી અપાઈ આહુતિઓ છે !

ન આડુંતેડું જોવાને કશે નવરો પડ્યો ના છું,
મચેલો એકધારો શો સ્મરણયજ્ઞ ચલવવા હું.

સ્મરણના યજ્ઞની જ્વાળા ઉપર તેજસ્વી ઝબકે છે,
સ્મરણના યજ્ઞની ભસ્મ જીવન પર તો લગાવી છે.

હરિઃૐ

## સ્મરણના સાક્ષી તેનાયે

સ્મરણને એમ ને એમ કદી ના અમથું ગાયું છે,
પ્રયોગો તે વિશેના દિલ કરીને, તત્ત્વ પ્રીછ્યું છે.

અનુભવથી પ્રમાણીને, જીવનનો સાર કાઢીને,
બધે સમતોલ જીવનમાં પ્રવર્તીને, હું સમજ્યો તે.

સમરણ દિલથી કર્યા કરતો હતો, શો હરતાં ફરતાં જે !
સ્મરણના સાક્ષી તેનાયે હજી જીવંત આજે છે.

જીવનમાં સાક્ષી વિનાના પ્રસંગ કોઈ ન ટાંક્યા છે,
* સ્મરણનો ભવ્ય ઇતિહાસ જીવન જીવતો થયેલો છે.

* સ્મરણથી ભવ્ય ઇમારત ચણી કેવી દીધેલી છે !

હરિઃૐ

## સ્મરણને તો પ્રયોગોથી

સ્મરણગાથા જીવનની **આ** કદી ગાતાં ન થાકું છું,
સ્મરણગાથા શું ગાતાં તે ઉમળકાનો ઉછાળો શો !

સ્મરણની ભાવભક્તિનો પરિચય ને અનુભવ તે
-થયેલો દિલ ઊંડો જે કશાથી ના ભુસાયે છે.

સ્મરણની ભવ્ય ગાથાને હૃદય મસ્તીથી ગાઈ છે,
સ્મરણગાથા હૃદય ગાતાં હૃદય અલમસ્ત નાચે છે.

સ્મરણને તો પ્રયોગોથી જીવન અજમાવી જોઈને,
થઈને તરબતર જીવન, સ્મરણ ગાયા કરેલું છે.

હરિઃૐ

# સ્મરણની મસ્ત બલિહારી

સ્મરણ ગાતાં, સ્મરણ ગાતાં અસર કેવી સ્મરણની તે
-જીવનમાં પ્રસરી પ્રસરીને હૃદયમાં ભક્તિ વ્યાપી છે.

નિરાંત જ કેવી સંપૂર્ણ જીવન જીવંતી સક્રિય તે
-શી સ્વાભાવિક અને પાછી શી વાસ્તવિક બનેલી છે !

જીવનમાં શાંતિ ને શાતા હૃદય પ્રસન્નતા ઊછળે,
સ્મરણની મસ્ત બલિહારી હૃદય પ્રત્યક્ષ પ્રીછે છે.

જીવનમાં અજબ ગજબની શી અનેરી છે સ્મરણગાથા !
હૃદયથી ગાઈ, ગાઈ શા હૃદય અલમસ્ત દીવાના !

હરિ:ૐ

# સ્મરણનો ભવ્ય ઈતિહાસ

સ્મરણનો ભવ્ય ઈતિહાસ જીવન સર્જાઈ ચૂકેલો છે,
સ્મરણની સૂક્ષ્મ પથગાથા સ્મરણ લેનાર પ્રીછે છે.

ઉપરછલ્લું સ્મરણને દિલ અમે કદી પણ ન લીધું છે,
ઊછળતા ધોધના જેવા હૃદયજુસ્સાથી ગાયું છે.

સ્મરણમાં ભાવ જાગંતાં સ્મરણનો વેશ પલટાયો,
પછીથી મુક્ત અભિમુખતા સ્મરણથી ફોરી છે દિલ તો.

અભિમુખતા નિરંતરની **हरि** પ્રત્યેની મોરી છે,
પછીથી દિલ તે જીવન **हरि** ગમ શાં વહેલાં છે !

હરિ:ૐ

# નિરંતરના સ્મરણમાંથી

જીવનના નાનાંમોટાં જે પડેલાં વિઘ્નની વચ્ચે
-ટકાવ્યો કોઈએ જો હો, બધું અંતરનું બળ તેણે.

હૃદયનું બળ મળેલું છે સતત અભ્યાસને લીધે,
સ્મરણ અભ્યાસથી ભાવ, હૃદયબળ કેળવાયાં છે !

નિરંતરના સ્મરણમાંથી હૃદયમાં ભાવ મોર્યો છે,
જીવનમાં ભાવને લીધે જીવનશક્તિ છતી થઈ છે.

મળેલાં સાધનોને મેં અધૂરાં ના કદી મૂક્યાં,
અડગ શાં ટેક, વ્રત, નિશ્ચય ઊગ્યાં, તેથી જ મક્કમતા.

હરિઃૐ

# સ્મરણ ને સ્તવન આદિ જે

સ્મરણઅભ્યાસ જીવનમાં પડેલો છે, હૃદયમાં જે
-થયો શો સંગ તે સાથે ! થયા સંગે, થયો રંગે.

હૃદયમાં બેસવાથી તે **हरि**ના સંગનો રંગ
-થઈ આસક્તિ દિલ મુજને **हरि**નાં પદકમળ સંગ.

**हरि**ના સાથની ઊંડી ઊંડી આસક્તિ પ્રગટી જે
-મનાદિને સતત તેથી પરોવાઈ રખાયાં છે.

ભલે નાનકડાં સાધન હો સ્મરણ ને સ્તવન આદિ જે,
પરંતુ આચરાતાં તે મહાશક્તિ બનેલાં છે.

હરિઃૐ

# સ્મરણ પ્યારું બનેલું છે

સ્મરણમાં ચિત્ત શરૂમાં તો જરા પણ ચોંટતું નહોતું,
ગરજ જબ્બરના કારણથી સ્મરણ મુજથી શું લેવાયું !

ગરજ જ્યાં દિલ લાગે છે, ન ગમતું હોય છે તે પણ
-થવાવા દિલ ત્યાં ભળીને કર્યા કરતું જ તે કર્મ.

ગરજને કારણે કેવું સ્મરણ પાછળ પડી પડીને,
સ્મરણમાં રસ પ્રગટતાં દિલ સ્મરણ રસિયો થયેલો જે.

જીવનસંગાથી નિરંતર સ્મરણ પ્યારું બનેલું છે,
સદી ગયું દિલ સ્મરણ મુજને, સ્મરણથી મસ્ત મોર્યું છે.

હરિઃૐ

# સ્મરણથી ઊગરાયું છે

સ્મરણ સ્મરતાં, સ્મરણ ભજતાં, સ્મરણનો મહાવરો પડતાં,
હૃદય ચોંટાડવા ભાવે સ્મરણનો સંગ સેવ્યો છે.

હૃદય જેનો સતત સંગ પડે તેનો હૃદય રંગ,
હૃદય રંગ લાગવાથી શો ચઢે છે ભક્તિનો રંગ !

બિયાબાંમાં જ અટવાતાં હૃદય અમૂંઝણ શી પ્રગટીને !
થઈ જ્યાં દિલ ગભરામણ સ્મરણથી ઊગરાયું છે.

જીવનની સાવ તે નિમ્ન ભૂમિકામાંથી સ્મરણે શો
-કઈ રીત તારવેલો છે, જીવનદાતા સ્મરણ છે તો.

હરિઃૐ

## સ્મરણને ભાવથી પૂરું

સ્મરણથી દિલ ચિનગારી જીવન પેટાઈ ચૂકેલી છે,
શી નાનકડી જ ચિનગારી થઈ ભડકારૂપે તોયે !

સ્મરણથી **આ** જીવન સળગ્યું, પૂરું ભસ્મ જ બનાવ્યું છે,
શરીર પર ભસ્મ તે ચોળી હૃદય બાવા બન્યા શા તે !

સ્મરણની શક્તિનાં મેં તો કશાં ગપ્પાં ન માર્યાં છે,
ભગીરથ કર્મના તેથી ફળ્યા સંકલ્પ કેવા તે !

જીવનમાં આચરી જોતાં બધી સમજણ પડે દિલમાં,
સ્મરણને ભાવથી પૂરું ઉતાર્યું પાર જીવનમાં.

હરિ:ૐ

## સ્મરણની ભક્તિથી કેવું

સ્મરણથી જીવતાં, ભજતાં સ્મરણની મૈત્રી લાગી છે,
જીવનમાં મૈત્રીનો કેવો હૃદયસંબંધ ન્યારો છે !

સ્મરણથી સહાનુભૂતિ ને જીવનમાં હૂંફ ને ઓથ
-મદદ સંકટ સમય દિલમાં ટકી શકવા મળેલાં છે.

સ્મરણની ભક્તિથી કેવું શું યોગક્ષેમ જીવનનું
-સધાયા તે કરેલું છે, સ્મરણનું મસ્ત શું જાદુ !

અણી વેળા મદદ ગેબી શી અણધારી મળેલી છે !
જીવનમાં તે પ્રયોગોથી થયેલી સિદ્ધ મુજને છે.

હરિઃૐ

# હૃદય સ્મરણે ભર્યા રસથી

સ્મરણને દિલથી ભજતાં સ્મરણનું સ્થાન જીવનમાં
-શું પ્રસ્થાપિત થતાં, તેમાં હૃદય ભળવા જ લાગ્યું છે.

સ્મરણના ભાવથી કેવાં સુરખી, સુરભિ જીવનમાં તે
-ખીલી ઊઠી ભભકદાર, જીવન સમૃદ્ધ બનવ્યું છે.

હૃદય ઉત્સાહ, ઉલ્લાસ, ઉમંગ, ખંત, ઉદ્યમ ને
-ધીરજ, સાહસ, હૃદયહામ, પરાક્રમ સૌ બઢેલાં છે.

સ્મરણથી ઓપ જીવનનો સુશોભિત ઑર ઝળક્યો છે,
હૃદય સ્મરણે ભર્યા રસથી નવું જોબનિયું બક્ષ્યું છે !

હરિઃૐ

## સ્મરણમાં પ્રાણ સાચા જે

જુદી જુદી રીતના કેવા નશા જીવનમાં પ્રગટીને
-કરી દેવા પૂરો મહાત મચે ને મથેલા છે !

નયન આંધળિયાં સંપૂર્ણ થઈ કેવાં ગયેલાં તે !
ન સૂઝવા સાચું દેવાની મતિ શી બહેર મારી છે !

જીવનના મૃત્યુની વેળા ખરી જ્યાં આવી પહોંચી છે,
છતાં ત્યાંયે સ્મરણ દિલનું હતું ચાલ્યા કરેલું તે.

ભલે તેમાં નહોતા છો સ્મરણમાં પ્રાણ સાચા જે,
છતાં એણે બચાવીને મને ઉગારી લીધો છે.

હરિઃૐ

# થતી રહી પ્રાર્થના પણ છે

કઢંગી એવી પળ પણ શી જીવનમાં પ્રગટી જે મુજને
-ફગાવી પગથીથી દેવા ખરેખર તે મથેલી છે !

કશીયે સાવધાની તે જરા ના કામ લાગી છે,
તહીં મુજથી ભૂલેચૂકે પથથી ઊતરી જવાયું છે.

જીવનની સાવધાનીની જીવંતી તીવ્રતા માત્રા
-જરૂર ત્યાં ખામી સંપૂર્ણ, પૂરી તે જોશવાળી ના.

છતાં ટક્કર લીધેલી છે, ન ફાવટ કંઈ જ આવી છે,
હૃદયપોકારની ઊંડી થતી રહી પ્રાર્થના પણ છે.

સમગ્રતાથી હૈયાની અભીપ્સા જે હતી ઊંડી,
હૃદય તેથી જ ગાયું ને ચઢાયું પંથ, દિલ રીઝી.

હરિઃૐ

## સ્મરણના ભવ્ય સાધનને

ઉદાર જ તુજ સમો મોટો જગતમાં કોઈ અવર ના છે,
નભાવી **તેં** લીધો કેવો હું નાલાયક પૂરો તેને !

નરાધમ સાવ નાદાન હું સંપૂર્ણ હતો તેને
-સ્મરણના ભવ્ય સાધનને કૃપાથી ખાસ બક્ષ્યું છે.

ધીમે ધીમે મને કર દઈ જીવનમાં ચાલતો કરવા,
મને **તેં** સાથ આપીને બનાવ્યો સાબદો શો ત્યાં !

અનુભવી પ્રેમ તુજ એવો થઈ દિલ હર્ષઘેલો ને
-કરી પ્રણિપાત ભક્તિથી હવે તુજ પાદ ઢળિયો તે.

હરિઃૐ

# સ્મરણભક્તિથી દિલ મુજને

જીવનમાં કેટલી મોટી ઊંધી ફાળો ભરેલી છે,
હવે તેની હૃદય સમજણ પૂરેપૂરી પડેલી છે.

સ્મરણભક્તિથી દિલ મુજને વિવેક જ સાંપડેલો છે,
વિવેકેથી કરી સીધું નીરખવા ટેવ પાડી છે.

છતાં ગોથું કંઈક વાર, ખવાઈ તો ગયેલું છે,
હૃદય શી ચોટ ત્યાં લાગી ! ફરી સરખું થવાયું છે.

જીવનમાં ગડમથલ એવી બહુ વેળા થયેલી છે,
ખવાતાં લાત બહુ, મુજથી થવાયું પાંસરું શું તે !

હરિઃૐ

## સ્મરણના વ્યસનની મસ્તી

વ્યસનથી એકદમ પૂરું છુટાવું સાવ મુશ્કેલ છે,
વ્યસનને તેથી ભક્તિનું ગણેલું છેલ્લું પગલું તે.

નિરંતરનું થતાં ઊંડું સ્મરણ, તેવા સ્મરણમાંથી
-ફુવારો ભક્તિનો ફૂટે, કરે ઝરે અમૃતરસ પદથી.

વ્યસન ત્યારે જ લાગે છે, છૂટ્યું કેમે ન છૂટે તે,
વ્યસનની મસ્તી બલિહારી ચરણનો ભક્ત પ્રીછે છે.

વ્યસનની લત પડી જેને, વ્યસનમાં ને વ્યસનમાં તે
-લગાતાર જ પડ્યો રહીને, શું ચરણામૃત પીતો રહે છે !

હરિઃૐ

# સ્મરણ હરિનું કરી કરીને

અચંબો દિલ લાગ્યો કે કરુણાળુ **હરિ** શો છે !
પતિતપાવન કહ્યો **હરિ**ને ખરે ! સંપૂર્ણ સાચું તે.

કંઈક એવા પતિત જનને ગ્રહંતાં દિલ પદાશ્રય જે
-દઢાતાં ભક્તિ **હરિ**પદમાં, કૃપાથી **તેં** તરાવ્યા છે.

પ્રસિદ્ધ કંઈક એવાયે જગતમાં પણ થયેલા છે !
હૃદય તે આત્મવિશ્વાસે ચરણ શરણે ઢળેલો જે.

સ્મરણ **હરિ**નું કરી કરીને અભિમુખતા **હરિ** પ્રત્યે
-જીવંતી દિલ પ્રગટાવી સૂતો **હરિ**માં હું નિશ્ચિંતે.

હરિઃૐ

# હૃદય હર્ષે સ્મરી **हरि**ને

**हरि** પાલવડો તુજ પકડી, ચરણઆશ્રય ગ્રહી હૃદયે,
નયનની મીટ માંડીને શરણ તારે ઢળેલો જે.

હવે એને બીજી આશા જીવનમાં કોઈ પણ ના છે,
જીવનની આશમાં માત્ર હવે બસ એકલો તું છે.

મળંતાં કર્મ કરતાંમાં હૃદય હર્ષે સ્મરી **हरि**ને
-પ્રભુપ્રીત્યર્થ થયા ને તે સમર્પણ પદ ધરેલા છે.

**हरि** સંતોષ જેથી તું હૃદય પામે, જીવનમાં તે
-રીતે વર્તન કૃપાથી તુજ થયા ગયું, તે કૃપા તુજ છે.

હરિઃૐ

## સ્મરી, સ્મરી, સમજીને તપ તે

ઉપાધિ, આધિ ને વ્યાધિ જીવનમાં તો મળેલાં છે,
અનેકે રીતની આંધી જીવન કંઈ કંઈ ચઢેલી છે.

પરંતુ સાથ ને સોબત **हरि**ની તે વિશે ધરીને
-સહાનુભૂતિ, હૂંફ, ઓથ જ હૃદય કેવાં મળેલાં છે !

વિપત્તિ, દુઃખ, મુશ્કેલી, જીવનમાં જે મળેલાં છે,
સ્મરી, સ્મરી, સમજીને તપ તે ઉમળકાથી સહેલાં છે.

ઊંડો શો હૃદયનો ભાવ ઊછળતો ત્યાં ભભૂક્યો છે !
ભલે તે પહાડ સરખાં છે, છતાં પણ દિલ ન ડંખ્યાં તે.

હરિ:ૐ

## સ્મરણના ફાયદા હૃદયે

થતાં, થતાં સ્મરણ **हरि**નું સ્મરણ તો દિલ ઊપજ્યું છે,
સ્મરણ જ્યાં દિલ ઊપજવાથી, સ્મરણ લાગું પડેલું છે.

**हरि** સાંકળવા જીવનમાં સ્મરણનો હેતુ ધાર્યો છે,
હૃદય તે હેતુ દૃઢવાતાં, હૃદય તે લક્ષ ચોંટ્યું છે.

હૃદય તે લક્ષને લીધે સ્મરણ જીવતું થયેલું છે,
સ્મરણમાં **प्राण** ઊગીને સ્મરણ ફાલ્યું, ફૂલેલું છે.

સ્મરણના ફાયદા હૃદયે મને અગણિત લાગ્યા છે,
જીવનનું રોકડું નાણું કમાવાયું સ્મરણથી છે.

હરિઃૐ

# **हरि** ભજવાનું કર્તવ્ય

જીવનમાં તો **हरि** ભજવો, **हरि** ભજવાનું કર્તવ્ય
-હવે બસ માત્ર એક જ તે ફળ્યા કરવાનું મંતવ્ય.

**हरि** ભજતાં, **हरि** ભજતાં હૃદય સંસાર ડૂલ્યો છે,
**हरि** ભજવાની મસ્તીમાં બધું જે જે ડૂલેલું છે.

**हरि** ભક્તિતણા રસથી બધું જે જે રસાયું છે,
હવે જે તે બધાંનોયે અનોખો રંગ ન્યારો છે.

**हरि** ભજવા વિશે જીવન બધું ડૂબી ગયેલું છે,
જીવનમાં શો છૂપો **हरि**ને ધરીને, વર્તવાનું છે.

હરિઃૐ

# **हरि** ભજવાતણો ટેક

જીવનમાં ડોલવું **हरि**માં હૃદયથી પ્યારું લાગ્યું છે,
હૃદયથી ડોલતાં **हरि**માં બધો સંસાર ન્યારો છે.

અનુપમ સુખ આહ્લાદ જીવનમાં ખળભળી વહે છે,
જીવનને તરબતર કેવું કરી તરબોળ તે દે છે !

**हरि** ભજવાતણો ટેક **हरि**એ લેવરાવ્યો છે,
નભાવેલો **हरि**થી શો ! જીવનમાં તો ટકેલો છે.

હવે બસ માત્ર **हरि** ભજવો, **हरि**માં લક્ષ લાગ્યું છે,
બધો દરિયો જ ભક્તિનો ઊછળવા ઑર લાગ્યો છે !

હરિઃૐ

## સ્મરણ હરિનું, સ્મરણ હરિનું

બધો બોજો જીવનનો તો **હરિ**પદ નાખી દીધો છે,
હવે તો હળવો ફૂલ જેવો જીવનમાં હું થયેલો જે.

હવે આધિ, ઉપાધિ કે ફિકર, ચિંતા કશાં ના છે,
જીવનમાં તો હૃદય મુજને સ્મરણની મસ્તી લાધી છે.

સ્મરણ **હરિ**નું, સ્મરણ **હરિ**નું હૃદય બસ એ જ લગની છે,
જીવનવ્યવહાર ભૂમિકા **હરિ** લગનીની શી થઈ છે !

સ્મરણના બૂમ બરાડાથી જીવન અંતર પ્રદેશોને
-ઊંડે ઊંડે જગવી, **હરિ**ને શું પ્રસ્થાપિત કરેલા છે !

હરિઃૐ

## સ્મર્યા હરિને કરેલો છે

**હરિ**માં લક્ષ ધારીને, સ્મર્યા **હરિ**ને કરેલો છે,
**હરિ** સ્મરતાં, **હરિ** સ્મરતાં, **હરિ**ને દિલ ધાર્યો છે.

**હરિ**ની સોબતે જીવન ચહીને ગાળવા કાજે
-હૃદય નિશ્ચય થયેલાથી રહેવાયું જ વળગી તે.

કદીક ઢીલું પડાયું જ્યાં, તહીં દિલની તમન્નાએ
-હૃદય ઉત્સાહ પ્રેરીને ફરી પંથે ધપાવ્યો છે.

**હરિ**ને સહેજ પણ વીલો હૃદયથી ના મુકાયો છે,
જીવનની તે જ સાચી છે કમાણી, યોગ્ય જીવવાને.

હરિઃૐ

## રટ્યાં હરિને કરેલો છે

**હરિ**, **હરિ** દિલ લગાવીને રટ્યા **હરિ**ને કરેલો છે,
હૃદય પ્રકાશવા **હરિ**ને હૃદયથી નોતરેલો છે.

હૃદયતેડાં **હરિ**ને શાં અમે તો મોકલેલાં છે !
છતાં ગણકારતો **તે** ના, અમારેયે શું કરવું તે ?

હૃદય સદ્ભાવ કેવો છે ! હૃદય ભરપૂર **હરિ** અર્થે
-અમારું શું ભરેલું છે ! છતાં મીટ ના **હરિ** માંડે.

જવાનો ક્યાં **હરિ** પોતે જઈ જઈ વેગળે દિલથી ?
અમારે દિલ જકડીને પૂરી રાખ્યો જ છે પદથી.

હરિ:ૐ

# સ્મર્યા મેં શો કર્યો હરિને

સ્મર્યા મેં શો કર્યો **હરિ**ને નિરંતર દિલ લગનીથી !
**હરિ**માં હેત ઊમટીને વળગવાનું થયું મનથી.

ચહી ચહીને, લળી લળીને **હરિ**ને વહાલ કરવાના
-સ્ફુર્યા કેવા કરેલા છે હૃદયના ભાવ ઉમળકા !

કૃપાની ભાવબક્ષિસે નજીક સાવ જ જવા પાસે,
હૃદયથી વહાલ ઊછળતું થવા શી હામ ચાલી છે !

હૃદય સહકાર સામેથી મળંતાં તે પ્રમાણેનો,
હૃદયના ભાવનું પૂર ખરું ! ત્યાં શું વહેતું તો !

હરિઃૐ

## સ્મરણ તેમાં હરિ તારું

ભયંકર વેદના તીવ્ર થતી કેવી રહે છે જે !
સ્મરણ તેમાં **હરિ** તારું હૃદય ઑર જ પ્રકાશે છે.

સ્મરણની દિલ મીઠી મોજ અનુભવવા મળેલું તે,
કૃપાની શી પ્રસાદી તે અનોખી વહાલી લાગે છે.

ભલે રળિયામણું ચિત્ર, પરંતુ પીઠ પાછળની
-ભૂમિકા યોગ્ય જે પાત્ર વધુ સુંદર શું તે તેથી !

શરીરની વેદના તેવી રીતે મુજને મળેલી જે,
**હરિ**ની યાદ તેજસ્વિત શી ઝળહળતી થવાને તે.

હરિઃૐ

## સ્મરણ પ્રેરાવ્યું તેં દિલ

મહત્ત્વ **આ** જીવનનું તે ન સમજ્યો'તો કંઈ જ પણ હું,
હીરાને કાચનો ટુકડો શું બેઠો'તો જ સમજી હું !

હીરાનું મૂલ્ય ના જાણી, જીવન આખું વીતી જાત જ
-પરંતુ શી કૃપા કરીને સ્મરણ પ્રેરાવ્યું **તેં** દિલ.

સ્મરણ જ્યાં દિલ થયા કરતાં, ભજન, કીર્તન, નિવેદન ને
-સમર્પણ, પ્રાર્થનાદિથી હૃદયમાં ભાવ લાગ્યો છે.

હૃદયના ભાવને લીધે હીરાનું મૂલ્ય જાણ્યું છે
-ન જાણ્યું માત્ર, કિંતુ ત્યાં પ્રિછાયું મૂલ્ય સાચું તે.

હરિ:ૐ

## સ્મરણને તો પ્રયોગેથી

**हरि हरि** નિત્ય **આ** દિલમાં સ્મરણ કેવું ઝબકતું છે !
ઝબકતું ને ઝળકતું છે, સ્મરણની મસ્તી લાગી છે.

સ્મરણને લોક ના જાણે, 'નકામું' તે બીજાં બોલે,
પરંતુ ઝંપલાવીને કરે યાહોમ, તે તોલે.

લઈ લઈને સ્મરણ કેવા પતિત જન ભક્ત બનિયા છે,
સ્મરણને તો પ્રયોગેથી હૃદય અજમાવી જોયું છે.

ઝબોળીને હૃદય પૂર્ણ, સ્મરણમાં ઝંપલાવીને
-અખતરો શો કર્યા પછીથી હવે તો બોલી નાખ્યું છે.

હરિઃૐ

# નિરંતરનું સ્મરણ બનતાં

શરીરનો રોગ ફીટવવા સ્મરણ પકડાવી દીધેલું,
ગરજ ને સ્વાર્થને લીધે સ્મરણ દિલ કેવું લેવાયું !

પછીથી લત પડી જઈને સ્મરણ લેતું થવાયું છે,
સ્મરણગાળો જ વધતાંમાં સ્મરણમાં લક્ષ ચોંટ્યું છે.

સ્મરણના હેતુની સમજણ પછી જ્યાં દિલ લાગી છે,
સ્મરણ ના શબ્દ તે માત્ર પ્રતીક એ તો **હરિ**નું છે.

નિરંતરનું સ્મરણ બનતાં **હરિ**નું ભાન ઊભર્યું છે,
હૃદય સભાનતા **હરિ**ની પછી સ્ફુર્યા કરેલું છે.

હરિઃૐ

## સ્મરણ હરિનું, સ્મરણ હરિનું

સ્મરણ **હરિ**નું, સ્મરણ **હરિ**નું જીવનગંગા સમું વહે છે
-સતત ને એકધારું તે ઊછળતું વહેણ કેવું તે !

થતા ખલખલ નિનાદે તે જીવનઆહ્‌લાદ વ્યાપે છે,
સ્મરણનો ઑરિયો કેવો શું સંતોષાવ્યો દિલમાં છે !

જીવન **આ** સ્થૂળનું પૂર્ણ બલિદાન ચરણકમળે
-ધરી ધરીને, સમર્પણથી **હરિ**માં દિલ સેવ્યું છે.

**હરિ**માં દિલ રમવાને જીવનહોડ જ બકેલી જે,
કૃપાએ કેવી સંપૂર્ણ કરાવી ભાવ સંપૂર્ણે !

હરિઃૐ

## સ્મરણની ભાવછાલકથી

સ્મરણનોયે હૃદયરસ શો ! સ્મરણનો ભક્ત જાણે છે,
સ્મરણની ભાવછાલકથી જીવન શું ફેરવાયું છે !

જુદા જુદા જીવનરસથી **હરિ** તુજ રસ અનેરો છે,
મળ્યો જ્યાં ચાખવા દિલમાં જરીક રસ, ઘેલું લાગ્યું છે.


સતત તુજ યાદ જીવંતી પછી દિલ કેવી ઝળકે છે !
હૃદયને તુજ વિશે કેવું રમ્યા કરવાનું ગમતું છે.

લળી લળીને, ચહી ચહીને, **હરિ**ની યાદ ગુંજવતાં
-પડે રસ મુગ્ધ કરનારો, જીવન બસ ત્યાં શું લટ્ટુ છે !

હરિઃૐ

## ખંડ - ૪

# સ્મરણ એ જ ‘સદ્‌ગુરુ’



અનંતાનંત જીવન છે અનુભવથી પિછાણીને
-કળા જીવનની શી જુદી જુદી પરખાતી આવે છે !

હરિ:ૐ

# સ્મરણને સદ્‌ગુરુ ધારી

ભજી ભજીને સ્મરણ હૃદયે સ્મરણને દિલ વલોવ્યું છે,
સ્મરણનાં સર્વ પાસાંનો અનુભવ દિલ લીધેલો છે.

જીવનની ઊર્ધ્વ ભૂમિકા વિશે સૂક્ષ્મ સ્મરણ જે છે,
સ્મરણ તે વૈખરી ના છે, સ્મરણ અંતરનું ન્યારું તે.

સ્મરણ જેવું મદદગાર બીજું કોઈ ન ક્યાંયે છે,
ન ખાલી કલ્પના **આ** છે. અનુભવની શી વાણી તે !

સ્મરણને દિલ અનુભવીને સ્મરણનું હાર્દ પ્રીછીને
–સ્મરણને સદ્‌ગુરુ ધારી સ્મરણ દિલમાં ભજેલું છે.

હરિઃૐ

# અનુભવી એકલો એવો

સ્પૃહાવાળો શું સંપૂર્ણ, વળી પાછો શું નિઃસ્પૃહી છે !
ભળેલો છે જ સંપૂર્ણ, છતાં સાક્ષી જ પાછો છે.

ગુણોવાળો પૂરેપૂરો છતાં કેવો ગુણાતીત છે !
રમંતો દ્વંદ્વમાં પૂર્ણ, શું દ્વંદ્વાતીત છતાં શો તે !

વિવેકી ને શું જેનામાં નથી વિવેક પાછો કૈં !
ગુણો શા સામસામેના વિરોધાત્મક રહેલા છે !

અનુભવી એકલો એવો શું સંપૂર્ણ ગળેલો છે !
-છતાં સંપૂર્ણ તે પાછો બધાંથી સાવ નોખો છે.

હરિઃૐ

# અનુભવથી પિછાણીને

નીચે પડતાં જરા સરખો કશોયે શ્રમ ન પડતો છે,
ઊંચે ચઢતાં જ પરસેવો ખરો કેવો નીકળતો છે !

ઊંચે ચઢવાતણો ઊંડો પરિશ્રમ જે થયેલો છે,
મીઠાં ફળ ચાખવાવારો હવે જીવનમાં પ્રગટ્યો છે.

જીવનના સહુ તબક્કાને હૃદયથી ચાખી ચાખીને
-મધુરપ લાગતાં, તેને અમે દિલથી સ્વીકાર્યા છે.

અનંતાનંત જીવન છે, અનુભવથી પિછાણીને
-કળા જીવનની શી જુદી જુદી પરખાતી આવે છે !

હરિઃૐ

# ઊલટું સૂલટું બધું એવું અનુભવીના જીવનમાં છે

ઊંડો વિવેક સંપૂર્ણ અનુભવીને જીવનમાં છે,
છતાં વિવેક કંઈક પાછો ન હોયે, તેમ વર્તે છે.

અજુગતું સાવ **આ** લાગે, શી વાસ્તવિકતા છતાંયે તે !
ઊલટુંસૂલટું બધું એવું અનુભવીના જીવનમાં છે.

કદીક પાષાણ ને કાષ્ઠ સમું વર્તન કરે છે તે
-વળી શો હંસની પેઠે જીવન વર્તાત લાગે છે !

કદીક પિશાચ જેવુંયે જીવનમાં વર્તતો તે છે,
કદીક નિર્દોષ શિશુના પ્રમાણે કેવું વર્તે તે.

જીવનમાં પરંપરા **એ**ની અનેકે રીત એવી છે,
કશું ધોરણ અનુભવીનું ન સંસારી જ રીતનું છે.

વળી એનાથીયે આગળ અનુભવ શા જુદા જુદા !
કળા એવી અનેકે પણ ઊગે પેરે શી **એનામાં** !

હરિઃૐ

# અનુભવીનું ન ઠેકાણું

અનુભવીનું જ ઠેકાણું ન ક્યાંયે એકસરખું છે,
જુદાં જુદાં નિમિત્તેથી જુદું જુદું જ વર્તન છે.

કઢંગું સાવ બેહૂદું ઊંધું સંસારી રીતથીયે
-ન જેમાં કંઈ જ વિવેક, જીવન તે એવુંયે વર્તે.

જીવનમાં **जीवदशा** જેવું ન **एनुं** કોઈ ધોરણ છે,
છતાં સૌ **जीव** તો **एने** શું ધારી લે જ નિજ પેરે !

કશું ઠેકાણું **एवानुं** ન પ્રકૃતિ રીતનું કંઈ છે,
હૃદય **एवाने** પણ ભક્તિ ઊંડી લાગંતાં સમજાયે.

હરિઃૐ

# અનુભવ ભાવ એવાનો

**हरि**નાં ચરણમાં રતિ જે પ્રગટતી ભક્તિથી હૃદયે,
થતો ઉત્પન્ન રતિથી રસ પ્રકૃતિ ક્ષેત્ર પરનો જે.

જીવનમાં રસ થકી એવા થતો નિષ્પન્ન ભાવ જ તે,
હૃદયનો ભાવ એવો જે જીવન સાચું ખરેખર છે.

અનુભવ ભાવ એવાનો કૃપાથી શો થયેલો છે !
જીવનને મહાલવાકેરું હાવાં સદ્‌ભાગ્ય મળિયું છે,

પ્રતિષ્ઠા અર્પીને 'મોટો' મને **एणे** બનાવ્યો છે,
નજીવું ગણતરીમાં તો કશામાં હું નહોતો જે.

હરિઃૐ

# પ્રયોગાત્મક અનુભવ તેં

જીવનનું ભાન પણ નહોતું સમજતો કંઈ નહોતોયે,
હતો બુડથલ હું સંપૂર્ણ, કૃપાથી **તેં** મઠાર્યો છે.

મને **તેં** પાપ કે પુણ્ય બધું જે તે જ કરવાને
-સ્વતંત્રતા પૂરી બક્ષી, ન તુજ સમ ઉદાર કોઈ છે.

પતિતમાંયે પતિત જનને શરણ તારે ઢળેલાં જે,
જીવન તેવાતણાં **તેં** શાં બચાવી, તારવેલાં છે.

પતિતોનો જીવનમાં તું બધો ઉદ્ધાર કરનારો,
પ્રયોગાત્મક અનુભવ **તેં** મને એવો કરાવ્યો શો !

હરિઃૐ

# શું પ્રત્યાઘાત નિશ્ચે છે

ગરીબને કોઈ બિચારો કહેશો ના ભૂલેચૂકે,
દયા ખાવા ગરીબકેરી ન કોઈને કશો હક્ક છે.

હજારો હાથવાળો તે દયા ખાનાર બેઠો છે,
બધી સંભાળ તે લેશે યથાકાળે જરૂરી તે.

ગરીબને આગવું નિજનું જીવનમાં તો સ્વમાન જ છે,
અનેકે રીત દુનિયામાં બહુ વેળા ઘવાતું તે.

જગતજન તોરમાં નિજના પરિણામ પિછાણે છે,
કંઈક આઘાતનો કિંતુ શું પ્રત્યાઘાત નિશ્ચે છે !

હરિ:ૐ

# હુકમ શ્રીસદ્‌ગુરુના તે

અવળચંડા ઊંધા એવા ઉપાયોથી જીવન મુજને
-મડાગાંઠોની સમજણથી થવાને મુક્ત શીખવ્યું છે.

નિરાગ્રહ યોગ્ય સંપૂર્ણ જીવન પ્રગટાવવા અર્થે,
ઉપાયો શા લઈ લઈને હૃદય પ્રેરાવ્યું શિક્ષણ છે.

હૃદય પ્રગટેલ એવી જે હૃદયની પ્રેરણાઓને
-હુકમ શ્રીસદ્‌ગુરુના તે હૃદય સમજી જ પાળ્યા છે.

કંઈ વિકલ્પ સંકલ્પ હુકમ સૌ પાળતાં એવા
-કૃપાથી ઊભળ્યા છે ના, રહેલો ભાવ માત્ર જ ત્યાં.

હૃદયથી એમ વર્તાતાં જીવનઘડતર થયેલું જે,
**હરિ**નાં તે ચરણકમળે સમર્પાયું હાવાં પ્રીતે !

હરિઃૐ

## શ્રીસદ્ગુરુ યોગ્ય હરિ શો છે !

શી શી **હરિ**ની કરામતથી અલખ વાતો, અજબની જે
-જીવનમાં તે અનુભવતાં, હૃદયમાં હેત ઊછળ્યું છે.

જીવનઘડતર થતું કેમ કળા તે કોઈ ના પ્રીછે,
શ્રીસદ્ગુરુ યોગ્ય **હરિ** શો છે ! અમે તે સોંપ્યું **હરિ**ને છે.

**હરિ**ને જેમ ઘડવું જ હો બધા ઘડતર વિશે તે તે
-મુલાયમ દિલ રહેવાનો હૃદયભક્તિથી યત્ન જ છે.

મુલાયમ માટી સંપૂર્ણતણો લોંદો **હરિ** જેમ
-ઘડે તેમ જ ઘડાવાને કૃપાથી દિલ શું તત્પર !

થવાને તેમ જીવનમાં, મુલાયમ પૂર્ણ જીવનને
-કૃપા **મા**એ બનાવ્યું છે, બહુ ટપલા જ મારીને.

હૃદયથી સર્વ તે ટપલા પ્રસાદી માની લીધી છે,
કૃપા એવી હતી **હરિ**ની જિવાયું તેથી તે રીતે !

હરિઃૐ

# શ્રીસદ્‌ગુરુએ ગ્રહી હાથ

બચાવ્યો છે શું અધવચ્ચે પતિતને શી શી રીતે તે !
વિહંગાવલોકને તે તે હાવાં મુજને જણાયું છે.

ઊછળતું મસ્ત **હરિ**કેરું શું અપરંપાર હેત જ તે !
કરી ઊછળ્યા જ મુજ પર તે, મને ઉગારી લીધો છે.

લથડિયાં કેટલીક વાર બહુ જ ખાધાં કરેલાં છે,
શ્રીસદ્‌ગુરુએ ગ્રહી હાથ હૃદય ટેકો દીધેલો છે.

કદીક તો મેં દીધેલો છે કશો ના સાદ પણ હૃદયે,
છતાં ભૂલો પડંતાંમાં **હરિ**એ વાળી લીધો છે.

**હરિ**માં સર્વ હોમ્યું છે, **હરિ**માં લક્ષ લાગ્યું છે,
**હરિ** એવાને લઈ ખંભે ઉપર ઊંચકી જ લીધો છે.

હરિ:ૐ

## અનુભવમાં પિછાણ્યું છે

નર્યું સહેવાનું આવ્યું છે, મુલાયમ તે થવા કાજે
-ગૂંદાવાનું કૃપાથી તો થયેલું સર્વ જે તે છે.

નર્યા કબજે પૂરેપૂરા કૃપાવર્તુળની વિશે,
પછીથી જે થતું તે તે પ્રસાદી તો કૃપાની છે.

કશું નવ કલ્પનાનું તે, કશું નવ માન્યતાનું છે,
પ્રમાણીને પ્રયોગોથી અનુભવમાં પિછાણ્યું છે.

**हरि**ની કેટલી કેવી શી અપરંપાર કૃપા તો છે !
અહાહા ! શી કૃપા બસ તે ! કહેતાં પાર ના'વે તે.

હરિઃૐ

## જીવન કેવો અનુભવ છે !

હવે બાકીનું જીવન **આ હરિ**માં જીવવાનું છે,
ભજન, કીર્તન હૃદયથી તે સતત લલકારવાનાં છે.

કૃપાનાં તો કરું શાં શાં કઈ રીતે વખાણ જ તે ?
લૂલી **આ** જીભ ટૂંકી ત્યાં પડે છે શી બધી રીતે !

ભજન, કીર્તન સ્ફુરંતાં છે, કલમ દ્વારા લખાતાં જે,
નર્યાં શાં ફૂટી નીકળે છે વિચાર્યા વિણ મેળે તે !

કૃપા તારીતણો એવો જીવન કેવો અનુભવ છે !
ગળે **તેં** ઊતરાવ્યું છે થઈ પ્રત્યક્ષ જીવન તે.

હરિઃૐ

# અનુભવ્યું મેં ખરેખર તે

**हरि** તારી કૃપાલીલા જીવન પરખી બહુ રીતે,
**हरि**નો મસ્ત ઘેલો શો જીવનમાં હું બનેલો જે !

હૃદય ઈતબાર **हरि** પરનો પ્રતિષ્ઠિત જે થયેલો છે,
હવે શો બોલતો લાગે બધો નક્કરપણે તે તે !

દુનિયાને કહું **आजे**, 'ભજે વહાલા **हरि**ને જે
-હૃદયથી, સૌ મનાદિથી, બનાવે નિજનો તેને.'

બધો બોજો જ શિર પરનો **हरि** ઉપાડી શો લે છે !
બધું પ્રત્યક્ષ જીવનમાં અનુભવ્યું મેં ખરેખર તે.

હરિ:ૐ

## हरि પ્રત્યક્ષ અનુભવવા

**हरि** પ્રત્યક્ષ અનુભવવા જીવનનું ધ્યેય ધારીને,
થઈ દિલ વજ્ર સમ મક્કમ, જીવન તે વ્રત લીધેલું છે.

બહુ વેળા ચૂકેલો છું લીધેલાં વ્રત થકી નીચે,
ઉપર શો આવવાનો ત્યાં ઉછાળો દિલ ઊછળ્યો છે !

હૃદયમાં જાગૃતિ ઉત્કટ **हरि** ત્યાં **तें** જલાવી છે !
નહિતર બાકી બુડથલથી થઈ શક્યું હત ન કૈં તે તે.

**हरि** તારી કૃપાલીલા જીવનમાં એવી નીરખીને
-પડાયું છે શરણ તારે ન જ્યાંથી સહેજ ચસકાયે.

હરિઃૐ

# અનુભવની પ્રતીતિથી

મને **તેં** દર્દ શાં દીધાં ! સ્મરણ તારું થવા કાજે,
સતત શી વેદના તીવ્ર વિશે, કેવું સ્મરણ ઝળકે !

અનુભવની પ્રતીતિથી ગવાયાં જે કરેલું છે,
અવર કોઈ **જીવ**શક્તિથી થવું ના શક્ય તે તે છે.

ઊંધા સંજોગ જીવનમાં દઈ દઈને **હરિ** મુજને
-બધા તે તે પ્રસંગોમાં મને શો ઉથલાવ્યો છે !

શું નાલાયક કદીક કેવો નજર તારી ઠરેલો જે !
છતાં **તેં** તો ગ્રહી કરને, કશું અવળું ન જોયું છે.

હરિ:ૐ

# हरिने દિલ અનુભવવા

**हरि**ને દિલ અનુભવવા બહુ માર્યા જ તરફડિયાં,
થતું જે જે બધું મુજથી થયા ગયું સૌ, સ્મરી સ્મરી ત્યાં.

ચકલીનો કેટલો ફડકો ! ઊડી ઊડી કેટલું ઊડશે !
શી મર્યાદા તહીં એની ! **हरि** એવું જ મારું છે.

છતાં જ્યાં દિલ ઝુકાવ્યું છે, ઝઝૂમવા યુદ્ધમેદાને,
થવાયું શું કટિબદ્ધ ! કૃપાની મહેરબાની જે.

થઈ જ જાવા **हरि** તારો, હૃદય સગપણ થવા કાજે,
જહેમત સૌ લીધેલી જે કૃપાથી **તેં** ફળાવી છે.

હરિ:ૐ

## હૃદયમાં તે અનુભવની

'**हरि**ના ભાવના સ્નાને જીવન નવરાવવાનું છે,'
હૃદય નિશ્ચય મરણિયો તે કરી, ઝુકાવ્યું તે અર્થે.

જરીક છંટકાવનો સ્પર્શ થતો, દિલ ઝણઝણ્યું શું તે !
હૃદયમાં તે અનુભવની ઝળકતી યાદ ન્યારી છે.

શું થનગનતો હૃદય ત્યારે નર્યો ઉત્સાહ ઊમટ્યો છે !
જીવનમાં ફાળ પર ફાળો ભરાયેલી હતી ત્યારે.

છતાં તે ઢૂંકડું ધામ ન લાગ્યું છે હૃદય મારે,
હજી મથતાં, રહ્યો મથતાં, કૃપા ત્યારે થઈ શી છે !

હરિઃૐ

# ગુરુ ચેતાવવા અર્થે

અલખની વાત ગોરખની અનુભવવા જીવનમાં તે,
મરણિયા દિલ નિશ્ચયથી અમે શો ટેક લીધો છે !

ભલે ગોરખ કરે લીલા છુપાયેલો રમતમાં જે
-હતો સંપૂર્ણ જે જીવતો, છતાં પરખાયો ના શો તે !

ગયો મચ્છેન્દ્ર તે પાસે ગુરુ લપસેલ ભાળ્યા છે,
કરામત સર્વ કીધી નિજ ગુરુ ચેતાવવા અર્થે.

પરંતુ સદ્‌ગુરુ પોતે હતો જે આપ પ્રત્યક્ષે
-ગમે તેવી રમતમાંયે, ભૂલે ના નિજ સ્વરૂપને તે.

હરિઃૐ

# હઈને સાક્ષીવત્ પૂર્ણ

હવે શું બાળપણ ઊગ્યું, શિશુવર્તન જીવનમાં તે !
ઊગી, સ્ફુરી હૃદય ઘેલાં શિશુ પેરે કઢાયે છે !
કદીક નૌતમ નીરખતાંમાં લઈ લેવા જ ઝંખે તે,
નવું, નવું કંઈક દેખાતાં ઝડપી લેવા શું તલસે તે !
શી અવનવી દિલ ઈચ્છાઓ શિશુ જેવી સ્ફુર્યા કરતી !
બધું હોવા છતાં પાછું નવું, નવું ઝંખતું રે'તી.
નર્યું શું ગેલ કરવાને ઉમળકે તે ગમે દિલને,
અબી બોલ્યા, અબી ફોક કદીક એવું થતું રહે છે.
ઘડી ઘડી હું ભૂલી જાઉં, પહેલાં એવું તો નહોતું,
ગરજ કે સ્વાર્થનેય તે હવે ભુલાતું વર્તાતું.
છતાં વિવેક, સાક્ષિત્વ ખીલેલાં જે જીવનમાં છે,
મને શાં પાંસરો રાખી બધું સંભાળી તે લે છે.
છતાંયે પ્રકૃતિને જે ગમે તેમ વર્તવા દેવા
-હઈને સાક્ષીવત્ પૂર્ણ, શી તેને મોકળાશ જ ત્યાં !

હરિઃૐ

## અનુભવીને ગ્રહણ, ત્યાગ

અનુભવીને ગ્રહણ, ત્યાગ સમું, તે ના કશું પણ છે,
ઉભય છોને અનુભવીને, છતાં ના સ્પર્શ તેનો છે.

કમળના પાન પર જળનાં ભલે છો બિંદુ હો, તોયે
-જતાં સરી, સ્પર્શ તેનોયે જતો સરી પાન પરથી તે.

કદી ઇન્કાર અનુભવી ના કરે જીવન મળે તેનો,
**હરિ**ની કૃપાપ્રસાદી તે સ્વીકારી, મસ્ત જીવન શો !

અનુભવીને બધાંમાંયે **હરિલીલા** જીવંતી જે,
હૃદયમાં જે વળેલી છે, જીવનમાં વ્યક્ત શી થતી તે !

હરિઃૐ

# અનુભવીનો વિવેક જ જે

જીવનમાં જેમ જે જાણ્યું, સમજી, સમજી, પિછાણીને,
જીવનવિકાસને યોગ્ય ગ્રહી લેવાનું તે તે છે.

અનુભવીને જ શું માત્ર બધું જે જે પ્રસાદી છે,
પરંતુ યોગ્ય શ્રેયાર્થી ન તેને તેમ તે તે છે.

અનુભવીનો વિવેક જ જે, કદી શ્રેયાર્થીનો ના તે,
જુદી જુદી ભૂમિકાનું ન ધોરણ એક કોઈ છે.

સમજવાનું પૂરેપૂરું જીવનમાં સૌ રહેલું છે,
ન કોઈનો દાખલો લઈને જીવનમાં વર્તવાનું છે.

જીવનનું ધ્યેય જેવું છે, હૃદયથી યોગ્ય લાગે જે
-સ્વયંસ્ફૂર્તિથી પોતે તો સ્વતંત્ર જ વર્તવાનું છે.

હરિઃૐ

# અનુભવમાં પ્રકાશે છે

**હરિ**માં દિલ દઈ દઈને, **હરિ**માં ચિત્ત પ્રેરીને,
**હરિ**ની ભક્તિ થઈ થઈને **હરિ**માં **પ્રાણ** લાગ્યા છે.

પરોવાતાં પૂરેપૂરા **હરિ**માં **પ્રાણ** જ્યારે તે
-બધીએ નિમ્ન પ્રવૃત્તિ અટકતી આપમેળે તે.

**હરિ**માં **પ્રાણ** લાગે જ્યાં પ્રકૃતિ **પ્રાણ**ની ઊર્ધ્વે
-વહેતી શી થવા લાગે ! અનોખી મોજ એની છે.

નિરંતરની **હરિ**સોબત થકી આનંદ લાગે જે,
જીવનનું તેથી બદલાવું અનુભવમાં પ્રકાશે છે.

હરિઃૐ

## જીવન તે શક્તિ અનુભવવા

જીવન **આ** શેં મળેલું છે ? જીવનનો હેતુ કેવો છે ?
જીવનનો મર્મ શો છે ? ને રહસ્ય જ શું જીવનનું છે ?

સ્મરણનો ભાવ દિલ ઊંડો પ્રગટતો જ્યાં રહેલો છે,
મને ત્યારે કંઈક એવા હૃદય પ્રશ્નો ઊઠેલા છે.

બહુ ત્યાં બુદ્ધિ ચલવી છે, મનન ચિંતવન થયેલું છે,
હૃદયમાં ભાવ ધગધગતો જલંતાં, સર્વ સૂઝ્યું છે.

જીવન જે શક્તિથી ચાલે, ગતિ જે શક્તિથી જન્મે,
જીવન તે શક્તિ અનુભવવા જીવનનો માત્ર હેતુ છે.

હરિઃૐ

# અનુભવમાં જ પ્રગટ્યું તે

વધારે ને વધારે તો મહત્ત્વે ઝોક જીવનને
-હૃદયનો ભાવ બઢવાને જબરજસ્ત જ દીધેલો છે.

હૃદયનો ભાવ દઢતામાં કરણની જૂની પદ્ધતિ તે
-કંઈક બદલાતી લાગી છે, અનુભવમાં જ પ્રગટ્યું તે.

છતાંયે ત્યાં અશુદ્ધિઓ હજીયે શી ભરી પડી છે,
અશુદ્ધિઓ થોડી છો, કિંતુ નર્યું નુકસાન વેરે છે.

અસુરોને અવળચંડા અશુદ્ધિ નોતરે શી તે !
નર્યું ભેલાણ ત્યાં કેવું ઊગેલાનું કરાવે છે !

હરિઃૐ

# અનુભવ દર્દ ને દુઃખનો

ભયંકર દર્દની પાછળ કૃપાનો હાથ શો ગૂઢ છે !
ભયંકર વેદના હોવા છતાં આનંદ વહેતો છે.

હસાયે ને મજા કેવી બધાં સાથે થતી રહે છે !
વળી સર્જન બધું કેવું થયા કરતું રહે સહેજે !

અનુભવ દર્દ ને દુઃખનો થવો કેવો જરૂરી છે !
રણકતો ભાવ હૈયાનો મપાવા યોગ્ય સાધન તે.

કૃપાની તે પ્રસાદી છે, હૃદય પ્રત્યક્ષ પ્રીછી તે,
સ્વીકારીને જીવન તે તે વધાવી મેં લીધેલાં છે.

હરિ:ૐ

## ન અસ્તિત્વ કશાનું છે

નર્યા આનંદના શિખરતણી જે ઊર્ધ્વમાં ઊર્ધ્વે
-પૂરી ટોચે પહોંચાતાં, થયો વિલીન શો ઊર્ધ્વે !

હતું જેનું, ભળ્યું તેમાં શું એકાકાર જીવન પણ
-નર્યા મૂળતત્ત્વથી કેવું થયેલું તે સભર મસ્ત !

બધું હોવા છતાં જે તે બધુંએ શૂન્યમાં તે તે,
બધું હોવા છતાં જે તે ન અસ્તિત્વ કશાનું છે.

કશાનુંયે કશું જ ભાન જરા સરખું ન લાગે છે,
બધું અસ્તિત્વ પીગળીને શું એકત્વે શમાયું છે !

હરિઃૐ

## અનુભવને મહાલ્યો છે

બધાં દુઃખ, દર્દની વચ્ચે અનુભવને મહાલ્યો છે,
ઊંડો કોઈ ગૂઢ હેતુ છે અનુભવવાની પાછળ તે.

સમગ્રતા શી સર્વસ્વ **हरि**માં તે શમાઈ છે !
સમગ્રતા વિશે કેવો **हरि** પાછો રહેલો છે !

બધું જે જે, બધાંનોયે અનુભવ તો **हरि**ને છે,
છતાં પોતે જ નિર્લેપ બધાંથી વેગળો શો છે !

ભળેલો એકરૂપે છે, ન જુદો ક્યાંય પોતે છે,
બધાંનુંયે **हरि** તેથી ખરું તે હાર્દ પોતે છે.

હરિઃૐ

## અનુભવવા જીવન આ છે

**હરિ**ના સર્વ જે જે છે, બધા ગુણધર્મ જ્યાં તે તે
-જીવનમાં સાવ પ્રત્યક્ષ થતાં, સાકાર દર્શન તે.

નર્યું તાદાત્મ્ય સંપૂર્ણ છતાં સાક્ષિત્વ પાછું છે,
ભળેલો પૂર્ણ હો, તોયે અલિપ્ત જ પૂર્ણ સાક્ષી તે.

સ્થળાતીત આપ સંપૂર્ણ શી કાળાતીત, દ્વંદ્વાતીત
-ગુણાતીત પૂર્ણ સંપૂર્ણે, શું સાકાર, નિરાકાર !

**હરિ**ની દિવ્ય લીલાને અનુભવવા જીવન **આ** છે,
કૃપાની શી પ્રસાદી છે ! મહદ ઉપકાર **હરિ**નો તે.

હરિઃૐ

# અનુભવી તે, જીવનદૃષ્ટિ

ઝરો ભક્તિતણો ફૂટતાં મતિ રંગાઈ ભક્તિથી,
પછીથી પ્રેરણા મૌલિક જીવન મળવા જ લાગી શી !

કરણ બે, **પ્રાણ** ને બુદ્ધિ પૂરાં જ્યાં ભક્તિ વિષયે છે,
ડૂલેલાં ભક્તિમાં પૂર્ણ, તહીં શી પ્રેરણા ઊગશે !

જીવન જ્યાં પ્રેરણામય છે, થતું તે ઊર્ધ્વ જીવન છે,
ઊગંતી પ્રેરણા, લક્ષણ થતાં ઊર્ધ્વ જ જીવનનું તે.

કૃપાનું કેવું પ્રત્યક્ષ ખરેખર ઑર દર્શન તે !
અનુભવી તે, જીવનદૃષ્ટિ શી સંપૂર્ણ વળેલી છે !

હરિઃૐ

# અનુભવના પ્રદેશે તો

'જીવનના મૂળમાં **हरि** શો !' થતાં સાધન ઊંડાં જ્યાં તે
-હૃદયમાં લાગ્યું સમજાવા, અનુભવવા મથાયું છે.

હૃદયના ભાવથી સાધન સહજમેળે થતાં રહેતાં,
અનુશીલન, પરિશીલન થતાં રહેતાં જ જીવનમાં,

જીવનની ઊર્ધ્વ ભૂમિકાતણા કોઈ કેંદ્રના બિંદુ
-વિશે એકાગ્ર કેંદ્રિત થવાતાં, ફૂટ્યું શું ઝરણું !

અનુભવના પ્રદેશે તો થતો પ્રવેશ લાગ્યો છે,
પછી શાં ઉત્તરોત્તર ત્યાં શિખર ઊર્ધ્વે ચઢાયાં છે.

હરિ:ૐ

## અનુભવતાં હૃદય તે તે

જીવનનો સાથ **हरि** અમ છે, જીવનનો સ્તંભ **हरि** શો છે !
**हरि** શો અમ જીવનપાયો ! જીવનમૂળમાં **हरि** શો છે !

હૃદય આવું જ સમજાતાં, કંઈ કાળ જ વીતેલા છે,
અનુભવતાં હૃદય તે તે મથાવાનું થયેલું છે.

**हरि**ની ભાવના દિલમાં થતાં ઉત્કટ, મથાયું જે
-હૃદય તે ભાવના પચતાં, કંઈક ઊતર્યું **हरि**નું તે.

પછીથી શા ઘૂંઘટપટને કૃપાથી એક પછી એક
-ખસેડી નાખીને, કેવું કરાવ્યું ખુલ્લું તુજ દર્શન !

હરિઃૐ

# અનુભવ્યું શું જીવનમાં તે

જીવનમાં તો હવે માત્ર ધણીધોરી અમારો જે
-ધણી ધીંગો ખરેખરનો **हरि** શો એકલો તે છે !

જીવનની છેતરપિંડીમાં **हरि**ને અવગણેલો છે
-છતાં **हरि**એ જ મોટું દિલ ખરેખર શું ધરાવ્યું છે !


**हरि**ની ઉદારતા જેવી ન કોઈની કશે પણ છે,
કૃપાળુ શો **हरि** પાછો ! અનુભવ્યું શું જીવનમાં તે !

કશું અમથું ન ગાયું છે, જીવનમાં વાસ્તવિક જે તે
-અનુભવથી અનુભવીને જીવનતારતમ્ય ગાયું છે.

હરિઃૐ

## ખંડ - ૫

# જીવનની પ્રેમની શક્તિ



મહત્ત્વે મોખરે જ્યારે હૃદયભાવ પ્રવર્તે છે,
પ્રકૃતિ આપમેળે રહે ખરેખર ગૌણ તે કાળે.

હરિઃૐ

## હૃદયનો ભાવ દ્વંદ્વાતીત

સમગ્રે સૌ પરિસ્થિતિનું શું પૂર્ણવિરામ પામ્યું છે,
**हरि**ની ભક્તિનો એવો ચમત્કાર જ પ્રવર્ત્યો છે.

ગુણ ને દ્વંદ્વથી યુક્ત ભૂમિકા પ્રકૃતિની છે,
હૃદયનો ભાવ દ્વંદ્વાતીત ગુણાતીત તે સ્વરૂપે છે.

**हरि**ના ભાવનું તેથી જીવનમાં જોશ ને ભાવ
-વધારે ને વધારે તે રહે ચેતેલ, શું ઉત્તમ !

મહત્ત્વે મોખરે જ્યારે હૃદયભાવ પ્રવર્તે છે,
પ્રકૃતિ આપમેળે રહે ખરેખર ગૌણ તે કાળે.

હરિઃૐ

# **હરિ**ના ભાવનું મુજને

**હરિ**ના ભાવનું મુજને મહત્ત્વ દિલ જાગીને,
-અભિમુખતા શી ચેતંતી જીવનમાં મોખરે રહે છે !

મહદ સદ્‌ભાગ્ય જીવનનું ચરણસેવા સૂઝેલી છે,
જીવનની આંટીઘૂંટીથી મને એણે બચાવ્યો છે.

જુદી જુદી ભૂમિકાની જુદી શી ભુલભુલવણી છે !
ઠરેલા ભાવ **હરિ**ના **એ** મને રસ્તો બતાવ્યો છે.

જીવનનો રાહબર પાકો **હરિ** પ્રત્યક્ષ કેવો છે !
સજીવન દિલ **હરિ**નામાં કૃપાથી શું દઢાયું છે !

હરિઃૐ

# હૃદય છૂપો हरि તું છે !

જીવનમાં કેટલા કેવા મને સંબંધ બક્ષ્યા છે !
-ફળવવા કર્મ તે સૌથી ખરા ખપના જ નીવડ્યા છે.

કદી સ્વપ્નેય જેની કંઈ નહોતી ભાળ જીવનમાં,
છતાં ભેટો કરાવ્યો છે, કૃપા તુજ વર્ષી શી દિલમાં !

મળી હૂંફ ઓથ ને હામ મળેલા તે સંબંધોથી,
ઊભો રહી હું શક્યો કેવો ! બલિહારી સંબંધોની.

જીવનમાં તે સંબંધોના હૃદય છૂપો **हरि** તું છે !
હૃદય દર્શન શું તે દ્વારા મને મળતાં **हरि** તુજ તે !

હરિ:ૐ

# જીવનના પ્રેમની શક્તિ

જીવનમૃત્યુની સંધિ પર હૃદયનો પ્રેમ ઊભો છે,
ઉભયનો દિલ અનુભવ તે ખરેખર પ્રેમ પ્રીછે છે.

બધાંએ પ્રેમથી ગાત્રો શું છલકાતાં **જીવન**થી છે !
હૃદય અંતરંગમાં એના રહસ્ય મૃત્યુનું શું તે !

સફળતા પ્રેમની વિશે રસીલી ગૂઢતા શી છે !
શું ન્યોછાવર થવાકેરી અનંત જ શક્તિ તેમાં છે !

જતો શો વારી વારી તે સમર્પણ નિજ કરી કરીને !
મહિમા પ્રેમનો એવા અનુભવતાં **જીવન** તે છે.

જીવનના પ્રેમની શક્તિ બધી શી મર્મસ્પર્શી છે !
પ્રીતિ ને ભક્તિ જહીં એક તહીં દ્વંદ્વો વિરામે છે.

હરિઃૐ

# નિરંતરનો થવા ભાવ

હૃદય સ્મરવું, હૃદય ભજવું જીવનમાં નેમ તે લઈને,
હૃદયથી તે વિશે રાચ્યા સતત કરવાનું રાખ્યું છે.

થતાં સાધનથી દિલભાવ ઊછળતો જે રહેલો છે,
હૃદયના ભાવને તેવા થતાં સાધનમાં ધાર્યો છે,

બઢે છે ભાવથી ભાવ, નિરંતર એ જ અભ્યાસે
-રહેવાયું જ મંડાતું લગાતાર જ, કૃપા શી તે !

બઢંતાં ભાવ જીવનમાં બઢ્યાં છે ગુણ ને શક્તિ,
નિરંતરનો થવા ભાવ શું વપરાયાં જ ગુણશક્તિ !

હરિ:ૐ

## હૃદયનો ભાવ ટપક્યો શો !

તને સંતોષ દેવાને ઉમળકો દિલ અદકો છે,
'થઉં શી રીત તું રાજી,' વિચાર્યા ખૂબ કીધું તે.

મહત્ત્વે, મોખરે આઠે પ્રહર દિલ ભાવ જીવતો છે,
**हरि**નો મુખ્ય આહાર ખરેખર ભાવ સાચો તે.

હૃદયનો ભાવ દ્વંદ્વાતીત ગુણાતીતની ભૂમિકાનો,
મનન, ચિંતવન, સ્મરણ, કીર્તન, નિવેદન ને સમર્પણ સૌ.

હૃદય સન્મુખતા આદિ કર્યાં સાધન કરેલાં તો
-હૃદય તેવા જ અભ્યાસે હૃદયનો ભાવ ટપક્યો શો !

હરિઃૐ

## મહત્ત્વ ભાવનું બહુ છે

જીવનમાં વ્રત બહુ કીધાં, તપશ્ચર્યા થયેલી છે,
જીવનવિકાસ અર્થેના ગુણો વિકસેલ તેથી છે.

ગુણો ઉપયોગ લેવાથી ગુણોની શક્તિ બઢતી છે,
હૃદય તેથી કરી જ ભાવ અનેરો ઑર પ્રગટે છે.

જીવનનું સાચું દર્શન તો પ્રગટતા ભાવને લીધે
-મળ્યા કરતું, જીવન તેથી, મહત્ત્વ ભાવનું બહુ છે.

'છતું ચેતન થવા ભાવ જ મહત્ત્વે, મોખરે હોવો,'
-હૃદય નિશ્ચય ઊગ્યાથી તે, કીધો છે ઝોક તેને તો.

હરિઃૐ

# હૃદયના ભાવનું જીવતું

જીવનમાં સાવ પરવશતાતણો ત્યાગ જ થવા કાજે
-**हरि**પદ ભક્તિથી આશ્રય કૃપાથી દિલ લીધો છે.

જીવનની ભક્તિ લાગ્યાથી હૃદય સ્વાશ્રયીપણું ઊગ્યું,
જીવનના ઊર્ધ્વના ક્ષેત્રે પ્રગતિ તેથી સધાઈ છે.

જીવનઆધારમાં અંતર પ્રવેશાયું ઊંડે ઊંડે,
મનન ચિંતવનના અભ્યાસે શું તેવો ભાવ જાગ્યો છે !

હૃદયના ભાવનું જીવતું પ્રબળ સાતત્ય પ્રગટીને
-સ્વતંત્ર શો મુલક મૌલિક હૃદય નિજનો પ્રકાશ્યો છે !

હરિઃૐ

# **हरि**નો ભાવ સંપૂર્ણ

શરીરની કારમી ઉત્કટ થતી જે વેદના વિશે
-ભજન લખવા જ પ્રેરીને હૃદયઆનંદ બક્ષ્યો છે.

ભજન સર્જાવવાકેરી, ભજન લલકારવાકેરી
-હૃદય બુદ્ધિ જગાડી, જે કળા મૌલિક શી દર્શનની !

**हरि**નો ભાવ સંપૂર્ણ, થવા વ્યક્ત શરીર છે **આ**,
કળા ચેતનની સંપૂર્ણ નથી સર્જન થઈ તનમાં.

અધૂરો ત્યાં સુધી કેવો જીવનવિકાસ **हरि** પ્રત્યે,
કૃપા હાવાં પૂરો એને ફળવવાની જ છે નિશ્ચે.

હરિઃૐ

# હૃદયસગપણ हरि સાથે

**हरि**ની ભવ્ય માયા ને કળાલીલા અનોખાં છે,
થયા વિણ જ્ઞાની ને ભક્ત ન આવે ખ્યાલમાંયે તે.

અમારાં શાં **हरि** સાથે પૂરાં પાનાં પડેલાં છે !
છુટાયાં ન કદી છૂટે, હૃદયસંબંધ સજ્જડ તે.

હૃદયસગપણ **हरि** સાથે કૃપાભક્તિથી જીવનમાં
-થયેલું જે, હૃદય તેથી રહ્યો બંધાયેલો પદમાં.

સ્તવન ઊંડું થયા કરતાં હૃદયસંબંધમાં ચેતન
-જીવંતું ઓર મોરીને દીપાવ્યું છે બધું જીવન.

હરિઃૐ

# हरिની પ્રેમધારાને

હવે લલકારવા **हरि**ને જીવનમાં યજ્ઞ માંડ્યો છે,
ભજનની આહુતિ દઈ દઈ રખાયો યજ્ઞ જલતો તે.

ભજન ગાવા, ભજન ગાવા જીવનમાં શૌર્ય પ્રગટ્યું છે,
ન અટક્યું તે જરા પણ રહે, વહે છે ગંગધારાએ.

જીવન પ્લાવિત કરાવે છે **हरि** ભાવે, અગોચર જે
-છતાં પ્રત્યક્ષ વર્તાતું જીવનમાં શું થતું જે તે.

**हरि**ની પ્રેમધારાને જીવન ઝીલવી કૃપાથી તે
-મહાસદ્‌ભાગ્ય જીવનનું અનુભવવા મળેલું છે.

હરિઃૐ

## હૃદયમસ્તી ચઢેલી છે

**હરિનું** હેત પારખવા કૃપાથી જે મળેલું છે,
ઘડી ઘડી શું જીવન તેણે રસીલો ઘાટ ઘડિયો છે.

ગૂંદાવાયું જ જીવનમાં મુલાયમ તે થવાવાને,
ગૂંદાવામાં જ સંપૂર્ણ હૃદય સહકાર બક્ષ્યો **તેં.**

જીવનના સર્વ કૌવતને કૃપાથી **તેં** બઢાવ્યું છે,
ઘડાવાની તમન્નામાં હૃદય અગ્નિ જલાવ્યો છે.

ઘડાવામાં ગરજ, સ્વાર્થ પૂરેપૂરો જગાડ્યો છે,
કૃપા તે મહાલતાં જીવન, હૃદયમસ્તી ચઢેલી છે.

હરિઃૐ

# હરિનું હેત લાધ્યું છે

જીવનમાં અંધાધૂંધી ને ભયંકર આંધી પ્રગટ્યાં છે,
સહારો એકલો માત્ર મને ત્યારે **હરિ** તું છે !

સ્મરી સ્મરીને તને હૃદયે જીવનને ટકવી રાખ્યું છે,
**હરિ**માં દિલ દઢવવાને હૃદય ભક્તિનું સાધન છે.

જીવનમાં ભાવ દઢવાતાં જીવનગતિ શી વહેલી છે
-સતત **હરિ**ની પરત્વેની ! હૃદય પદ તેથી મોહ્યું છે.

જીવનની ગંગધારા જે **હરિ**નાં તે ચરણકમળે
-વહ્યા કરવા જ માંડ્યાથી **હરિ**નું હેત લાધ્યું છે.

હરિઃૐ

## હૃદય સભાનતા તીવ્ર

પરીક્ષા ને કસોટી શી અનેકે રીત થઈ ગઈ છે !
થયો છું કેટલી વાર જ નપાસ હું જીવનમાં જે.

પરંતુ તેથી નાહિંમત કદી પણ ના થયો છું હું,
ફરીથી બેવડી હામ જ ધરી, ઉદ્યમ કરેલો શું !

જીવનમાં નાસીપાસ જ શો ! થતાંમાં ને થતાંમાં તે,
ઊંધે ચક્કર ચઢાતાં ત્યાં સ્તવ્યા તુજને કરેલો છે.

હૃદય સભાનતા તીવ્ર જલંતી જે રહેલી તે,
કૃપા સાક્ષાત્ એને મેં અનુભવથી પ્રમાણી છે.

હરિઃૐ

# હરિનું વહાલ નાચે છે

**હરિ** વહાલો, **હરિ** વહાલો, હૃદયથી પાર વિનાનો
-કંઈ ઉપમા હું જે માટે કશી આપી નથી શકતો.

કંઈક ઉપમા હું જઉં દેવા પડે ત્યાં ટૂંકી જે તેયે,
હું સરખાવું કઈ રીતે, **હરિ**ને કોની સંગાથે !

બધીએ જાતની ઉપમા થકી પર શો **હરિ** પોતે !
બધી ઉપમા સમાયેલી **હરિ**માં કેવી પ્રત્યક્ષે !

બધી રગ રગ, નસેનસમાં **હરિ**નું વહાલ નાચે છે,
બધુંએ દોદળાપણુંયે તહીં **જીવ**નું ભગાડે છે.

હરિઃૐ

## हरिने કરગરી ભાવે

ન ઢૂંકડું આવતું નજરે જીવનનું ધ્યેય પ્રત્યક્ષ,
જહેમત સૌ થતાં તોયે, પડાતાં પાછું દ્રવ્યું દિલ.

**हरि**ને કરગરી ભાવે રડ્યા શું મેં કરેલું છે !
હજારો કેટલી લ્યાનત શી વર્ષાવી જ મુજ પર છે !

હજારો વાર ધિક્કાર્યો મને મેં તો સ્તવી સ્તવીને,
બધુંએ ઠારવી દઈને થયો નિશ્ચિંત જ્યાં ચરણે.

**हरि**એ બાથમાં લઈને બધાં મુજ અશ્રુ લૂછ્યાં છે,
**हरि**એ થાબડી પીઠને, અનુપમ હામ પ્રેરી છે.

ઉઠાયું તો જ મારાથી ફરી પંથે શું ધપી ધપીને
-હૃદય ભાવે ! પરાક્રમથી ઢળાયું છે તહીં શરણે.

હરિઃૐ

# હૃદય સંપૂર્ણ તુજ બનવા

‘જીવનમાં તો **हरि** તારે ઢળી સર્વાંગે શું ચરણે !
-હૃદય સંપૂર્ણ તુજ બનવા’, જીવનનું ધ્યેય ધાર્યું તે.

ચૂમી લેવા, ચૂમી લેવા, **हरि** તારાં ચરણને તે,
હૃદય તે ચાંપી લેવાને હૃદય થનગનતું ઉમંગે.

**हरि**ને બાથમાં લેવા ઉમળકો મસ્ત ઊછળ્યો છે,
**हरि** શો આવતાં બાથે, થતો અદૃશ્ય લાગે છે !

રમત સંતાકૂકડી એવી રમી ચૂક્યો જીવનમાં તું,
હવે સંતાઈ જવાનો ક્યાં ? હૃદયમાં જ્યાં બિરાજ્યો **તું.**

હરિઃૐ

## હૃદય આનંદ વ્યાપ્યો છે

જીવનમાં તારી સંગાથે રમત રમતાં, રમત રમતાં
-બકેલી હોડ દિલમાં છે, તને દિલ ખોળી તારવવા.

રમત રમતાં, રમત રમતાં, તને દિલ પકડી પાડ્યો છે,
જહીં મુજ હાથ સ્પર્શ્યો છે, તહીં છટકી જતો તું છે.

વળી પાછો શું છોડીને પડી પાછળ હું તારી તે
-તને દિલ કાઢવા ખોળી હૃદય તડપ્યા કરેલું છે.

સતત પાછળ પડી પડીને, નજરમાં ધારી ધારીને
-તને હરદમ, પકડી લેતાં, હૃદય આનંદ વ્યાપ્યો છે.

હરિઃ ૐ

## હૃદય શી લહેર લહેર જ છે !

ઈશારા સૂક્ષ્મ તારાથી કને તુજ આવવા પાસે
-કળા હિકમત શી વાપરવા હૃદય હિંમત ભીડેલી છે !

જરીક જરી તે થઈ પાસે થવાયું જ્યાં અડોઅડ છે,
હૃદય ચમકારો વીજળીનો બધે વ્યાપી ગયેલો છે.

બધાએ બંધ છૂટ્યા છે, શરમ, સંકોચ ભાગ્યાં છે,
ન મર્યાદા કશી રહી છે, હૃદય શી લહેર લહેર જ છે !

હૃદયની ગેલમસ્તીના અનુભવની અસર જ તે
-બધે આધાર વ્યાપીને રસે તરબોળ કીધો છે !

હરિઃૐ

# હ્રદયનો નેહ हरि સાથે

તને દિલ ચાહી ચાહીને સ્મરણથી દિલ ભરી દઈને,
હ્રદય તુજ યાદમાં તડપી, નિરંતર બૂમ પાડે છે.

હ્રદયનો નેહ **हरि** સાથે શું જોડાઈ ગયેલો છે !
નયન ને દિલ ઉભયને તે **हरि** વિના ન ચાલે છે.

**हरि, हरि**નું રટણ દિલમાં વગર અટક્યે જ ચાલે છે,
હ્રદય, મન, પ્રાણ તલસાવી તમાશો કાં તું નીરખે છે ?

તલસતું દિલ તરફડતું હ્રદય નીરખી જ નીરખીને,
રવડતું દિલ મૂંઝાતાં તને શી મોજ આવે છે !

હરિઃૐ

# हरिना ભાવથી જીવવું

**हरि**ના ભાવથી જીવવું જીવનની મસ્તી ન્યારી છે,
જીવન તે મહાલવા મોજ સ્મરણ **हरि**નું જીવનમાં તે.

જીવનઆનંદ **हरि**માં છે, **हरि** લીધે બધું જે તે,
બધાંમાંયે **हरि**નો શો ભર્યો ભરપૂર તે રસ છે.

**हरि**ના ભાવને લીધે રસાસ્વાદ જ જીવનમાં છે,
જીવન તે યજ્ઞ માંડીને અનુભવ શો લીધેલો તે !

**हरि**ની ભાવદુનિયાને અનુભવવા જીવનમાં તે
-**हरि**ને બાથમાં લેવા જીવન અદ્‌ભુત મળેલું છે !

હરિઃૐ

# હૃદય નિશ્ચય જિવાડ્યો છે

**હરિ**ને પ્રીછવા કાજે જીવનમાં વ્રત લીધેલું છે,
ઉમળકે પાળી પાળીને હૃદય નિશ્ચય જિવાડ્યો છે.

અડગ નિશ્ચયના કારણથી સતત તે નાકની દાંડી
-નિરંતર સામનું જીવતું ધરવવા ટેવ પાડેલી.

'શકે તેથી ન ચસકી તે,' હૃદયમાં લક્ષ ધાર્યું છે,
કદીક તોયે શું ચસક્યું છે ! કૃપાથી ઠામ પાછું તે.

જીવનમાં તે રમત સૂક્ષ્મ રમંતાંમાં રમંતાંમાં,
અકસ્માતે **હરિ** દિલ શો શું ઝડપાઈ ગયેલો છે !

હરિઃૐ

## હૃદય તન્મય થવાયું છે

સ્તવન **હરિ**નું કર્યા કરતાં સતત જ્યાં તે થયા કરતાં,
સ્તવન જ્યાં દિલ ઊતરતાં સ્તવનનો શો પ્રભાવ જ ત્યાં !

સ્તવનના તે પ્રતાપેથી સ્તવનમાંથી હૃદયમાં તે
-અનેરો ભાવ પ્રગટંતાં સ્તવનમાં દિલ લાગ્યું છે.

સ્તવનના ભાવ નિરંતર થકી, **હરિ**માં જવાયું છે,
પછી **હરિ**ને અનુભવવા હૃદયને ઘેલું લાગ્યું છે.

હૃદયમાં ઘેલછા ઊંડી ઊંડી શી મસ્ત લાગી છે !
અને તે ઘેલછા લીધે હૃદય તન્મય થવાયું છે.

હરિઃૐ

# हरिना ભાવ વિનાનું

जीवनमां જીવતાં જીવતાં સ્મરણ **हरि**નું થયેલું છે,
**हरि**ना ભાવ વિનાનું જીવન જીવવું નકામું છે.

**हरि** સાથે જ જીવનની થયેલી ગોઠડી શી છે !
**हरि**માં ચિત્ત તેથી તો રહેલું એકધારું તે.

શી સંતાકૂકડી તોયે **हरि** જીવનમાં રમતો છે !
ઘડીકમાં શો છૂપો પાછો ઘડીકમાં શો છતો પોતે !

**हरि** પ્રત્યેની લગની તે જલવવા તીવ્ર તે રીતે,
**हरि**ની તે રમતનું શું રહસ્ય જ, ભાન પ્રગટ્યું છે !

હરિઃૐ

## હૃદયનો ભાવ તે માત્ર

જીવનમાં જેનું અસ્તિત્વ ભલેને તીવ્રમાં તીવ્ર
-ગમે તે તેટલી બુદ્ધિ, શકે ના જાણી તે તત્ત્વ.

‘હૃદયનો ભાવ તે માત્ર જીવનની શક્તિ પ્રીછવાને
-ખરેખર યોગ્ય છે પાત્ર’, કૃપાથી સત્ય લાધ્યું તે.

જીવનમાં તેથી કેળવવા હૃદયના ભાવ પ્રત્યેનો
-મહત્ત્વે ઝોક જીવંતો, હૃદય સંપૂર્ણ દેવાયો.

કૃપા એવી હતી મુજ પર **હરિ** તારી શી મબલક તે !
બધું જે તે જ તો મુજથી જીવનમાં સૌ થયેલું છે.

હરિઃૐ

## હૃદય મદમસ્ત શા થઈને

જીવનમાં ના હવે કંઈ પણ તમન્ના કે અભીપ્સા છે,
હૃદય મદમસ્ત શા થઈને હવે બસ નાચવાનું છે !

કદીક મસ્તીનું ભરપૂર શું વાવાઝોડું ઊઠે છે !
તળે ઉપર ઊછળી ઊછળી બધું જે તે થતું રહે છે !

અવ્યવસ્થામાં વ્યવસ્થા શી સમૂળી ફેરવાયે છે !
કહીંનું કહીં જ બધુંએ જ ઊડી ફેંકાઈ જતું દૂર તે.

અવ્યવસ્થાની વિશે પણ તે વ્યવસ્થા શી નૂતન ત્યાં છે !
જૂનાં જે જે સ્વરૂપ તે તે, રૂપો મૌલિક, અલૌકિક છે !

હરિઃૐ

## હૃદય લગની ઉત્કટથી

જૂની જૂની રીતે, ટેવે જીવી, જીવી, મથાયું છે,
જીવન તેવા વિશે પણ રસ જરૂર, ક્ષણજીવી કિંતુ તે.

અખંડિત રસ જીવનમાં તે પળેપળ મહાલવા કાજે,
તમન્ના મસ્ત લસલસતી નરી દિલમાં શી પ્રસરી છે !

જીવન એણે જ ચોમેર બધું સળગાવી દીધું છે,
જીવનમાં શાં નવાં ચશ્માં પહેરાવી દીધેલાં છે !

જુદી કોઈ ન્યારી શી રીતનું જીવન જીવવા ગમેલું છે !
હૃદયની લગની ઉત્કટથી પ્રવેશાયું જીવનમાં તે.

હરિઃૐ

## हरिनो પ્રેમ દ્વંદ્વાતીત

**हरि**નો પ્રેમ દ્વંદ્વાતીત ગુણાતીત દિવ્ય કેવો છે !
બધા સંસારના લોક ન તેને યોગ્ય પિછાણે.

જગતજન પ્રેમ જેને કહે ખરેખર માત્ર મોહ જ તે,
ભૂમિકા નિમ્નમાં નિમ્ન વિશે ઊતરેલ પ્રેમ જ તે.

સમર્પણ, ત્યાગ સંપૂર્ણ નર્યો ઉદાર, સૌ રીતે
-થતો શો વારી વારીને શું ન્યોછાવર જીવન રહે તે !

થવા એકરૂપ તાદાત્મ્ય સ્વભાવ જ પ્રેમનો શો તે !
છતાં સાક્ષિત્વ શું એનું કદી ખંડિત થતું ના છે.

હરિઃૐ

# હૃદયભાવે સમર્પીને

**हरि आ** જિંદગાની જ્યાં શિખર આનંદની ટોચે,
સમર્પણ, ત્યાગ કાજે શો ખરો અવસર મળેલો તે.

બધુંએ જે થતું તે તે, કશું પણ નિજનું ધારીને
-અમારે રાખવાનું ના, સમર્પી સર્વ દીધું છે.


થયું જે જે, થતું જે જે કરી તે ત્યાગ **हरि**ચરણે
-હૃદયભાવે સમર્પીને, નિરાંતે શા પડી રહીએ !

**हरि**ની બોલબાલામાં અમારું સર્વ જીવન તે
-**हरि**ના પદની ભક્તિમાં નર્યું તરબોળ રસથી છે !

હરિઃૐ

# ખંડ - ૬

## ગરજ



ગરજમાં જીવને અગ્નિ શું ધગધગતો જ પ્રગટે છે !
ગરજ તેવી થકી કેવાં ભગીરથ કર્મ બનતાં છે !

હરિઃૐ

## ગરજ એવી જીવન જાગી

ગરજની વાત ન્યારી છે, બલિહારી ગરજની તે
-અજાયબની અતિશય છે, ગરજની ભૂખ જુદી છે.

ગરજમાં જીવને અગ્નિ શું ધગધગતો જ પ્રગટે છે !
ગરજ તેવી થકી કેવાં ભગીરથ કર્મ બનતાં છે !

ગરજ અગ્નિની જેવી તે શી મર્યાદા જ તોડીને
-કૂદી તે શી જતી ઊંડી ઊંડી ઊતરે પ્રવેશીને.

ગરજ એવી જીવન જાગી કૃપાની તે હકીકત છે,
કદી મુજથી ન ભુલાતી, જીવન તેથી ઊભેલો જે.

હરિઃૐ

## ગરજના કારણે સ્પર્શી

ગરજ લીધે વિષયમાં તે અતિશય, રાગ પ્રગટીને
-વિષયને વળગી રહેવાયું, પકડ તેથી જ જન્મી છે.

વિષયમાં જીવતું કેવું રસાત્મક દિલ જિવાયું છે !
વિષયના હાર્દમાં **પ્રાણ** શું ચેતનવંત જાગ્યા છે !

મૂળાધારે જ સ્પર્શાવી ગતિશીલતા જીવનમાં તે
-શી ફોરી ! મોરીને એણે નૂતન દર્શન કરાવ્યાં છે.

નૂતન દર્શન જુદાં જુદાં જીવનમાં સર્વ પાસાંનાં
-ગરજના કારણે સ્પર્શી થતાં દર્શન અનુભવનાં.

હરિઃૐ

# ગરજથી લગની ઉત્કટ જે

ગરજ જીવનની પ્રગટી તે નયન ઉઘાડનારી છે,
બધાં મૂળ સ્પર્શવા જીવન અધીરી શી બનેલી તે !

શી તલપાપડ થયેલી તે ! ન છાની બેસી રહેતી તે,
મથાવ્યા દિલ કરાવીને ઠરીઠામે ન ઠરવા દે.

સતત ઉદ્યમ અને ખંતે હૃદય ઉત્સાહ પ્રેરાવી
-નિશાને પહોંચવા લક્ષ તકેદારી રખાવે શી !

જીવનનું તત્ત્વ અનુભવવા ગરજથી લગની ઉત્કટ જે
-હૃદય ભડભડતી બળતીયે શું અંતઃપુર પ્રવેશાવ્યો !

હરિ:ॐ

# ગરજથી સભાનતા તીવ્ર

ગરજથી કેવું જાગે છે ગરજના તે વિષયકેરું
-ઊંડું ભાન જ હૃદય વિશે ! ગરજની ખૂબી ન્યારી શું !

ગરજ કમ્મર કસાવે છે, ગરજ બુદ્ધિ જગાડે છે,
ગરજથી **પ્રાણ** ચેતે છે, ગરજ કર્મ કરાવે છે.

ગરજથી સભાનતા તીવ્ર હૃદય જલતી રહે શી તે !
સતત ગોદાટી, ગોદાટી ધૂંસરીએ જોતરાવે છે.

ગરજ જેવો બીજો કોઈ જીવનમાં સદ્‌ગુરુ ના છે,
બહુ મોંઘામૂલા પાઠ ગરજથી શિખવાયા છે.

હરિઃૐ

## ગરજ ના જંપ વળવા દે

ગરજ પંપાળતી રહે છે, ગરજ ઉશ્કેરી પણ દે છે,
કદીક તો તે નસાડે છે, ગરજ ના જંપ વળવા દે.

ગરજ જીવનમાં પાંગરતાં શી મોટી થતી જતી તે છે !
હિમાલય પહાડ જેવી એ જીવન મારે બનેલી છે.

ગરજ શરૂમાં શું નાનકડા વહેણ જેવડી પોતે !
પછી આગળ જતાં કેવી મહાનદના સ્વરૂપે તે !

જીવનમાં **આજ** જેવો હું, મને ગરજે જીવન તેવો
-બનાવ્યો છે, બલિહારી ગરજની છે બધી એ તો.

હરિઃૐ

# ગરજ નિજ હેતુથી ક્યાંયે

સતત અભ્યાસના જોશે શી ઉત્કટતા ગરજ વિશે
-જીવનમાં જાગીને, મુજને ખરું જોતો કરાવ્યો છે.

ગરજના તે વિષયની કંઈ ગતાગમ સહેજ પણ નહોતી,
ગરજ લાગ્યાથી પરખાતું ધીમે ધીમેથી બુદ્ધિથી.

ગરજ કેવું સચેતન સૌ મનાદિ, ઇંદ્રિયોને તે
-કરાવી એકલક્ષી દિલ, નિશાને તે પરોવે છે.

ગરજ નિજ હેતુથી ક્યાંયે ચલિત બીજે થતી ના છે,
ગરજ એવી હૃદય જાગી કૃપાની મહોર વાગી છે.

હરિઃૐ

# ગરજની તોલ તત્પરતા

જીવનનો સાધવા હેતુ જીવનમાં જીવવું કેમ ?
બધું ગરજે મને તે તે હૃદય દીધું જીવનશિક્ષણ.

ગરજની તોલ તત્પરતા જીવનમાં કોઈની ના છે,
ગરજની તીવ્ર ઉત્કંઠ હૃદય શી તાલાવેલી છે !

જીવનમાં ધ્યેયલક્ષી તે પુરુષાર્થ કરાવે છે !
ગરજ એકાગ્ર કેંદ્રિત શું ગરજ વિષયે દઢાવે છે !

ગરજથી કેટલાંયે બળ સમૂહે એકઠાં થઈને
–ગરજહેતુ ફળવવાને થતાં શાં સંગઠિત કેંદ્રે !

હરિઃૐ

# ગરજથી ભાવના જાગી

ગરજ પણ એમની એમ ન ઓચિંતી જ જાગે છે,
ગરજફણગો શું ફૂટવાનું જરૂરી કોઈક કારણ છે.

ઊંડે ઊંડે જ સંસ્કાર ગરજકેરા વિષયના જે
-પડેલા, તે ઉદય થઈને થયા નક્કર સ્વરૂપે તે.

ગરજથી ભાવના જાગી ઉછાળા મારતી રહે છે,
જીવનના ધ્યેય પ્રત્યે તે વળાવાને મથાવે છે.

ગરજથી એકધારું તે પરત્વે ધ્યેયલક્ષી થૈ,
અશક્ય લાગતું એવું ગરજ શક્ય જ બનાવે છે.

હરિ:ૐ

# ગરજ જીવનની નિર્માતા

ગરજ જીવનની નિર્માતા, ગરજ શિક્ષાગુરુ શી છે !
ગરજ માતાપિતા જેવી જીવનમાં ભાળ શી લે છે !

ગરજ જેવા બીજા કોઈ ન ફટકા મારી પણ શકશે,
ગરજ શી આપમતલબી છે ! ગરજ સ્વાર્થી જ નરદમ છે.

ગરજમાં ઉગાડવા શક્તિ જીવનબીજ જીવન વિશે
-પ્રયોગાત્મક રીતે કેવું નર્યું સાબિત થયેલું છે.

ગરજ તો મિત્રના જેવી ખરા સંકટ-અણી સમયે
-હૃદયમાં હૂંફ ને ઓથ, સહાનુભૂતિ પ્રેરે છે.

હરિઃૐ

# ગરજ પ્રત્યક્ષ વરતાતી

ગરજ પ્રત્યક્ષ વરતાતી જીવનમાં આપમેળે તે,
ગરજ નિજનું સ્વરૂપ પાછું શું બતલાવી જ આપે છે !

ગરજ પોતાતણા કર્મે સદા હોશિયાર તત્પર છે,
પ્રમાદ સહેજ સરખોયે કશો તે ના જ રહેવા દે.

સદા નિજ લક્ષને પૂરું વીંધી દેવાની લગની છે,
ગરજ એવી કૃપાથી તો જીવન પ્રત્યેની સળગી છે.

ગરજને તો હવે હું તો ગરજ ના માનતો હૃદયે
-**હરિ**ની પ્રેરણાકેરું ખરેખર વ્યક્ત લક્ષણ તે.

હરિઃૐ

# ગરજ ભડવીર કેવી ત્યાં

ગરજ મારા જીવનકેરી સમૂળી ક્રાંતિની જડ છે,
ગરજથી શો ખરો બળવો જીવનમાં ઉદ્‌ભવેલો છે !

ભયંકર કારમા ભારે જીવનસંગ્રામ ખેલાયા
–ગરજ ઉત્કટના કારણથી, ગરજ ભડવીર કેવી ત્યાં !

ગરજ મુજને મળી તેથી જીવન ભંગાર જેવું **આ**
–ચમત્કારિક મઠાર્યું છે, ઠરાવ્યું તે **હરિ**પદમાં.

ગરજને કારણે દિલને પરોવાયું જ અભ્યાસે,
કરાવી કર્મ સંપૂર્ણ, પછી જંપે નિરાંતે તે.

હરિઃૐ

# ગરજ એવીની જે દોટ

ગરજ જ્યારે ખરેખરી દિલ, શી માંહી ઉત્કટ જે
-જીવન પ્રત્યેની જાગે જ્યાં, ગરજ ત્યાં ધસમસાવે છે.

ગરજ એવીની જે દોટ શી મર્યાદા વિનાની છે !
ગતિશીલતા ગજબની છે, ગતિપ્રકાશ જેવી છે.

ગજબ ઓળંગવાની જે મહામુશ્કેલ વાડો તે
-શી ઓળંગાવી તે દે છે ! ગરજની તે હકીકત છે.

ગરજ જાગ્યા વિનાના જે થતા છે યત્ન, તે વિશે
-કશા ના **પ્રાણ** પ્રગટે છે, ન તેમાં દિલ ભળતું છે.

હરિઃૐ

# ગરજ અગ્નિ સમી દિલમાં

ઊંડા અભ્યાસને લીધે વિષય અભ્યાસનો જે છે,
વિષયનો તેથી પરિચય દિલ, થતો કેવો હૃદય રહે છે !

પરિચય ગાઢને લીધે અનુરાગ હૃદય પ્રગટે,
હૃદયનો તે અનુરાગ જ ગરજ પ્રગટાવી શો દે છે !

ગરજ અગ્નિ સમી દિલમાં શી ધગધગતી જ ભડભડતી
-પ્રગટતાં, ધ્યેયમાં ઊંડું પ્રવેશાતું ઊંડું દિલથી.

ગરજનો ખૂબ સંબંધ હૃદય દિલની જ સંગાથે,
હૃદય ભળતાં જ સંપૂર્ણ, જીવનનું કામ પાકે છે.

હરિઃૐ

# ચમત્કાર જ ગરજનો ત્યાં

ગરજથી સ્વાર્થ જાગે છે, ગરજથી લગની લાગે છે,
ગરજથી દિલ ભળતું છે, ગરજથી ભાવ ફૉરે છે.

ગરજથી ચિત્ત એકાગ્ર થતું, વિના પ્રયત્ને તે,
બીજી કંઈ આળપંપાળ ગરજ લીધે ન ઠરતી છે.

ન આડુંતેડું ક્યાંયે તે ગરજ લીધે ભમાતું છે,
શી દૃષ્ટિ નાસિકાગ્રે તે ગરજ કેવી રખાવે છે !

ગરજથી શાં ભગીરથમાં ભગીરથ કર્મ જીવનનાં
-ફળંતાં તે રહે, એવો ચમત્કાર જ ગરજનો ત્યાં.

હરિ:ૐ

## ગરજને કાઢતાં માર્ગ

ગરજ દુઃખ ભોગવી જાણે, ગરજ કષ્ટ અજબ સહશે,
ગરજ ત્યાગ ગજબનોયે કરી શકતાં, ન ફફડે છે.

જરૂર પડતાં ગરજ કેવાં શિરે સંકટ વહોરી લે !
ગરજ, મુશ્કેલી વિઘ્નોથી જરૂર પથ ખોળી સૌ લે છે.

શું અટવાવાનું જીવનમાં ગરજ ના જાણતી કંઈ છે,
ગરજને કાઢતાં માર્ગ બરાબર આવડે છે તે.

સમય પાક્યે ગરજ પોતે રહી સમતોલ શકતી છે,
ગરજનાં કેટલાં કેવાં કરું ગુણગાન, મૂરખ જે.

હરિઃૐ

# ગરજનો એ જ છે ધર્મ

ગરજ ઊંઘ ભગાડી દે ! બધું આળસ ત્યજાવી દે,
સતત મંડાવવા પાછળ ગરજ કેવું પડાવે છે !

ગરજ લાગ્યે બધા દાવ બધાએ પેંતરા જે જે
-લઈ ઉપયોગ, જીવનનું સધાવા કર્મ મથવે તે.

દિવસ કે રાત ના નીરખે, ગરજ ઊંધું જ ઘાલીને
-સતત મથાવવાકેરો જીવનનો યજ્ઞ ચલવે છે.

સધાતું જે રીતે કર્મ બધી તે રીતનો આશ્રય
-ગરજ શું લેઈ જાણે છે ! ગરજનો એ જ છે ધર્મ.

હરિઃૐ

# ગરજ શી દિવ્ય ઔષધિ છે !

ગમા ને અણગમા સર્વ, સકળ જે પૂર્વગ્રહ પણ છે,
ગરજને કારણે તે તે જતા પીગળતા લાગે છે.

જીવનના મત મતાતંર સૌ, બધા આગ્રહ ને સમજણ સૌ
-બધીએ માન્યતા, ટેવો ગરજ કારણથી ફીટતાં છે.

જીવનનું તો કરાવે છે ગરજ કેવું રૂપાંતર તે !
સુવર્ણ લોહને કરવા ગરજ શી દિવ્ય ઔષધિ છે !

ગરજમહિમા જ શો ભવ્ય ! ગરજને પ્રીછી છે જેણે,
અનુભવી જે ગરજનો છે, ખરેખર માત્ર તે જાણે.

હરિઃૐ

# સ્વયં પોતે ગરજરૂપે

બધા સંકોચ ભગાડે છે, ગરજને કંઈ શરમ ના છે,
કશાનો ભય ગરજને ના, ગરજ એકેંદ્રિય શી છે !

ગરજને કોઈ પણ રીત કંઈ અજાણી દિલ ન લાગે છે,
ગરજ કેવી સ્વયંભૂ છે ! સ્વયંમાંથી શી જન્મે છે !

સ્વયંને જાણવા અર્થે સ્વયં પોતે ગરજરૂપે
-જીવનમાં ઉદ્ભવી કેવો અનેરો ભાગ ભજવે છે !

ભજવવા યોગ્ય જે પાઠ પ્રસંગે, તે પ્રમાણે તે
-ગરજ ભજવે જ સંપૂર્ણ, કશું બાકી ન રાખે છે.

હરિઃૐ

# ગરજની રીતરસમ સ્પષ્ટ

શી ધસમસતી ગરજ ચાલ ! સ્વતંત્ર જ રીત ગરજની છે,
ગરજને પ્રીછતાં દિલમાં ન સહેજે વાર લાગી છે.

પૂરું સૌ સાધવા કર્મ ગરજ તત્પર હંમેશાં છે,
કદી તે હાથ જોડીને ગરજ બેસી ન રહેતી છે.

કદીક ચાબુક લગાવીને મને ચલવ્યા કરેલો છે,
ટકોરીને ગરજ મુજને શિખામણ આપતી શી તે !

ગરજની રીતરસમ સ્પષ્ટ ન ચોક્કસ કોઈ રીતની છે,
છતાંયે આગવી ભવ્ય ગરજની પદ્ધતિ પણ છે.

હરિઃૐ

# ગરજ નિજ સાધવા પ્રત્યે

ગરજ જ્યારે ઘણી ઘણી દિલ રહે પ્રગટેલી જીવંતી,
ગરજના તે વિષય પ્રત્યે રહે મન જીવતું દિલથી.

ગરજ ના બોલી જાણે છે, ગરજ નિજ સાધવા પ્રત્યે
-નિશાન જ તાકવાકેરું જીવંતું લક્ષ ધારે છે.

ગરજ તો તોળી તોળીને બધું જે તે કરંતી છે,
વહેતાં સર્વ વલણોને ગરજ નિજ તરફ વાળે છે.

ગરજ નિજ સ્વાર્થનું કંઈ પણ, કશું ભૂલી જતી ના છે,
ગરજને નિજ વિષયકેરું રહે સોંસરવું લક્ષ જ તે.

હરિ:ૐ

## ગરજ સંપૂર્ણ સાવધ છે

ગરજ સંપૂર્ણ સાવધ છે, ગરજ ના લક્ષ્ય ભૂલે છે,
ગરજ નિજનું ન ચૂકે છે, ચકોર સહુ દિશાથી છે.

ગરજ ચોમેર આંખોને સતત નિજ લક્ષી રાખે છે,
જહીં જહીં સ્વાર્થ તેને છે, તહીં ચોંટાડી દિલ દે છે.

ગરજને દિલનું ઊંડું પરસ્પરનું જ સગપણ છે,
ગરજની સાથ દિલ નિજનો હૃદય સાથ જ પુરાવે છે.

ગરજ તો લાગી લાગે છે, પછી જલતી રહે છે તે,
ગરજ તે અંતને પામ્યા વિના, ના જંપતી કેમે.

હરિ:ૐ

# ગરજની સાવધાની શી !

ગરજને સાધવાનું જે નિશાન જ તે ન ચૂકે છે,
સતત એમાં અને એમાં રહે ગુલતાન મસ્તીએ.

ગમે તે છો કરંતા હો, પરંતુ તે વિશે પણ ત્યાં
-ગરજ સભાનતા નિજની ધરાવ્યા તે કરે દિલમાં.

ગરજના તે વિષય પ્રત્યે હૃદયની જાગૃતિ જીવતી
-શી અકબંધ રહે એને ! ગરજની સાવધાની શી !

સધાતી છે ગરજ જેથી, મતિમાં સર્વ ઊગે તે,
બધા ઉકેલ, ઉપાય ગરજ કેવા સુઝાડે છે !

હરિ:ૐ

## ગરજ નિજ કર્મ સાથે તે

ગરજ પોતાની સંભાળ હૃદય લીધા કરે છે તે,
ન આડુંઅવળું ક્યાંયે તે હૃદયલક્ષ જ જવા દે છે.

ગરજ નિજ ધ્યેય પ્રત્યેનું નિશાન જ દિલ રખાવે છે,
ગરજ નિજ કર્મ સાથે તે વફાદાર જ બધી રીતે.

ગરજ આગળનું પાછળનું કશું જોવા જતી ના છે,
સતત જોવાનું પોતાનું હૃદય નીરખ્યા કરે છે તે.

ગરજને એકલું માત્ર રહે શું ધ્યાન નિજનું તે !
ગરજ તો તે વિના બીજું કશું ના જાણતી દિલ છે.

હરિઃૐ

# ગરજની ત્યાં ગરજ જબ્બર

ગરજ નિજ સાવધાની ને હૃદયની સાવચેતી તે
-સતત નિજ ધ્યેય પ્રત્યેના કદી ચૂકી ન જાયે છે.

ગરજ નિજ સાધવા કર્મ તકેદારી પૂરેપૂરી,
હૃદય નિજ ધ્યેય વીંધતી ધરાવે એકલક્ષી શી !

કદીક ફાળ ભરે તે શી ! કદીક કૂદકો લગાવે છે,
કદીક તે જાણી જોઈને સૂતેલી શી પડી રહે છે !

જીવનમાં ઊલટાસૂલટા પથે જ્યાં માર્ગ આવે છે,
ગરજની ત્યાં ગરજ જબ્બર હૃદય કેંદ્રિત થતી રહે છે.

હરિઃૐ

# ગરજને ઝંખના ઉત્કટ

ગરજ નિજ સાધવા ધ્યેય ઊંડી મશગૂલ ખંતે છે,
સતત ઉદ્યમથી, ઉત્સાહે મચેલી ખૂબ તે રહે છે.

ગરજને ના અવર કોઈ કશી પરવા હૃદયમાં છે,
ગરજ એકતાન નિજ લક્ષ્યે હૃદય ચેતેલ શી રહે છે !

ગરજને ઝંખના ઉત્કટ હૃદય બસ એકની એક,
હૃદય તે ઝંખના અગ્નિ થકી જલતી નિરંતર છે.

કશો ફફડાટ ના એને, કશી ચિંતા ન એને છે
ગરજને ધ્યેય પ્રત્યેની હૃદય એકાગ્ર મસ્તી છે.

હરિઃૐ

# ગરજથી ગુણ ને ભાવ

ગરજ તત્પર હૃદય ઉત્કટ સદા નિજ ધ્યેય પ્રત્યે છે,
ગરજને ભાન પોતાનું રહ્યા કરતું હૃદયમાં છે.

સભાન જ દક્ષતાપૂર્વક ગરજ ના સાન ચૂકે છે,
ગરજ પોતાની મતલબને વિસારે ના પડાવે છે.

ગરજ ઉતારવા પાર ઊંડું ઊંડું મથાવે છે,
કયાં સાધન હવે લેવાં ગરજને તુર્ત સૂઝે છે.

ગરજથી ગુણ ને ભાવ બધાં કર્મ પરત્વેનાં
-સૂઝ્યા કરતાં રહે કેવાં ! ખૂબી એવી ગરજની ત્યાં.

હરિઃૐ

# ગરજ તત્પર ને ઉત્કટ છે

શિશુ નાનાની માતા તો ધરે સંભાળ કેવી તે !
ગરજ સંભાળ તે રીતે ધરે નિજ ધ્યેયની નિત્યે.

ચૂસી લે વૃક્ષ જીવવાને જમીનમાંથી જ શક્તિ તે,
ગરજને ભાન એવું તે ‘સધાશે સાર કહીંથી તે.’

ફળ્યા કરવા વિશે મસ્ત ગરજ તત્પર ને ઉત્કટ છે,
ગરજ શું એકલું માત્ર હૃદયમાં લક્ષ સેવે છે.

ગમે તેમાંયથી કેવું ગરજ નિજ ધ્યેય ફળવાને
-શું આકાંક્ષિત રહે પોતે ! ગરજનો ધર્મ એક જ તે.

હરિઃૐ

# ગરજ નિત્ય ધ્યેય પ્રત્યેના

ગરજ નિત્ય ધ્યેય પ્રત્યેના હૃદય સૌંદર્યથી પોતે
-સતત નીરખ્યા કરી કરીને શું આકર્ષાતું તે રહે છે !

હૃદય નિજ ધ્યેય પ્રત્યેનું મનન ચિંતવન રહે એને,
અને એમાંથી શા માર્ગ સદા તે ખોળતી રહે છે.

બધું અજમાવી જુએ છે, નવું જે જે ઊગે તેને
-થતાં નિષ્ફળ મૂકી દેતાં, ન તેને વાર લાગે છે.

હૃદય આસક્ત સંપૂર્ણ સતત નિજ લક્ષ્ય પ્રત્યે છે,
કશા બીજા પ્રતિ એની નજર કેમે જતી ના છે.

હરિઃૐ

# ગરજની મસ્તીનો જુસ્સો

ગરજ પોતાની માયામાં હૃદય રમમાણ નિત્યે છે,
નીરખવાનું હૃદયલક્ષ જરા સરખું ન ચૂકે છે.

સદા મસ્તાન, ગુલતાન નશીલી મસ્ત નિજ ધ્યેયે,
ગરજની મસ્તીનો જુસ્સો ઊછળતા ધોધ જેવો છે.

ગરજને ભાન ચૂકવવા ભલે છો પેંતરા આવે,
છતાં તે દક્ષ, સાવધ છે, ભૂલી તેથી પડે ના તે.

છતાં એવી ગરજ તોયે જતી જે આડફંટે તે,
જતાં જાગી ગરજને ત્યાં કશી ના વાર લાગે છે.

હરિઃૐ

# ગરજને એકલું માત્ર

ગરજ નિજ ભાવનો ધોધ કરે શો વહેવરાવ્યા તે !
કશું વ્યવહારનું એને હૃદય ના ભાન રહેતું છે.

અવર શું માની લેશે કંઈ હૃદય ફિકર કરે ના તે,
સદા નિજ મસ્તીના ગેલે રમંતી મસ્ત રહે છે તે.

હૃદયની પ્રેમધારાને હૃદયથી રેડતી રહે છે,
ગરજ નિજ તાનના જોશે ધસે પૂર મસ્તીને વિશે.

ગરજને એકલું માત્ર હૃદયભાન જ નશાનું છે,
ગરજને પ્રીછવા સાચું ગરજ શી માત્ર એક જ છે !

હરિઃૐ

# ગરજ જેવો મળ્યો જેને

ગરજને ઘેલછાનો શો નશો મસ્તીનો ચઢતો છે !
અવર જનને ન સમજાશે, કદીક એવાને તરછોડે.

ગરજ શી એકલક્ષી છે, છતાં પાછી જીવન પ્રત્યે
-રહેતી સર્વલક્ષી તે, બધું તેથી શું જાણે તે !

ભલે ભપકો નિહાળાતો, ગરજ અંજાઈ ના જાયે,
ગરજ શી મુગ્ધ થાયે છે, છતાં ના લુબ્ધ થતી કેમે.

ગરજ પોતાનો ગુણધર્મ કશા વિશે ચૂકે ના તે,
ગરજ જેવો મળ્યો જેને શ્રીસદ્‌ગુરુ જ્યાં તહીં જય છે.

હરિઃૐ

# ગરજનું વહેણ જોશીલું

ગરજ પોતાની તે વાત કદી પણ મૂકી ના દેશે,
રહે છે વળગી શી સજ્જડ ! પકડ એની બરાબર છે.

ગરજ શી એકની એક જ કરે છે વાત નિજની તે !
બીજી પંચાતમાં એને ન પડવા કંઈ જ નવરાશે.

શી ધસમસતી વહે કેવી નશીલી મસ્તીના જોશે !
બીજું જે આવતું વચ્ચે તણાઈ કેવું જાયે છે !

ગરજનું વહેણ જોશીલું વહ્યા કરતું સતત તે છે,
ગરજની બોલબાલાથી જીવન કેવું ઘડાતું છે !

હરિ:ૐ

# ગરજ ઉત્કૃષ્ટ મસ્તીથી

‘પથે વચ્ચે નડે એને બરાબર પાઠ શીખવે છે’,
ગરજનો ધર્મ એવો જે પૂરો પાલન કરે શી તે !

પથે અવરોધ હિમાલય સમા એને ઊભા રહે શા !
છતાં ત્યાંયે ગરજ કોઈ રીતે થડકાય છે ત્યાં ના.

થતા અવરોધથી પોતે નીકળવા માર્ગ શોધીને,
ગરજ કેવું મથી મથીને શી અંતર ખોજ કરતી છે !

ન નિષ્ફળતા કદી જાણે, નિરાશાથી ન ભડકે છે,
ગરજ ઉત્કૃષ્ટ મસ્તીથી કરે શો સામનો પ્રેમે !

હરિ:ૐ

# ગરજ લાગ્યા વિના દિલમાં

સ્મરણની દિલમાં ઊંડી ગરજ લાગેલ, તે ગરજે
-સ્મરણમાં જીવતો હૃદયે કૃપાથી શો રખાવ્યો છે !

'ગરજ લાગ્યા વિના દિલમાં પરોવાઈ જ રહેવાનું
-કશામાં ના બને', તેવું સ્મરણથી દિલ લાગેલું.

'**हरि** ભજવાનું દિલ ઊગ્યું,' સ્મરણના તે પ્રભાવેથી,
સ્મરણથી કેટલી મોટી જીવનમાં તો મળી શક્તિ.

સ્મરણ નબળાનું સાધન ના, સ્મરણ તો માત્ર જાણે છે
-ચરણમાં માથું મૂકીને સ્મરણ લેવા ઝઝૂમે છે.

હરિઃૐ

# ગરજ જે એની પાછળની

સ્મરણથી જીવવાનો શો સ્મરણનો યજ્ઞ ચાલ્યો છે !
અસ્ખલિત ને અખંડિત શો સતત ચાલ્યા કરેલો છે !

ગરજ જે એની પાછળની મને એણે જ ધક્કેલ્યો
-સતત કેવો સ્મરણ પ્રત્યે ! વળી માર્યો જ હડસેલો.


સ્મરણનું ભાન પ્રેરાવી, સ્મરણ ભૂલવા ન દીધું છે,
સ્મરણમાં જામતાં ભાવ, સ્મરણ પલટાયું કેવું તે !

સ્મરણમાંથી હૃદય કેવી મળેલી પ્રેરણા શી શી !
સ્મરણ મુજને શું ઉદ્ધારક જીવનનું તે થયું ભવથી.

હરિઃૐ

## ખંડ - ૭

# જીવનનું માંગલ્ય



હજારો હાથ દીધા **તેં** મદદગાર થવા મુજને,
ફળવવા કર્મ લીધેલાં, કૃપા પ્રત્યક્ષ નીરખી છે.

હરિઃૐ

# કૃપાદર્શન हरि એવાં

જીવનની આંટીઘૂંટીમાં કદીક ઊતરાઈ જવાઈને
-વિષય તેવા પરત્વે ત્યાં લપેટાઈ જવાયું છે.

કૃપા એવી **हरि** તુજ કે, હૃદય તેની ખબર મુજને
-પડાવી દઈ જ, ચેતાવી દઈ, ત્યાંથી ઉઠાડ્યો છે.

કદીક લપટાયેલો કાદવ વિશે માલૂમ પડેલો જે,
છતાં ત્યાંથીય **તેં** કેવો ઉઠાડીને, ભગાડ્યો છે.

કૃપાદર્શન **हरि** એવાં હૃદય તારાં થયેલાં છે,
જિવાયું, બળ વડે એવા, ગજું બાકી ન મારું છે.

હરિ:ૐ

# થયેલું તે મહત કૃપા

કંઈક શા તીવ્ર પ્રશ્નોના જીવનમાં લાવલશ્કરને
-હૃદય પ્રગટાવીને કેવું બહુ તોફાન મચવ્યું છે.

અજબ ચાહક જીવનનો શો થયેલો હું કૃપાથી જે !
હૃદય તેથી જ સાબૂત ત્યાં રહેવાયું શું નિશ્ચિંત છે !

તટસ્થતાથી ઊગતી જે જીવનની શાંતિથી જે તે
-ઉકેલો સૂઝતા રહી શો હું નિષ્કંટક થયેલો જે !

થતા સાધનના અભ્યાસે બધું દિલ તેથી જીવનમાં
-પરોવાઈ રહેવાનું થયેલું તે મહત કૃપા.

હરિઃૐ

## ઉઠાયું છે કૃપાથી શી !

જીવનમાં રિસામણાં ને શાં મનામણાં જુદાં જુદાં
-જુદા જુદા સમય પર તે બહુવિધનાં જ પ્રગટેલાં !

જીવનમાં ઉગ્ર અથડામણ ભયંકર કેવી પ્રગટી છે !
બનાવી બાવરો મૂકી પૂરો નિઃસ્તબ્ધ કીધો છે.

કશું ત્યારે ન સૂઝ્યું છે, કશી અક્કલ ન ચાલી છે,
બધું બહેર જ ગયું મારી દશા એવી જીવનની છે.

નર્યું સૂમસામ જીવનમાં શું સંપૂર્ણ થવાયું છે !
છતાં તેમાં પડ્યો રહેતાં કશું ચેન જ પડ્યું ના છે.

કરી વિચારતો મૂક્યો, હૃદય બેચેનીએ તેવી,
થવા માંગલ્ય જીવનનું ઉઠાયું છે, કૃપાથી શી !

હરિઃૐ

## કૃપા એ તો હરિ તુજ છે

'સતત મથવું, સતત મથવું', રટણ બસ એ જ ધારીને,
વળી તે રીતે વર્તીને, ખૂંપી એમાં ગયેલો જે.

છતાંયે તૂટ તેમાં પણ શી વારંવાર પ્રગટી છે !
મને ત્યારે જ મુજ પર શો બહુ ગુસ્સો ચઢેલો છે !

'ગગનને બાથમાં લેવા હૃદય નિશ્ચયથી મનસૂબો,'
લઢી લે હોશિયારીથી પૂરી મર્દાનગીથી તો.

શઊર જીવનમાં મદમસ્ત મરણિયું દિલ ચઢાવીને,
ગયો મેદાન મારી શો ! કૃપા એ તો **હરિ** તુજ છે.

હરિઃૐ

## કૃપા **તેં** શી કરી મુજ પર !

કમાવાનું કશું પણ કંઈ નહોતું ભાન સહેજેયે,
કૃપા **તેં** શી કરી મુજ પર ! હવે જાગ્યો કમાવાને.

જીવનમાં ખોટના સોદા કદીક તોયે કરેલા શા !
વિમાસણમાં હૃદય ત્યારે પડી ઊંડું જવાયું ત્યાં.

મહા ભૂલથાપ જીવનમાં ખવાતામાં જ ઊધડો શો
-મને લઈ નાખી, ભાંડ્યો **તેં** ન કહેવાનું કહીને સૌ.

પડી ભોંઠો ગયો કેવો ! ન ઊંચું મોં કરાયું છે,
છતાં કરુણાથી **તેં** મારી તરફ સામું નિહાળ્યું છે.

હરિઃૐ

# કૃપાથી દિલ રાખ્યું છે

ઘણીએ ગડમથલ મારે જીવન કરવી પડેલી છે,
કદીક ઊંધી, કદીક છતીયે, શિખાયું ગડમથલમાં છે.

બધા તે સારા નરસામાં પ્રકૃતિ ક્ષેત્રના જે તે,
જીવનના ધ્યેયની નેમ જીવંતી ખાસ ધારી છે.

જીવનના ધ્યેય અર્થેનો જીવન લેવો ઘટે એવો
-વળાંક યોગ્ય, તેને મેં મહત્ત્વ આપ્યું છે પૂરતું.

ફળાવા ધ્યેયહેતુને મળી જેવી પરિસ્થિતિને
-મનાદિનું વલણ તેવું કૃપાથી દિલ ધાર્યું છે.

હરિઃૐ

## કૃપા કેવી हरि તુજ કે

અવળચંડું કદીક મુજથી જીવનમાં તો ચલાયું છે,
મને લપડાક મારી, દિલ પડાવ્યું ભાન તેનું **તેં.**

ન સમજ્યો એક લપડાકે, ન સુધર્યો એક લપડાકે,
જીવનમાં કેટલી વારે, શી તુજ લપડાક ખાધી છે !

મને દિલ યોગ્ય કરવાને ઉપાયો શા જીવનમાં **તેં**
-જુદા જુદા લઈને, શો જીવનમાં ઠામ પાડ્યો છે !

જતાં આડો જ અવળો જ્યાં મને ત્યાં પકડી પાડીને
-કૃપા કેવી **हरि** તુજ કે સીધે રાહે ચઢાવ્યો છે !

હરિઃૐ

## જડ્યો ઉકેલ અદ્‌ભુત શો !

મૂંઝાયો છું ગૂંચાયો છું, વળી અકળાયો છું પણ હું,
ફરાયું ગોળ ને ગોળ, કશું પણ ના સૂઝેલું છે !

વિચારે એકના એક પડી મનમાં જ રહેવાતું
-કૂંડાળે માત્ર એના એ ભમાયા શું કરાતું'તું !

પરંતુ કોણ જાણે શું થયું ઓચિંતું અણધાર્યું !
ઊગ્યો ફણગો મતિ મુજમાં, જડ્યો ઉકેલ અદ્‌ભુત શો !

બહુ વેળા કૃપા તારી થઈ શી એવી મુજ પર તે !
હૃદય તેથી જ વિશ્વાસ શું સંપૂર્ણ સ્ફુરેલો છે !

હરિઃૐ

## કૃપા અનહદ हरि તુજ તે

જીવનમાં મૃત્યુ પ્રગટાવી ખરેખર મૃત્યુનો ભય જે
-કૃપાથી શો ટળાવ્યો છે ! કૃપા અનહદ **हरि** તુજ તે.

થયેલા સર્પના ડંશે સ્મરણચેતન જલાવ્યું છે,
અખંડિત શું કરાવી તે ! મરણનો ભય ભગાડ્યો છે.

હતી કેવી કૃપાકેરી પ્રસાદી **શ્રીहरि**ની તે,
છતાં સભાનતા ત્યારે હૃદય પ્રગટેલ નહોતી જે.

પરિણામે અનુભવ્યું કે શરીર કરડેલ સર્પ જ તે
-ભલા માટે શું નીવડ્યાથી, પ્રસાદી તે કૃપાની છે !

હરિઃૐ

# કૃપા એવી हरिની છે

કલમ હથિયાર માત્ર જ છે, લખાવે જે લખે છે તે
-**हरि**થી જે સ્ફુરાવેલું, કૃપા એવી **हरि**ની છે.

જીવનમાં સાધના જેમ કૃપાથી જે થયેલી છે,
બધાં પાસાં જુદાં જુદાં **हरि** શાં ઉથલાવે છે !

સ્મૃતિ તે તે જ પાસાંની **हरि** તે કાળ બક્ષે છે,
સ્મૃતિમાં તેથી પ્રગટીને થતું છે વ્યક્ત પોતે તે.

**हरि**ની મસ્ત કેવી છે કૃપાબલિહારી ન્યારી તે !
અનુભવવા જીવનમાં જે હવે અમને મળેલી છે.

હરિઃૐ

## કૃપાની સાબિતી શી ત્યાં !

જીવનનમાં પ્રાણઘાતક શા ભયંકર આંચકા લાગ્યા !
જીવન અથડાઈ પડે તેવા મળ્યા ખાવા જ શા ધક્કા !

પથે પડતાં જ પડતાં શો પડેલો ધ્રાસકો દિલમાં,
શું લચકાયો જબરજસ્ત ! છતાં રહેવાયું શું પથમાં !

મળ્યો ત્યારે શું ઓચિંતો જીવનમાં એકદમ ટેકો !
કૃપાનું તે પળે દર્શન થતાં, તેથી ટકાયું શું !

જીવનમાં એ રીતે મુજને લથડતાંમાં લથડતાંમાં
-દઈ ટેકો બચાવ્યો છે, કૃપાની સાબિતી શી ત્યાં !

હરિઃૐ

# **હરિ**ની તે કૃપાલીલા

શી આછીપાતળી પ્રગટી જીવનમાં જ્યાં ઝલક **હરિ**ની !
**હરિ**ને પદ મનાદિ તે પલળવા લાગિયાં ઝૂકી.

થયો પુરુષાર્થ તે વેળા શું તેમાં **પ્રાણ** ઝળક્યા છે !
જીવનમાં ઝટ પરિણામ પ્રગટતું કેવું ભાળ્યું છે !

પછી આકર્ષણે ઑર જ ધપાવાયા જવાયું છે,
**હરિ**ની તે કૃપાલીલાતણું દર્શન થયું ત્યાં છે.

જીવન જીવવું પછીથી તો અતિશય પ્યારું લાગ્યું છે,
જીવન એવું મળ્યું, **હરિ**ની કૃપાબક્ષિસ શી તે છે !

હરિઃૐ

## કૃપા પ્રત્યક્ષ નીરખી છે

પ્રતીતિ સર્વ પ્રત્યક્ષ થવા જીવનમાં નક્કર જે
-જુદું જુદું જીવન મારે **हरि तें** શું કરેલું છે !

કંઈક લાખોતણી લક્ષ્મી ન મળવી સહેલ જે **આજે,**
કૃપાથી મેળવાવીને, દીધો પડછો મને શો **तें** !

હજારો હાથ દીધા **तें** મદદગાર થવા મુજને,
ફળવવા કર્મ લીધેલાં, કૃપા પ્રત્યક્ષ નીરખી છે.

શરીરનાં વેદનાકારક બધાં શાં દર્દ દીધાં છે !
-અને તે વેદના ઉત્કટ વિશે, કીર્તન ગવાડ્યાં છે.

હરિઃૐ

# કૃપા એવી શી हरि તુજ છે

જીવનમાં જે રવડતો'તો, કશું ના ઠામઠેકાણું,
અકળ તારી કૃપાથી **તેં** હૃદય બક્ષ્યું સ્મરણ તારું.

સ્મરણ લગાડવા દિલને પ્રયત્નો **તેં** કરાવ્યા છે,
કદીક ભૂલી જતાં થપ્પડ મને **તેં** તો લગાવી છે.

ભૂલ્યો જ્યાં કંઈક પંથે હું ચુકાતાંમાં નિશાન જ તે
-મને **તેં** લાત મારીને સભાન જ શો કરાવ્યો છે !

હૃદયમાં ભાન જાગ્રત તે થતાં, ના વાર લાગી છે
-ઉપરમાં આવવાકેરી, કૃપા એવી શી **हरि** તુજ છે !

હરિઃૐ

# કૃપાથી સળવળ્યો મનથી

જીવનની કારકિર્દી સહુ વળેલી સાવ અંધારે,
તહીં અજ્ઞાનમાં ખાધાં વળી બાથોડિયાં બહુએ.

પરંતુ ભાન દિલ જાગ્યું ન તે બાથોડિયાં વિશે,
હૃદય રાજી થવાતું'તું ઊલટું તે કર્મને વિશે.

કંઈક થપ્પડ જહીં ખાધી છતાં ચેતાયું ના મુજથી,
**હરિ**એ ખળભળાવ્યો છે ઊંચોનીચો કરાવ્યાથી.

કૃપાથી સળવળ્યો મનથી કંઈક જ્યાં સાન પ્રગટી છે,
શું મન વિચારવા લાગ્યો, જીવનની કમનસીબી તે.

જહીં પ્રતિકરણમાં તો હૃદય ઊતરી પડાયું છે,
પછી પ્રતિકાર સંપૂર્ણ થવા લાગ્યો જીવનમાં તે.

હરિઃૐ

# કૃપા એકવાર સળગેલી

કૃપા એકવાર સળગેલી ન ઓલવાઈ કદી જાયે,
પરંતુ તે કદીક ધીમી, કદીક વેગીલી બનતી છે.

કદીક જાણે સપૂચીએ ન ચેતેલી જરા પણ છે,
'જીવનમાં લાગ્યું છે એવું' ખરે ! તે પણ કૃપા શી તે !

કૃપા જ્યારે ભભૂકેલી જીવનના સાવ તળિયામાં,
પ્રતિપત્તિતણું હૈયે કંઈક દિલ ભાન ઊગ્યું ત્યાં.

જીવનમાં તે પછી કેવો પ્રચંડ જ વેગ સળગ્યો છે,
જીવનને તે જ અગ્નિએ પૂરું ચેતાવી દીધું છે.

હરિ:ૐ

# શકે ઊગરી કૃપાથી જે

જીવનની સૂક્ષ્મ ભૂમિકા ન કોઈની સમજમાં તે,
જીવનની તે ભૂમિકાને ન ઓળખતું જ કોઈ છે.

શું શું વળગણ તહીંયે છે ! કળણ ત્યાંયે શું સૂક્ષ્મ જ છે !
જવા ભરમાઈ ભૂમિકા, ગરક શી થઈ જવાની તે !

**हरि** જેની ભૂમિકામાં જીવંતો જો થયેલો છે
-ખરેખર માત્ર તેવા જ શકે ઊગરી કૃપાથી જે.

પરંતુ જ્યાં ભૂમિકામાં ગરક જ થઈ જવાતું છે,
પળે તે સભાનતા તેવી જીવતી ઊગવી કૃપા શી તે !

હરિઃૐ

# કૃપાશક્તિનું અસ્તિત્વ

જીવનની સૂક્ષ્મ ભૂમિકાતણાં સૂક્ષ્મ સ્વરૂપો જે,
કદીક બિહામણાં, કોઈ બહુ લોભામણાંયે છે.

વળી રળિયામણાં કોઈ, શું આકર્ષણ જગાડે તે !
નયન ને દિલ સંપૂર્ણ ઉભય મોહી પડે ત્યાં તે.

નીકળવું બહાર તેનાથી અશક્ય જ સાવ લગભગ તે,
છતાં ત્યારે શ્રીસદ્‌ગુરુની કૃપા કેવી ચઢે વહારે !

કૃપાશક્તિનું અસ્તિત્વ તહીં પરખાતું લાગે છે,
કૃપાશક્તિ ખીલેલીનું ખરું પ્રત્યક્ષ લક્ષણ તે.

પૂરેપૂરી કૃપા વિના નીકળવાનું જ તેમાંથી
-બની ના તે શક્યું હોત, કૃપાની ત્યાં જ બલિહારી.

હરિઃૐ

# કૃપાથી જ્યાં મથાવાયું

**हरि**ને વર્તવા જીવન શું સાનુકૂળ થવા હૃદયે
-જીવનમાં આવડ્યા તેવા પ્રયત્નો મેં કરેલા છે.

પ્રમાણિકતાથી જીવનમાં વફાદારીથી સંપૂર્ણ
-કૃપાથી જ્યાં મથાવાયું, કર્યા સ્ફુર્યા તહીં ડગ પણ.

કંઈક પંથ કપાતાંમાં હૃદયમાં આત્મવિશ્વાસ
-જીવંતો દિલ પ્રગટ્યો જે, ચલાયું તેથી છે પથ પર.

સમર્થ જ શો સહારો છે કૃપાનો એકધારો જે,
જીવનનો પંથ એનાથી કપાયા શો ગયેલો છે !

હરિઃૐ

## કૃપાની શી પ્રસાદી છે !

શરીરની વેદના ઉત્કટ વિશે **હરિ**નું ભજન થવું તે,
કૃપા **હરિ**ની વિના કીર્તન થવું ના શક્ય કોઈ રીતે.

ભજનના ભાવમાં જીવવું, વીતવવું ભાવમાં જીવન,
પ્રવાહે ભાવના વહેવું કૃપાથી ભવ્ય સદ્ભાગ્ય.

નિરંતરના **હરિ** ભાવે **હરિ** આકર્ષણ હૃદયે,
સતત જીવવાતણું મોટું મળ્યું ધન્યભાગ રૂડું તે.

**હરિ**માં ને **હરિ**માં દિલ પરોવાઈ રહેવાને
-હૃદય ઠરવા **હરિ**ચરણે કૃપાની શી પ્રસાદી છે !

હરિઃૐ

## કૃપા તારી થતાં મુજ પર

જીવન અંધારપિછોડે છવાયેલું હતું શું તે !
સ્મરણની લત લગાડી ત્યાં મને કેવો જગાડ્યો છે !

**हरि**નું જે સ્મરણ હૃદયે થતાંમાં ને થતાંમાં તે,
**हरि**નો ભાવ હૃદયમાં શો કૃપાથી દિલ પ્રગટ્યો છે !

**हरि**માં રમાડવા કાજે બધાં નખરાં કરેલાં **તેં**
-હવે તેની હૃદય સમજણ કૃપાથી તો પડેલી છે.

જીવનમાં શો ઘડેલો **તેં** ! બધો ઈતિહાસ ગૂઢ જ તે,
કૃપા તારી થતાં મુજ પર હવે કંઈક જ વદાયું છે.

હરિઃૐ

# કૃપા એવી અનુભવતાં

જીવનવિકાસના પથની હતી સમજણ ન કંઈ મુજને
-છતાં દિલની તમન્નાથી પથે મુજથી ચઢાયું છે.

ગરજ ને સ્વાર્થ દિલ ઉત્કટ **હરિ**ગમનો જ સળગેલો
-મને ધક્કેલી, ધક્કેલી **હરિ**ગમ વાળી દીધો છે.

કંઈક મોળું પડાતાંમાં શું ઓચિંતો જ ધક્કો ત્યાં
-કૃપાએ શો લગાવ્યો છે ! કૃપાની શી કરામત ત્યાં !

કૃપા એવી અનુભવતાં જીવંતો આત્મવિશ્વાસ
-જીવનમાં ફૂટી નીકળીને ભરાવી ફાળ પર ફાળ.

હરિઃૐ

# કૃપાની મહેરબાનીએ

શરૂ શરૂમાં કશી સમજણ **હરિ**ની વાત વિશે તે
–હૃદય પડતી નહોતી ને શી ગડમથલ હૃદય ત્યારે !

મથાયું જેમ નિરંતર, ઊંડું ઊંડું ઊતરાયું છે,
સમજ તલભર થતાં કંઈક **હરિ**માં દિલ વળેલું છે.


વળેલું આપમેળે ના, કરામત શી કૃપાની તે,
કૃપાની મહેરબાનીએ હૃદય આકર્ષી લીધું છે.

જીવનમાં કેટલો મોટો નર્યો ઉપકાર મુજ પર તે,
કશાથી ના કશો બદલો શકાયે વાળી તેનો તે.

હરિઃૐ

# ખંડ - ૮

# જીવનમાં ગુણસમૃદ્ધિ



સીધું સીધું સરળ જીવવામહીં કોઈ મજા ના છે,
નર્યું જે હાડમારીનું જીવન જીવવું ખમીર ત્યાં છે.

હરિ:ૐ

## છતાં હિંમત ન હાર્યો છું

જીવનવિસ્તાર લીલાનો બધો સંકેલી લેવાને
-હું ઇંતેજાર દિલ ભારે, છતાં તેમ જ થયું ના છે.

મથાયું જેમ નીકળવા, જવાયું તેમ ઊંડું તે,
કળણમાં શું જવાયું છે ! મણા જેની ન બાકી છે.

છતાં હિંમત ન હાર્યો છું, પ્રયુક્તિ, યુક્તિ સઘળીએ
-જીવન અજમાવી જોઈને લડ્યો કિસ્મતની સંગાથે.

**हरि**ભક્તિમાં અંતરથી થવાતાં લીન સંપૂર્ણ,
બધાંમાં વિસ્તરેલું મન, શું સંકેલાઈ થયું લીન.

હરિઃૐ

# જીવનસંગ્રામ ખેલ્યો છે

જીવનમાં દુઃખ ને વિઘ્નો, ગૂંચો, મુશ્કેલી, મુસીબત જે
-વિવિધ શા કોયડા, પ્રશ્નો કૃપાથી ઊપસેલાં છે.

'કૃપાથી' દિલ લાગ્યું કે બધાં તે તે વિશે હૃદયે
-અને તે કાળ ઘડતરનો જીવનનો દિલ જાણ્યો છે.

ખરાખરીનો જ તે ખેલ જીવનમાં ખેલવા કાજે
-મળેલો, સામનો તેનો પૂરી હિંમતથી કીધો છે.

કદીક પાછો પડ્યો હું જ્યાં, છતાં માથું નમાવ્યું ના,
અચળ, અણનમ રહ્યા કરીને જીવનસંગ્રામ ખેલ્યો છે.

હરિઃૐ

# હૃદયની સાવધાનીની

પ્રસંગો કંઈક રચનાત્મક, નકારાત્મક મળેલા જે,
શું તેમાં હેતુના ભાને હૃદય સમજણ ઊગેલી છે !

જીવનવિકાસનું ક્ષેત્ર સીધી લીટી સમું ના છે,
ઘણા વાંકાચૂકા ચીલા પથે આવેલ કેવા તે !

તહીં વૃત્તિ, વલણ, દૃષ્ટિ જીવનના ધ્યેય પ્રત્યેની
-કૃપાથી એકધારી શી રખાઈ દિલ જીવંતી !

અનેકે રીતની ઊંડી હૃદયની સાવધાનીની
-મહત્ત્વની જે જરૂરિયાત, જીવન ત્યારે શી લાગેલી !

હરિઃૐ

# નિશાન તે ચૂક્યા વિના

કરીને પા પા પગલી મેં પથે ત્યાં ચાલવાની જે
-કરી શરૂઆત, **हरि** તારી કૃપાથી, ધારી હિંમતને.

કદીક ગબડી પડાયું છે, કદીક લથડાયું છે પંથે,
કદીક પડતાં જ વાગ્યું છે, છતાં ના યત્ન મૂક્યા છે.

સતત એવી જીવનમાં તો, શી ગડમથલ કર્યા કરીને
-બરાબર ચાલવા યજ્ઞ પથે ચાલુ જ રાખ્યો છે.

ગમે તેવા ભલેને હો પથે વિપરીત સંજોગો,
નિશાન તે ચૂક્યા વિના ધપેલો આગળે હું શો !

હરિઃૐ

# ચિરંજીવ આત્મવિશ્વાસે

જીવનમાં ગાજવીજ સાથે કડાકા ને ધડાકા શા
-ભયંકર ત્યાં થયેલા જે મૂકે ગગડાવી તે હાંજા !

ઘડીક દિગ્મૂઢ થવાતાં ત્યાં, થતાં સંપૂર્ણ મૂઢ જીવન,
પૂરેપૂરું નર્યું કેવું થવાતું છે જ સૂમસામ !

તહીં વિશ્વાસ જીવંતો ન છાનોમાનો બેસી રહે,
છવાયેલ વાદળાંને તે ખરેખર શો વિખેરી દે !

બહુ વેળા પ્રયોગો શા થતા એવા રહેલા છે,
ચિરંજીવ આત્મવિશ્વાસે શું હું સંપૂર્ણ નિશ્ચિંતે.

હરિ:ૐ

## ભયંકર તીવ્ર જાગેલો !

પરિસ્થિતિ પ્રમાણેના તકાદા ફૂટી ફૂટીને
-ડહોળી બુદ્ધિ દેવાને મચેલા છે બહુ રીતે.

બધી જે લોભ મોહાદિતણી વૃત્તિ ઊઠી ઊઠીને
-ચળવવાને શું ભરમાવા રચેલી જાળ જ્યાં મુજને !

ફસાઈ દિલ જવા તત્પર થયું, ત્યાં એકદમ કેવો
-હૃદયમાં ધ્રાસકો ઊંડો ભયંકર તીવ્ર જાગેલો !

હૃદયમાં સાબદો પૂર્ણ કૃપાથી શો થયેલો હું !
ફસાતાંમાં જ સંપૂર્ણ બચી કેવું જવાયું'તું !

હરિઃૐ

# હૃદય સાવચેતી ધારી છે

'કદીક ભેજાનું દહીં કેવું પડે કરવું' પ્રસંગોયે
-જીવન પ્રગટેલ એવા છે, તહીં થંભી જવાયું શું !

કસી કસી બુદ્ધિને ત્યારે વિચારીને વિચારીને
-ઊંડો ઊંડો જ તલસ્પર્શી પૂરો અભ્યાસ કીધો છે.

નડે અવરોધ એવા જે પૂરા નિવારવા તેને,
કૃપાથી જેવી મતિ સૂઝી પ્રમાણે તેમ વર્ત્યો જે.

કૃપાથી કેવું સંપૂર્ણ રહેવાયું જીવનમાં છે !
શું ચેતી સાવધાનીથી ધરાઈ સાવચેતી જે !

હરિઃૐ

# હૃદયની જાગૃતિ તે છે !

'વિકટ પ્રસંગમાં કેવું દિમાગ સ્વચ્છ, સમતોલ
-વળી પ્રફુલ્લ તે હોવા' કૃપાથી જાગ્યું તે ભાન.

જીવનની જાગૃતિએ ત્યાં ખરો શો ભાગ ભજવ્યો છે !
જીવનની ધ્યેયનિષ્ઠાથી હૃદયની જાગૃતિ તે છે !

જીવનની જાગૃતિએ તે જગાડી બુદ્ધિ દીધી છે,
સચેતન જ્યાં થતાં બુદ્ધિ, બધા ઉપાય જડતા તે.

જીવનની જાગૃતિએ શો મને જીવતો રખાવ્યો છે !
કૃપા પ્રત્યક્ષ એને મેં હૃદય માન્યા કરેલી છે.

હરિઃૐ

# જરા કંઈ જાગી ઊઠતાંમાં

જીવનમાં શી શી ચેષ્ટાઓ વિશે મુજથી પડાયું છે !
તહીં ગુલતાન, મશગૂલ થઈ કેવું જવાયું છે !

બીજી રીતે કશું સૂઝવું જહીં શક્ય જ જરા ના છે,
વણાતો બેવડો તેમાં ગયો પૂરેપૂરો શો જે !

તહીં ઠોકર જબરજસ્ત ખવાતાં, ભાન દિલ સહેજે
જરા કંઈ જાગી ઊઠતાંમાં, કંઈક બેઠું થવાયું છે.

થવાતાં કંઈક દિલ બેઠું, મતિ સાવધ થયેલી છે
-સફાચટ એકદમ કેવું પડ્યું અજવાળું મતિમાં તે.

હરિઃૐ

## જીવન એવા વિવેકે શો

'બધી રીતના જ ઝઘડામાં શું દરેકનું કશુંક પણ કૈં
-તહીં સાચું રહેલું છે !' હૃદય સમજણ પડેલી તે.

જીવનમાં કંઈક તાટસ્થ્ય ઊગી દિલ તે ગયેલું છે,
બધી સમજણ પડાવામાં મતિ ઉપયોગ લીધી છે.

તટસ્થતા જહીં જીવતી થયેલી ચેતનાત્મક છે,
શું સારાસારનો ઊંડો વિવેક ત્યાં પ્રસરતો છે !

જીવન એવા વિવેકે શો પૃથક્કરણ જ પરસ્પરનું
કરાવીને ઊંડું ઊંડે ખરું દર્શન કરાવ્યું શું !

હરિઃૐ

# ન પથથી હું ડગેલો જે

જીવન જીવવું કદીક મુજને અકારું ખૂબ લાગ્યું છે,
ચહ્યું એમાંથી જીવનને થવાને હેતુલક્ષી તે !

ભયંકર ઉગ્ર સંગ્રામ જીવનમાં જાગીને કેવો
-મને ડરાવવા ભારે થયેલા છે પ્રયત્નો સૌ.

છતાં ત્યારેય ટકી શકવા હૃદય હિંમત પૂરેલી **તેં**,
કઈ રીતે શકું ભૂલી ? જીવનમાં **તેં** ટકાવ્યો છે.

કંઈક વાર પડ્યો હેઠો છતાં ત્યાં ધ્યેયને સામે
-હૃદય પ્રત્યક્ષ જીવંતું ધરાયું, મોટી વાત જ તે.

સખત પરિશ્રમ કૃપાથી તો થયા મુજથી કરેલો છે,
ગમે તેવું થતાં તોયે ન પથથી હું ડગેલો જે.

હરિ:ૐ

## જીવનના છેક છેલ્લા દમ

જીવન મુકાબલા જબ્બર બહુ કરવા પડેલા છે,
જતાં હારી કદીક હિંમત, લથડિયાં ખૂબ ખાધાં છે.

છતાં પડતાં જ આખડતાં કદી ના યુદ્ધ છોડ્યું છે,
ઝઝૂમવા કેડ બાંધીને થયો તત્પર ફરી ફરીને.

જીવનની ધ્યેયનિષ્ઠાથી હૃદયબળ ઑર ફૂટ્યું છે,
મનોબળ દૃઢ અને મક્કમ શી ઇચ્છાશક્તિ જાગ્યાં છે !

જીવન પ્રત્યેક આફતમાં થયેલું ધૂંધળું શું તે !
જીવનના છેક છેલ્લા દમ સુધી લડવાનું રાખ્યું છે.

હરિ:ૐ

# સતત મથવાનું રાખ્યું છે

જીવનમાં કેટલી વાર **हरि** મુજ હાર શી થઈ છે !
પડ્યા છે હાથ મુજ હેઠા, ન નાખ્યા ગજ પહોંચ્યા છે.

છતાંયે ગડમથલ કરવી જીવન ના મૂકી દીધી છે,
કર્યા કરી ધમપછાડા શા ! સતત મથવાનું રાખ્યું છે.

ભલે હું હારતો હોઉં, છતાં મસ્તક ટટારીથી
-ઊંચું રાખી, જીવનધ્યેય ન ચૂકવા દીધું છે દિલથી.

થયા એવા પ્રયત્નોની જીવંતી હારમાળાથી
-ખબરદારીથી જીવનને લવાયું ઊર્ધ્વ નીચેથી.

હરિઃૐ

## સતત મથવું થયેલું છે

હતો બોથડ હું બચપણમાં પરંતુ માર ખાધાથી
-હૃદય ચાનક ચઢી મુજને શૂરાતન વ્યાપ્યું તે દિનથી.

જીવનમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ થવા, અભિલાષ જાગ્યો છે,
મહત્ત્વાકાંક્ષી થઈ તેવો સતત મથવું થયેલું છે.

જીવનશિક્ષણ વિશે ઊંડો ખરો રસ દિલ લાગ્યો છે,
હૃદય તેવા રસે કેવો મને આગળ ધપાવ્યો છે.

કદીક ઢીલો પડાતાંમાં તમન્ના દિલ જલતીએ
-કરી જીવનમાં ઉત્સાહિત નૂતન ભૂમિકા ઉગાડી છે !

હરિઃૐ

# બધું ત્યાં સભાનતાનું બળ

જીવનના ધ્યેયને જીવતું જીવન પ્રત્યક્ષ કરવાને
-નશો અલમસ્ત, મદમસ્ત પૂરેપૂરો ચઢેલો જે.

કદી પણ કલ્પનામાંયે ન આવે, તે રીતે મુજને
-જુદાં જુદાં જ સાધનમાં ઊંડો શો ઊતરાવ્યો છે !

પ્રકૃતિક્ષેત્રથી ઊલટું મનન ચિંતવન સતત ઊર્ધ્વે
-કરાવ્યાં દિલ કરાવીને તરતું રહેવા શિખાડ્યું છે.

કદીક તારોય જે ફક્કડ વમળના તે ફસામણમાં
-જતાં આવી ફસાતો છે, મહામુશ્કેલ તરવું ત્યાં.

પ્રસંગો તેવીએ રીતના જીવનમાં સાંપડેલા છે,
બધું ત્યાં સભાનતાનું બળ કૃપાથી કામ લાગ્યું છે.

હરિઃૐ

# જીવનમાં ગુણસમૃદ્ધિ

જીવનમાં ગુણસમૃદ્ધિ પૂરેપૂરી વિના પ્રગટ્યા,
પૂરો ઉઠાવ ચેતંતો થતો છે સાધનામાં ના.

સ્મરણ આદિ થતાં સાધન ગયાં તે જેમ જીવનમાં,
જીવનની ભક્તિ લાધ્યાથી ગુણો વિકસિત થયા કેવા !

ગુણોનો પાછો ઉપયોગ કર્યા કરવાથી જીવનમાં,
મળે જે સિદ્ધિ અનુપમ તે, શી સમજાય અનુભવમાં !

થવાને સ્વાશ્રયી જીવન હૃદયની પ્રેરણા મળી જે
-ટટારી ને ખબરદારી જીવન તેથી જ સાંપડી છે.

હરિ:ૐ

# હૃદય મર્દાનગી ઊછળે

મુસીબત, વિઘ્ન, મુશ્કેલી, જીવનના કોયડા વચ્ચે
-જીવન જીવવાની શી ખૂબી કળા અનુપમ અનોખાં છે !

સીધું, સીધું સરળ જીવવામહીં કોઈ મજા ના છે,
નર્યું જે હાડમારીનું જીવન જીવવું, ખમીર ત્યાં છે.

જીવન ઉત્પાતની વચ્ચે હૃદય મર્દાનગી ઊછળે,
જીવન જીવવાની તે મસ્તી ઊછળતા ધોધ જેવી છે.

જીવનના અટપટા પ્રશ્નો ભલે ઊગી નીકળતા છે,
છતાં ત્યાં પહાડના સરખો ઊભો, તે મર્દ બચ્ચો છે.

હરિઃૐ

## બઢવવાને ખમીરને છે

**हरि** વિના જીવનમાં તો નિવારે કોણ સંકટને !
છતાં નિવારવા સંકટ કરી ના પ્રાર્થના **हरि**ને.

મળ્યાં સંકટ, વિપત્તિ તે બઢવવાને ખમીરને છે,
હૃદયમાં સ્વસ્થતા, શાંતિ ટકી શકવા, મળેલાં તે.

મનાદિને જ કેળવવા જીવનમાં તે મળેલાં છે,
પરીક્ષા તે થવા કાજે મળેલાં ચકાસવા તે છે.

મળેલાં સંકટો, દુઃખો, વિપત્તિ, અડચણો વચ્ચે
-હૃદયના ભાવને સ્મરીને થયો ઉદ્યત બઢવવાને.

સહુથી મોખરે ભાવ જીવંતો દિલ રહે જ્યાં તે,
બીજું બધું સાવ ગૌણત્વ જરૂર ત્યાં પામતું રહે છે.

હરિ:ૐ

# જીવનમાં જાગતા રહેવા

જીવનમાં જાગતા રહેવા **હરિ**એ શો મથાવ્યો છે !
**હરિ**ને કેટલો શ્રમ મેં કરાવ્યો મુજ અર્થે છે !

ખબર પડતાં શરમ મુજને શી અપરંપાર જાગી છે !
વળી વળીને, સ્તવી સ્તવીને, **હરિ**ની માફી માગી છે.

બીજા કોઈની **હરિ** જેવી ન એવી ઉદારતા પણ છે,
કશા વાંક, ગુના, દોષ જ તણી સામે ન જોયું છે.

કૃપા તારી **હરિ** એવી થકી મુજથી જિવાયું છે,
પથે સંભાળી, સંભાળી મને કેવો ચલાવ્યો છે !

હરિઃૐ

## અભીપ્સા ઊર્ધ્વ જીવનની

જીવન ઊર્ધ્વ બઢવવાને તમન્ના દિલ ઉત્કટ જે
-શી ભડભડતી જ લાગેલી, મને તેણે ચગાવ્યો છે.

જૂના જીવનની ભૂમિકા બધીમાંથી છટકવાને
-મળ્યું બળ સર્વ, તેમાંથી થયા જે યત્ન ચઢવાને.

**हरि**ની ભાવના જેથી જીવન જલતી સતત રહે તે,
બધાં સાધન વિશે તેવાં બધુંએ દિલ પરોવ્યું છે.

અભીપ્સા ઊર્ધ્વ જીવનની શી ભડભડતી જ તેનાથી
-બધી શી વૃત્તિઓ જૂના જીવનની સૌ નકારાઈ.

હરિઃૐ

## તટસ્થ સાવ સંપૂર્ણ

જીવનના ઊર્ધ્વ પંથોની જુદી જુદી ભૂમિકાની
-શી ચેતનની અવસ્થાઓ જુદી જુદી જ તે રીતની.

છતાં પાછી બધીએ તે સ્વતંત્ર જ એકબીજાથી,
વળી દુનિયા જુદી જુદી અવસ્થાઓની પણ ત્યાં શી !

તટસ્થ સાવ સંપૂર્ણ જીવન પ્રગટી ગયેલું જ્યાં
-થયું સક્રિય જો હોય, બધું શું કામ લાગે ત્યાં.

જુદી જુદી ભૂમિકાના જીવનથીયે થવા નોખું,
તહીં શી તટસ્થતા વર્તે સબળ ત્યારે તરાવે શું !

હરિઃૐ

# અભીપ્સાને જ સળગેલી

જીવન જે ઊર્ધ્વ જ્યાં ચઢતાં જતાં ચઢતાં જીવનમાં તે
-ચઢાતાં એક ત્યાં કેંદ્રે પૂરું સ્થિત જ્યાં થવાતું છે,

તહીં તાટસ્થ્યનું બળ જે જીવન ઊગી ગયેલું છે,
જીવનની નિમ્ન ઈષણાઓ બળે તેવા ભગાડી છે.

અભીપ્સાને ખપે જે ના નર્યો ઇન્કાર કરી દે તે
-ઊગંતાં વાસ્તવિકતા તે, જીવનરણકાર જુદો છે.

થવાને ઊર્ધ્વ સ્વીકાર, નકાર નિમ્ન જીવનનો,
કૃપાથી ખ્યાલ જીવંતો જીવનનાં બેઉ પાસાંનો.

પરંતુ ત્યાં મહત્ત્વે છે જીવનનો ઝોક ઊર્ધ્વે તે,
અભીપ્સાને જ સળગેલી કૃપાએ શી રખાવી છે !

હરિઃૐ

# પછી તાટસ્થ્યનો શો ત્યાં

જીવનના ઊર્ધ્વના માર્ગે ચઢાતાંમાં, ચઢાતાંમાં
-મુલાયમતા ઊગે ઊર્ધ્વ, ઊગે સ્વીકાર ભૂમિકા.

પછીથી ઊર્ધ્વગમની જે હૃદયની પ્રેરણાઓ તે
-થઈ સક્રિય સૌ, તેવું જીવન વર્તાય શું મેળે !

ભૂલેચૂકે કદીક નિમ્ન થતાં વૃત્તિ, નકારાયે,
પરંતુ તે ભૂમિકામાં કશી ના શક્યતા તે છે.

ઝપાટાભેર જીવનમાં કૃપાથી તો ચઢાતું છે,
પછી તાટસ્થ્યનો શો ત્યાં થતો ના ભંગ કદી પણ તે !

થતી જ્યાં એવી ભૂમિકા પતનનો ભય પછી ના છે,
જીવનની નિમ્ન ભૂમિકા વિશે પછી ના પડાયે છે.

હરિઃૐ

## હૃદય સભાનતા જીવતી

જીવન ચઢતાં, જીવન ચઢતાં, શી ચેતનની જ સ્વાભાવિક
-હૃદય સભાનતા જીવતી જલંતી ઊગતી જીવન.

હૃદય સભાનતાનીયે શી ચઢઊતર થતી ત્યાં છે !
છતાં એકંદરે પાછી બુઝાઈ ના જતી તે છે.

જીવનની વાસ્તવિકતામાં બધાં પગલાં મુકાતાં જે
-બધી સ્થિરતા શી ચેતનની ભૂમિકામાં થતી તે તે !

પછીથી કૂદકે ભૂસકે જીવનમાં તો ચઢાતું છે,
અનુભવતાં કૃપા એવી હૃદય ઉત્સાહ મોરે છે.

હરિ:ૐ

# અભીપ્સા મસ્ત સળગેલી

**हरि, हरि** દિલ પોકારી થવાને શો છતો **हरि**ને
-અભીપ્સા મસ્ત સળગેલી હૃદય શું શું મથાવે છે !

મથાવીને, મથાવીને નવું નવું સત્ય નૌતમ જે,
જુદી જુદી ભૂમિકાનું હૃદય દર્શન કરાવે છે.


જુદી જુદી ભૂમિકાનાં બધાંએ સત્ય જુદાં છે,
હજીયે આગળ ને આગળ ક્યાં જવાનું છે, જવાનું છે.

હૃદયથી પ્રેરણા જે જે સ્ફુર્યા કરતી રહે છે જે
-પ્રમાણે વર્તવાથી તે અગાડી શું ધપાવે છે !

હરિઃૐ

# ખંડ - ૯

# પુરુષ ને પ્રકૃતિ



અનંત જ કાળથી કેવો **પુરુષ** ને પ્રકૃતિ સાથે
-જીવનસંબંધ નૈસર્ગિક પરસ્પરથી ઉભયને છે !

હરિઃૐ

# પ્રકૃતિની પડી પાછળ

પ્રકૃતિની પડી પાછળ સતત એને મથાવીને,
ટકોરીને ફરી ફરીને કર્યું સંકેલવાનું છે.

પ્રસરતાં પ્રકૃતિ વૃત્તિ કર્યું સંકોરવાનું તે,
ગરજ ઉત્કટના કારણથી શક્યું થઈ તેમ મુજથી તે.

છતાં તોયે પ્રકૃતિ નિજ પડેલી છંદ જે વિશે
-ફસાઈ શી જતી લાગે ! શું વારંવાર તે રમતે !

ફરી ફરી જાગૃતિથી હું મથું સમજાવવાને શો !
જીવન ઊર્ધ્વતણા રંગે શું પ્રેરાવે રસાવાને !

હરિઃૐ

# पुरुष ते प्रकृतिथी छे !

અનંત જ કાળથી કેવો **पुरुष**ને પ્રકૃતિ સાથે
-જીવનસંબંધ નૈસર્ગિક પરસ્પરથી ઉભયને છે.

**पुरुष** પોતે વડો તોયે સુષુપ્ત જ તે પડેલો છે,
પ્રકૃતિ મોખરે જે તે બધો વ્યવહાર ચલવે છે.

ન કંઈ બોલે ન ચાલે તે, કશો સહકાર ના દે છે,
ન દે છે સાથ પ્રકૃતિને, **पुरुष** છાનો શું એવો છે !

છતાં પોતે ન રંગાતો પ્રકૃતિના કશા રંગે,
અલિપ્ત ને તટસ્થ જ શો **पुरुष** તે પ્રકૃતિથી છે !

હરિ:ૐ

# પ્રકૃતિથી પુરુષ પોતે

**પુરુષ** સર્વોપરી તોયે શું છાનોમાનો બેઠો છે !
કશી લેવા ન દેવા છે, પ્રકૃતિ સાથ **એને** કૈં.

ગમે તેવા ભલેને છો પ્રકૃતિ પેંતરા, દાવ
-ઊંધાચત્તા જ તે ખેલે, અવળચંડા વળી કર્મ.

બધાં બંધન પૂરેપૂરાં પ્રકૃતિને જીવનમાં છે,
છતાં તેમાંનું લવલેશ **પુરુષ**ને તો ન વળગે છે.

પ્રકૃતિનો કશો સ્પર્શ **પુરુષ**ને કોઈ રીતથી ના,
પ્રકૃતિથી **પુરુષ** પોતે સ્વતંત્ર જ સાવ પોતામાં.

હરિઃૐ

# પ્રકૃતિથી નિરાળો છે

**पुरुष**ની આડખીલી કંઈ પ્રકૃતિને કશીય ના છે,
**पुरुष** શો શેષશાયીની સૂતેલો જેમ રહે છે તે.

પ્રકૃતિનાં વલણમાં તો કરે કંઈ ના ડખલગીરી **તે**,
જીવનમાં સર્વ રીતે જે સ્વતંત્ર મુક્ત પ્રકૃતિ છે.

ન એને રોકટોક જ છે, સલાહો, સૂચનો ના છે,
ન એને ચીંધવાપણું છે, બધું જ પોતે કરે જે તે.

પ્રકૃતિથી થતું જે જે અસર એની શી એને છે !
નર્યા સંસ્કારથી સજ્જડ જરૂર બંધાયેલી તે છે.

થયેલું પ્રકૃતિથી જે **पुरुष**ને તેનું બંધન ના,
પ્રકૃતિથી નિરાળો છે મુલક **पुरुष**નો રચનામાં.

હરિઃૐ

# પુરુષ કંઈ તેની સામુંયે

પ્રકૃતિ પ્રવૃત્તિ નિજની વિશે મશગૂલ પૂરી છે,
**પુરુષ** પોતે પડ્યો રહીને ન પ્રકૃતિમાં ભળે છે તે.

શી પ્રકૃતિ નિજમેળે તો બધી પ્રવૃત્તિ કરતી છે !
**પુરુષ** કંઈ તેની સામુંયે જરા સરખું ન જોતો છે.

પ્રવૃત્તિ નિજની કરવા પ્રકૃતિ સાવ મુક્ત જ છે,
**પુરુષ** મૂગો મૂગો પોતે નર્યો કેવો સમૂળગો છે !

પ્રકૃતિ મોખરે પૂરી જ જીવનમાં જ્યાં સુધી તે છે,
**પુરુષ** પણ ત્યાં સુધી કેવો શું સંપૂર્ણ જ અલગ તે છે !

હરિઃૐ

# पुरुषनो દેશ મૌલિક છે

શી બંધાયેલ પ્રકૃતિ છે ! વળી મર્યાદ પોતે છે,
પડેલા સર્વ સંસ્કારો શી દુનિયા પ્રકૃતિની તે !

ઉદયવર્તમાન સંસ્કાર જીવન જેમ થતા રહે છે,
શું પ્રકૃતિને વહેવાનો બધો પટ તે જીવનમાં છે !

બધીયે સારા નરસાની અસર છે પ્રકૃતિ વિશે,
પડે છાપ જ પ્રમાણે તે ગતિ શી એવી એની છે !

**पुरुष**માં કોઈ સંસ્કાર કશાના ના પ્રવર્તે છે,
પ્રકૃતિથી અલગ જુદો **पुरुष**નો દેશ મૌલિક છે.

હરિ:ૐ

# પુરુષ ચેતન સ્વરૂપે છે

ત્રિગુણાત્મક પ્રકૃતિ છે, પ્રકૃતિ દ્વંદ્વ ગુણની છે,
**પુરુષ** ગુણદ્વંદ્વથી પર છે, **પુરુષ** ચેતન સ્વરૂપે છે.

નરી જકડાયેલી કેવી પ્રકૃતિ બદ્ધ નિજની છે !
કશાથી કોઈ પણ રીતે **પુરુષ** બંધાયેલો ના છે.

સુષુપ્ત જ જે પડેલો છે, જીવનમાં મોખરે **એને**
-હૃદય પ્રગટાવવાકેરો અમે તો યજ્ઞ માંડ્યો છે.

જીવનના ઊર્ધ્વના ક્ષેત્રતણું ચિંતવન સતત હૃદયે
-થયા કરવાતણો ઊંડો હૃદય ઉન્માદ લાગ્યો છે.

હરિઃૐ

# પુરુષને મોખરે જીવન

**पुरुष**ને મોખરે જીવન પૂરો પ્રગટાવવા અર્થે
-મનન ચિંતવન પ્રકારે તે કર્યા કરવાનું સેવ્યું છે.

સ્મરણ, કીર્તન, ભજન ભાવ, નિવેદન ને સમર્પણ જે
-હૃદય સન્મુખતા સાધન કર્યા કીધાં અનેકે છે.

જીવનના ઊર્ધ્વના ક્ષેત્રતણું દિલ લક્ષ ધારીને
-સતત એમાં મનાદિને પરોવવા મથેલો જે.

વિષયના હાર્દમાં જેનું હૃદય એકાગ્ર ને કેંદ્રિત
-રહ્યા કરતું નિરંતર હો, કરી દે ધ્યેય સાકાર.

હરિઃૐ

# **પુરુષ છે મુક્ત નિર્લેપ**

પ્રકૃતિ દ્વંદ્વ ગુણાત્મક છે, **પુરુષ**માં દ્વંદ્વ ગુણ ના છે,
સ્વભાવે ને શું ગુણધર્મે પરસ્પર સાવ નોખાં છે !

**પુરુષ** છે મુક્ત નિર્લેપ, **પુરુષ** શું સાવ સાક્ષી છે !
પ્રકૃતિથી કદી પણ તે ન બંધાયેલ પોતે છે.

નિરાલંબ જ **પુરુષ** પૂર્ણ સ્વતંત્ર પ્રકૃતિથી છે,
કશાથી આવરાયે ના, **પુરુષ** એવો નિરાળો છે.

ભલે નિમિત્ત **પુરુષ**ને છો, છતાં નિમિત્તને વિશે
-**પુરુષ** નિમિત્તથી કોઈ રીતે જકડાયેલો ના છે.

હરિઃૐ

# મનડું લેતું ઘૂમરીઓ જે

શું ઉગ્ર વિચારવમળોમાં મનડું લેતું ઘૂમરીઓ જે,
જતું અટવાયા કેવું તે જરા ના શાંત બનતું છે !

થઈ સૂનમૂન સંપૂર્ણ થઈ કેવું ગયેલું તે !
નિરાંતે કે નથી જંપ જરા સરખોય એને તે.

દીવાના ને ધૂની એવા તરંગે તો ચઢી જઈને,
પડી પાછું, પછાડ્યા પગ શું ધરતી પર ! ખફા થઈને.

પડ્યા છે હાથ હેઠા જ્યાં, કશું જ્યારે ન ચાલ્યું છે,
ઉધામા સાવ ખાલી તે નછૂટકે છોડી દીધા છે.

હરિઃૐ

# સુઝાડ્યાં જે મને સાધન

મને શો રંગવાકેરો જીવનધંધો મળેલો છે !
દીપાવી તે શક્યો, તેનો ખરો યશ સર્વ **तुजने** છે.

સુઝાડ્યાં જે મને સાધન બરાબર તે કરેલાં છે,
નથી પાછી કરી પાની, ખબરદારીથી વર્ત્યો જે.

ચઢવવાને હૃદય રંગ, જૂનો વ્યાપેલ જે મેલ
-પૂરો શો ધોઈ દેવાને પૂરેપૂરો મથ્યો દિલ.

નર્યું બગલાતણી પાંખ સમું તે સ્વચ્છ ને શ્વેત
-બનવતાં, શો પછી જ રંગ ચઢેલો મસ્ત સંપૂર્ણ.

હું તો શો એક બાજુથી ચઢે રંગ **हरि**નો તે
-મથ્યો પૂરો, બીજી બાજુ થવા સ્વચ્છ જ મથાયું છે.

હરિ:ૐ

## પ્રકૃતિનાં બધાં દ્વંદ્વો

જીવનમાં સત્ અસત્ વચ્ચે મહાસંગ્રામ વ્યાપેલો,
જીવનમાં પક્ષપાત જ શો હૃદય સત્‌ની પરત્વેનો !

પરંતુ ઈશ્વરી જ તત્ત્વતણો અનુભવ થતાં હૃદયે,
પ્રકૃતિનાં બધાં દ્વંદ્વોતણું રહસ્ય થયું છતું છે.

બધાંમાંયે શું ખેલંતો **हरि** રસથી જ મહાલે છે !
પ્રકૃતિનું સ્વરૂપ ઉપલું થતું અદૃશ્ય લાગે છે.

હૃદયમાં ભાવઆનંદ સભર રસથી છલોછલ છે,
જીવન તે મહાલવાકેરી કૃપાની કેવી બક્ષિસ છે !

હરિઃૐ

## સતત અભ્યાસમાં ચહીને

સતત અભ્યાસમાં ચહીને હૃદય પ્રેરાઈ ઉમળકે,
ઊંધું ઘાલી જ અભ્યાસે અમે તો ઝંપલાવ્યું છે.

નશો જે ઝંપલાવાનો, હૃદય તેથી ઝનૂન જે છે,
વિના અનુભવ, કશું કોઈને મતિમાં ખ્યાલ ના'વે તે.

થયું છો એકદમ ના તે શરૂમાં ઝંપલાવાનું,
કંઈક જ્યાં ભાવ લાગંતાં, હૃદયથી ઝંપલાવાયું.

જીવનઆનંદ શો ન્યારો હૃદય પડવા જ લાગ્યો છે !
પછીનો ભવ્ય ઈતિહાસ અનુભવનો નિરાળો છે.

હરિઃૐ

# હૃદયનું પ્રાર્થના સાધન

**हरि**માં ને **हरि**માં તો દીધું જીવન પરોવી તે,
જીવન એકાગ્ર ને કેંદ્રિત થતાં, દિલ ભાવ મોર્યો છે.

પ્રથમ સાધન સ્મરણનાથી, ભજનકીર્તન મળેલાં છે,
હૃદયનું પ્રાર્થના સાધન શું ફળવા દિલ લાગ્યું છે !

પછીથી દિલ સન્મુખતા, નિવેદન ને સમર્પણનાં
-ઊગ્યાં સાધન, થયેલાં તે ઉમળકાભેર શાં દિલમાં !

અનેરો ભાવનો જુસ્સો નર્યો વંટોળિયો મસ્ત
-જીવનમાં ઊડી ઊડીને જીવનને શું કર્યું સ્વચ્છ !

હરિઃૐ

## હૃદયની પ્રાર્થનાનો શો

મનાદિ જ્યાં વળેલાં છે, **हरि**ગમનાં બધી રીતે,
જૂના જીવનનાં વલણોને પછી ના યાદ કરતાં તે.

ચઢાતાંયે જીવન ઊર્ધ્વે ભૂમિકા સૂક્ષ્મથી સૂક્ષ્મ
-ઊગી આવે, વિશે તે તે રખાવે શો **हरि** જ સ્થિત !

ગરક સંપૂર્ણ એવી તે ભૂમિકામાં થવાતું છે,
તહીં તટસ્થતા પાછી જગાડે આપમેળે તે.

હૃદયની પ્રાર્થનાનો શો ભૂમિકામાં સહારો તે
-લીધા કેવો કરેલો છે ! ન કહેવાયે બધો મુખે.

હરિઃૐ

# अहं મોળું પડ્યા વિના

‘**अहं** મોળું પડ્યા વિના બધા આગ્રહ જતા રહેવા
-નર્યું લાગ્યું અશક્ય જ તે,’ વિચાર્યું તે વિશે દિલમાં.

**अहं**ને પાડવા મોળું, હૃદયનો ભાવ જીવનમાં
-બઢાવાનું ખરું સાધન કૃપાથી લાધિયું દિલમાં.

જુદાં જુદાં ઊગ્યાં સાધન થકી, ભક્તિ દૃઢવવામાં
-કૃપાથી દિલ મથાવાથી, હૃદયઝરણું ફૂટેલું ત્યાં.

ફૂટેલું ભક્તિઝરણું જ્યાં વહેવા મસ્ત લાગ્યું છે,
**अहं** મોળું જ પડવા તે સહજ લાગી ગયેલું છે.

હરિઃૐ

## શું શરણાગત થવાયું છે !

ઊગ્યાં સાધન થયાં કરતાં હૃદયના ભાવનું ઝરણું
-ફૂટેલું શું સહજમેળે ! મહાનદમાં ભળેલું શું !

હૃદયમાં સ્ફુરતાં ભક્તિ **હરિ**પદ જ્યાં ઢળાયું છે,
શરણ કેવી રીતે મુજથી અચાનક થઈ જવાયું છે !

કશું શરણાગતિકેરું જીવંતું ભાન કોઈ રીતે
-હૃદયના ભાવના વહેણે હૃદય ત્યારે રહ્યું ના છે.

ચપોચપ આપમેળેયે શું શરણાગત થવાયું છે !
કૃપાલીલા ખરેખર શી ! અજાણ્યું થઈ ગયું છે તે !

**॥ હરિઃૐ ॥**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.